ignou THE PEOPLE'S UNIVERSITY ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી

BAOU Education for all ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

દ્વિતીય વર્ષ બી.એ.

ઈતિહાસ : પેપર - ૦૩

# ભારતનો ઈતિહાસ

(ઈ.સ.૮મી થી ઈ.સ.૧૩મી સદી સુધી)

(મુખ્ય વિષય તથા ગૌણ)

વિભાગ

# 3

## ભારતીય પ્રાદેશિક રાજ્યતંત્ર : 8મીથી 13મી સદી

## (Indian Polity in Its Regional Variations : 8th to 13th Century)

એકમ 8

પ્રાદેશિક રાજકારણનું સ્વરૂપ (Nature of Regional Politics) 8

એકમ 9

ઉત્તર અને પૂર્વ ભારત (Northern and Eastern India) 20

એકમ 10

પશ્ચિમ અને મધ્ય ભારત (Western and Central India) 32

એકમ 11

દખ્ખણ (The Deccan) 44

એકમ 12

દક્ષિણ ભારત (South India) 57

કેટલાંક ઉપયોગી પુસ્તકો (Some Useful Books) 67

## Expert Committee

Prof. K.N. Panikkar *(Chairman)*
Prof. B.D. Chattopadhyaya
Prof. S. Bhattacharya
Centre for Historical Studies
Jawaharlal Nehru University
New Delhi

Prof. Dwijendra Tripathi
Indian Institute of Management
Ahmedabad

Prof. A.J. Syed
History Department
Bombay University
Bombay

Prof. Gyan Pandey
History Department
Delhi University
Delhi

Prof. Sudhir Chandra
Centre for Social Studies
Surat

Prof. Anirudha Ray
Department of Islamic History
and Culture
Calcutta University
Calcutta

Dr. Aloka Parashar Sen
History Department
University of Hyderabad
Hyderabad

Dr. A.R. Khan
Dr. Kapil Kumar *(Convener)*
IGNOU

## Course Team

Dr. Kapil Kumar

Dr. Abha Singh

Ms. Mira Rai

Ms. Sangeeta Pandey
Dr. A.R. Khan } *(Course Co-ordinators)*

## Block Preparation Team

| | Contributors | IGNOU Faculty |
|---|---|---|
| Units 8 and 9 | Mr. Mritunjay Kumar<br>History Department<br>Bhagat Singh College<br>Delhi University, Delhi<br>and<br>Prof. K.M. Shrimali<br>History Department<br>Delhi University, Delhi | Ms. Mira Rai<br>and<br>Dr. A.R. Khan |
| Units 10 and 11 | Dr. Ashok Shetter<br>Karnataka University<br>Dharwad | Dr. Kapil Kumar<br>and<br>Ms. Mira Rai |
| Unit12 | Prof. R. Champaklakshmi<br>Centre for Historical Studies<br>Jawaharlal Nehru University<br>New Delhi | Dr. A.R. Khan |

**Course Editor :**
Prof. K.M. Shrimali
History Department
Delhi University
Delhi

**Block Co-ordinator :**
Dr. Kapil Kumar



આ પુસ્તિકામાંની અભ્યાસ-સામગ્રી મૂળે ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી,
નવી દિલ્હી, દ્વારા તૈયાર કરાવવામાં આવી છે. તેની સંમતિથી
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (અમદાવાદ)એ
તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.



*© Indira Gandhi National Open University.*

*All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means, without permission in writing from the Indira Gandhi National Open University.*

**અનુવાદ :**

| | |
|---|---|
| પ્રો. દેવેન્દ્ર વી. ભટ્ટ | નિવૃત્ત પ્રાધ્યાપક (ઇતિહાસ), ગુજરાત કૉલેજ, અમદાવાદ |

**પરામર્શ (વિષય) :**

| | |
|---|---|
| પ્રો. કે. સી. બારોટ | પ્રાધ્યાપક, એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ |

**પરામર્શ (ભાષા) :**

| | |
|---|---|
| ડૉ. એન. એસ. પઢિયાર | પ્રાધ્યાપક, એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ |

**સંપાદન અને સંયોજન :**

| | |
|---|---|
| ડૉ. પી. કે. મહેતા | નિયામક, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ - 380 003 |

**સંયોજન સહાય :**

| | |
|---|---|
| શ્રી એસ. એચ. બારોટ | મદદનીશ કુલસચિવ |
| શ્રી ડી. આઈ. શાસ્ત્રી | કાર્યાલય અધીક્ષક |
| | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ - 380 003 |

**પ્રકાશક**
**કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**
**"જ્યોતિર્મય" પરિસર, શ્રી બાલાજી મંદિર સામે, સરખેજ-ગાંધીનગર હાઈ-વે, છારોડી, અમદાવાદ-૩૮૨૪૮૧**
**શ્ર સર્વ હક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃ મુદ્રિત કરવાની મનાઈ છે.**

# વિભાગ 3 ભારતીય પ્રાદેશિક રાજ્યતંત્ર : 8મીથી 13મી સદી (Indian Polity in Its Regional Variations : 8th to 13th Century)

8મીથી 13મી સદીઓ વચ્ચેના (પૂર્વ મધ્યકાલીન) સમય દરમિયાન ભારતના લોકોની જીવનપદ્ધતિમાં અસાધારણ પરિવર્તનો આવ્યાં. આ અભ્યાસક્રમના **વિભાગ 1**માં ભારતના લોકોની ઇચ્છાઓ, આકાંક્ષાઓ, સિદ્ધિઓ અને ક્ષતિઓ તથા હાનિઓનું પણ નિરૂપણ કરવામાં આવ્યું છે. જ્યારે આ બધી ઘટનાઓનો સામાજિક-આર્થિક તરાહ ઉપર અને વિચારસરણીઓના માળખા ઉપર પડેલો પ્રભાવ, એ આ અભ્યાસક્રમના **વિભાગ 2**નો વિષય હતો. રાજ્યતંત્રનો અભ્યાસ રાજસત્તાએ કઈ રીતે વિવિધ સામાજિક-આર્થિક જૂથો ઉપર પોતાનો અંકુશ જમાવ્યો ? તથા તે અંકુશ જાળવી રાખવા માટે તેણે પોતાનાં સંસાધનોને કઈ રીતે એકત્રિત કર્યાં, વિકસાવ્યાં અને તેમની વહેંચણી કરી ? એ બધા પ્રશ્નોને અળગા રાખીને થઈ શકે નહીં. તે દૃષ્ટિએ આ **વિભાગ 3** એ આગળના વિભાગનું જ (જે રીતે સિદ્ધાંતમાંથી ઉપસિદ્ધાંત ફલિત થાય તે રીતે) સ્વાભાવિક ફલિત-સ્વરૂપ ગણાય.

રાજસત્તા સમાજનાં અન્ય પાસાંઓ અને સ્તરો સાથે એક યા બીજી રીતે સંબંધિત હોય છે જ. તેમ છતાં અત્યાર સુધી ભારતીય રાજ્યતંત્રના અભ્યાસમાં મુખ્યત્વે શાસનકર્તા રાજવંશોની વંશાવળીઓ અને રાજાઓના શાસનકાળ દરમિયાન સમયાનુક્રમ પ્રમાણે બનેલી ઘટનાઓ - એ બે ઉપર જ ભાર મૂકવામાં આવ્યો છે. વાસ્તવમાં, રાજવંશોમાં થયેલા ફેરફારોને જ રાજ્યતંત્રના પરિવર્તન તરીકે ગણી લેવાનું વલણ રાખવામાં આવ્યું છે. આ પ્રકારનો અભ્યાસ તો અધૂરો જ ગણાય. આથી જ હવે રાજ્યતંત્રના અભ્યાસમાં રાજ્યની રચના, રાજ્યતંત્રનું માળખું, સત્તા અને રાજ્યના અંકુશનું સ્વરૂપ વગેરે વગેરે બાબતો ઉપર પણ યોગ્ય ધ્યાન આપવાનું શરૂ થયું છે. વળી, ભારતના વિવિધ પ્રદેશોમાં સ્થપાયેલાં પ્રાદેશિક રાજકીય સંગઠનોનો પણ અત્યાર સુધી પૂરતો અભ્યાસ થયો નથી. પરિણામે, આ બધી બાબતોને ધ્યાનમા રાખીને આ વિભાગમાં નીચે પ્રમાણેના પાંચ એકમોમાં અત્યાર સુધીના અભ્યાસોની ઊણપો પૂરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

**એકમ 8**માં દેશના મુખ્ય પ્રદેશોમાં બનેલી મહત્ત્વની રાજકીય ઘટનાઓના આધારે ભારતીય રાજ્યતંત્રનાં અંગોનો પરિચય કરાવવામાં આવ્યો છે. તેમાં 'પ્રાદેશિક રાજ્યતંત્ર' ઉપર પણ ધ્યાન આપવામાં આવ્યું છે.

**એકમ 9**માં આગળના એકમમાં શરૂ કરવામાં આવેલી સૈદ્ધાન્તિક ચર્ચાના પ્રકાશમાં ઉત્તર અને પૂર્વ ભારતના રાજ્યતંત્રના સ્વરૂપનો પરિચય કરાવવામાં આવ્યો છે. આ પ્રદેશોમાં રાજસત્તાના માળખાનું થયેલું પુનર્ગઠન કહેવાતી મધ્યસ્થ રાજાશાહીની મર્યાદાઓને છતી કરે છે અને ભૂમિમાલિકીની નવી તરાહના સંદર્ભમાં વહીવટી તથા મહેસૂલી સત્તાઓની વહેંચણી વિશેનો અભ્યાસ કરવાની જરૂર અંગે સૂચન કરે છે. આ એકમના અંતભાગમાં સામંતશાહી વ્યવસ્થાના સંબંધમાં રાજ્યતંત્રનાં વિશિષ્ટ લક્ષણો આપવામાં આવ્યાં છે.

**એકમ 10**માં પશ્ચિમ તથા મધ્ય ભારતમાં સ્થાનિક રાજ્યોના ઉદ્ભવનાં ઉદાહરણો આપવામાં આવ્યાં છે. ઉત્તર ભારત તથા પૂર્વ ભારત કરતાં અહીં, કંઈ નહીં તો આ વિસ્તારના કેટલાક પ્રદેશોમાં, વંશપરંપરાની પ્રથાની અસર વધારે પ્રમાણમાં જોવા મળે છે. તેમ છતાં બધી જગ્યાએ જમીનમાલિકીનું તત્ત્વ તો સામાન્ય છે જ અને ભૌતિક આધારનું આ સામાન્ય તત્ત્વ પશ્ચિમ અને મધ્ય ભારતનાં રાજ્યતંત્રોને ઉત્તર તથા પૂર્વ ભારતનાં રાજ્યતંત્રોની નજીક લાવી દે છે.

**એકમ 11**ને તેની અગાઉના એકમ 10નો પૂરક ગણી શકાય. આ એકમમાં આ સમયના દખ્ખણના રાજકીય માળખાનાં અગત્યનાં વલણો ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો છે. એમાં સ્થાનિક રાજ્યોના ઉદ્ભવમાં વંશપરંપરા અને ભૂમિઅધિકારો જેવાં પરિબળોની ભૂમિકા દર્શાવવાનો પણ પ્રયત્ન કરવામાં આવ્યો છે. તે ઉપરાંત અહીં વિવિધ સત્તાસ્તરોના એકીકરણના સ્વરૂપ અંગે પણ ચર્ચા કરવામાં આવી છે.

છેલ્લે, **એકમ 12**માં પૂર્વ મધ્યકાલીન ભારતમાં રાજ્યતંત્રની એક અન્ય પ્રાદેશિક ભિન્નતાનો પરિચય કરાવવામાં આવ્યો છે. આ પ્રાદેશિક રાજ્યતંત્ર એટલે તામિલનાડુનું બૃહદ્-પ્રાદેશિક રાજ્ય. તેના વિકાસના ઇતિહાસમાં છઠ્ઠી સદીની પલ્લવસત્તાથી માંડીને 13મી સદીની ચોલસત્તા સુધીના વિકાસનો, તેનાં વિશિષ્ટ રાજકીય-સાંસ્કૃતિક લક્ષણો સહિત, સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત અહીંના વહીવટી તંત્રના જુદાં જુદાં સ્તરોનો પણ, સામાજિક તથા આર્થિક આધારો ઉપર યોગ્ય ભાર સાથે, પરિચય કરાવાયો છે. ઉપરાંત, દક્ષિણ ભારતીય રાજ્યતત્રના વિચારસરણીય-આધાર વિશે પણ ઇશારો કરવામાં આવ્યો છે.

**ઋણસ્વીકાર** : આ વિભાગમાં 'ઇન્ડિયન આર્કિયોલૉજી, એ સર્વે' નામના સામયિકમાં આપેલા ફોટાઓનો ઉપયોગ કરવાની મંજૂરી માટે અમે 'આર્કિયોલૉજિકલ સર્વે ઓફ ઇન્ડિયા'ના આભારી છીએ.

# એકમ 8 પ્રાદેશિક રાજકારણનું સ્વરૂપ (Nature of Regional Politics)

## રૂપરેખા


8.0 પ્રસ્તાવના
8.1 મુખ્ય રાજકીય ઘટનાઓ
  8.1.1 ઉત્તર અને પૂર્વ ભારત
  8.1.2 પશ્ચિમ અને મધ્ય ભારત
  8.1.3 દખ્ખણ
  8.1.4 દક્ષિણ ભારત
8.2 8મીથી 13મી સદી દરમિયાન ભારતીય રાજ્યતંત્રનું સ્વરૂપ
  8.2.1 સામંતશાહી રાજ્યતંત્ર
  8.2.2 કેન્દ્રોત્સર્ગી રાજ્ય
  8.2.3 કેન્દ્રગામી રાજ્યતંત્ર
8.3 સારાંશ
8.4 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો
8.5 ચાવીરૂપ શબ્દો


## 8.0 પ્રસ્તાવના

આ એકમમાં મુખ્ય રાજકીય ઘટનાઓના આલેખન દ્વારા ભારતીય રાજ્યતંત્રનાં મહત્ત્વનાં અંગોનો પરિચય કરાવવામાં આવ્યો છે. આ માટે સમગ્ર દેશને વિવિધ પ્રદેશોમાં કે વિસ્તારોમાં વહેંચી દેવામાં આવ્યો છે. આ સાથે આ સમયે ભારતની વાયવ્ય સરહદે (પશ્ચિમ અને મધ્ય એશિયામાં) બનેલા બનાવોના ભારતના રાજકીય તખ્તા ઉપર પડેલા પ્રભાવને પણ નોંધવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આમ છતાં, આ એકમનો મુખ્ય ભાર તો પ્રાદેશિક રાજકારણના સ્વરૂપને સમજવાનો અને તે દ્વારા ભારતીય રાજ્યતંત્રની વિશિષ્ટતાઓને પ્રકાશમાં લાવવા ઉપર જ રહ્યો છે.
રાજ્યતંત્રનો અભ્યાસ સત્તાનું સ્વરૂપ, તેનું સંગઠન અને વહેંચણી વગેરેનું પૃથક્કરણ માગી લે છે. વળી, પ્રદેશે પ્રદેશે રાજકીયતંત્ર (માળખા)નો આકાર, આર્થિક તથા ભૌગોલિક પરિબળોને કારણે જુદો જુદો હોય છે, જેનો પણ અભ્યાસ કરવો પડે તેમ છે. ભારતમાં 8મીથી 13મં સદી સુધીનો સમય માત્ર આર્થિક ઘટનાઓ (જુઓ વિભાગ 1)ને કારણે જ નહીં, પરંતુ રાજકીય ઘટનાઓ કે પ્રક્રિયાઓને કારણે પણ, અતિ મહત્ત્વનો હતો. દેશના જુદા જુદા પ્રદેશોમાં આવી રાજકીય પ્રક્રિયાઓના સંદર્ભમાં જ આ સમયના રાજ્યતંત્રના સ્વરૂપને વધારે સારી રીતે સમજી શકાય તેમ છે, અને તેથી જ તેનાથી આપણે શરૂઆત કરીએ.

## 8.1 મુખ્ય રાજકીય ઘટનાઓ (Major Political Developments)

આ સમયની મુખ્ય રાજકીય ઘટનાઓનો અભ્યાસ ભારતને ઉત્તર, પૂર્વ, મધ્ય, પશ્ચિમ અને દક્ષિણ – એમ પાંચ વિશાળ પ્રદેશોમાં વહેંચીને કરી શકાય. આ ઉપરાંત આ માટે 'દખ્ખણ'ને પણ એક વધારાના પ્રદેશ તરીકે લઈ શકાય.

### 8.1.1 ઉત્તર અને પૂર્વ ભારત (Northern and Eastern India)

આ વિભાગમાં આપણે ઉત્તર અને પૂર્વ ભારતના અગત્યના પ્રદેશોની ચર્ચા કરીશું.

**(i) કાશ્મીર :**

આ સમય દરમિયાન કાશ્મીર મુખ્યત્વે આંતરિક રાજકારણમાં જ ગૂંચવાયેલું રહ્યું હતું; તેમ છતાં ક્યારેક તે ઉત્તર ભારતના રાજકારણમાં પણ પોતાની હાજરી પુરાવી લેતું ખરું. આ સમયે કાશ્મીરમાં કર્કોટ, ઉત્પલ અને બે લોહાર વંશોનાં શાસનો રહ્યાં હતાં. કર્કોટ વંશનો રાજા **લલિતાદિત્ય મુક્તાપીડ**

(ઈ.સ. 724-760) કાશ્મીરનો સૌથી મહાન રાજવી ગણાય છે. તેણે કનોજનો કેટલોક પ્રદેશ તથા તિબેટનો પણ થોડો પ્રદેશ જીત્યો હતો. કર્કોટ વંશના રાજવીઓએ રાજ્યમાં કૂવા, તળાવ, બંધ વગેરે સિંચાઈ કાર્યો સારા પ્રમાણમાં કરાવ્યાં હતાં, જેને પરિણામે આ પ્રદેશની ઘણી ભૂમિ કૃષિ નીચે લાવી શકાઈ. 10મી સદી પછી કાશ્મીરના રાજકારણમાં નવું તત્ત્વ ઉમેરાયું. આ સમયના રાજાઓ વધારે મહત્ત્વાકાંક્ષી હતા અને તેઓ પગારદાર લશ્કરની ભરતી કરવા લાગ્યા હતા. પરંતુ તેમની મહત્ત્વાકાંક્ષા, ત્રાસદાયક કરવેરા અને પગારદાર લશ્કર - એ બધાંએ કાશ્મીરના સામાન્ય લોકોના જીવનને દુ:ખમય અને રાજકારણને અસ્થિર બનાવ્યું. ઈ.સ. 1000થી 1300 સુધીમાં અહીં લગભગ 20 જેટલા રાજવીઓએ શાસન કર્યું. તેમાંના લોહાર વંશની રાણી દીદ્દા રાજા સંગ્રામરાય, કલશ, હર્ષ, જયસિંહ દેવ વગેરે રાજાઓ ખરેખર શક્તિશાળી હતા. (રાજા જયસિંહદેવના સમયમાં જ કવિ કલ્હણે કાશ્મીરના ઇતિહાસનું નિરૂપણ કરતી 'રાજતરંગિણિ' નામની કાવ્યકૃતિ રચી હતી.) પરંતુ તેમના સિવાયના મોટા ભાગના શાસકો મુઠ્ઠીભર શક્તિશાળી પુરોહિતોના તથા **'ડામર'** તરીકે ઓળખાતા મહત્ત્વાકાંક્ષી સામંતશાહી જૂથોના હાથનાં રમકડાં જેવા હતા. તે ઉપરાંત પુરોહિતો અને 'ડામરો' વચ્ચે પણ રાજ્યમાં સત્તા હાથ કરવા માટે અંદરોઅંદર સંઘર્ષો થયા કરતા. આ બધાંને કારણે કાશ્મીરનું આંતરિક રાજકારણ ઘણું અસ્થિર બન્યું હતું.

### (ii) ગંગાખીણનો પ્રદેશ - કનોજનું રાજ્ય :

ગંગાખીણના પ્રદેશમાં કનોજ તેના વ્યૂહાત્મક તેમ જ ભૌગોલિક સ્થાનને કારણે ઉત્તર ભારતની રાજકીયસત્તાનું ગુરુત્વ મધ્યબિંદુ બન્યું હતું. તેના રાજકીય મહત્ત્વને કારણે તે **'મહોદય'** તરીકે અને તેની સમૃદ્ધિ **'મહોદયશ્રી'** તરીકે ઓળખાતી. તે ગંગા-યમુનાના દોઆબ પ્રદેશમાં આવેલું હોઈને તેની સહેલાઈથી કિલ્લેબંદી થઈ શકે તેમ હતી. વળી, આ દોઆબ અત્યંત ફળદ્રુપ પ્રદેશ હતો અને જેનો કનોજ ઉપર અંકુશ હોય તેનો આ દોઆબના પૂર્વ અને પશ્ચિમના - બંને બાજુઓના પ્રદેશો ઉપર અંકુશ રહે તેમ હતો. તેને કારણે આ સદીઓ દરમિયાન કનોજ ઉપર પ્રભુત્વ મેળવવા માટે ભારતની ત્રણ શક્તિશાળી રાજસત્તાઓ - પાલ (બંગાળ), પ્રતિહાર (ગુજરાત સહિતનું પશ્ચિમ ભારત) અને રાષ્ટ્રકૂટો (દખ્ખણ) વચ્ચે વારંવાર સંઘર્ષો થયા કરતા, જેને પરિણામે આ ત્રણેય રાજ્યોની રાજકીય સરહદો પણ વારંવાર બદલાતી રહેતી. ટૂંકમાં, આ સમયના ઉત્તર ભારતના રાજકારણનું ચાલક પરિબળ કનોજ હતું, તેમ કહેવામાં અતિશયોક્તિ નથી.


### (iii) બિહાર અને બંગાળ :

બિહાર અને બંગાળ ઉપર પાલ રાજવંશનું શાસન હતું. પાલવંશના સ્થાપક **ગોપાલે** આઠમી સદીમાં બંગાળમાં પ્રવર્તતી **'મત્સ્ય ન્યાય'**ની સ્થિતિ (અર્થાત્ રાજકીય અંધાધૂંધી અને અસ્થિરતા) નિવારી, સ્થિરતા આણી. તેના વંશજ રાજા **ધર્મપાલે** કનોજ જીત્યું, પરંતુ તે લાંબા સમય સુધી કનોજ ઉપર સ્વામિત્વ ભોગવી શક્યો નહીં. કનોજની દિશાએથી પાછા પડ્યા પછી પાલ શાસકોએ પોતાનું ધ્યાન પૂર્વમાં આસામ તરફ કેન્દ્રિત કર્યું અને રાજા **દેવપાલે** આસામના પાટનગર **પ્રાગ્જ્યોતિષપુર**ને જીત્યું. નેપાલે પણ તેનું સાર્વભૌમત્વ સ્વીકાર્યું હતું. દેવપાલ પછીના પાલ રાજાઓએ ઉત્તર ભારતના રાજકારણમાં ખાસ ભાગ ભજવ્યો નથી (જોકે બંગાળમાં તેમનું શાસન 13મી સદીના પૂર્વાર્ધ સુધી રહ્યું હતું). પાલ રાજ્યતંત્ર રાજાશાહી પ્રકારનું હોવા છતાં તેમાં રાજાના સીધા શાસન નીચેના પ્રદેશો ઉપરાંત સામંતો દ્વારા (લગભગ સ્વતંત્ર કહી શકાય તેવા) શાસિત પ્રદેશો પણ હતા. પાલવંશના છેલ્લા શક્તિશાળી રાજવી **રામપાલે** (ઈ.સ. 1080-1122) સામંત ઉપર અંકુશ રાખવા માટે **ઉપરિક** નામના અધિકારીની નિમણૂક કરી હતી તથા **સામંતચક્ર** (સામંતોના પ્રદેશનું વર્તુળ) નામના જિલ્લાઓ (વિષય)ની પણ રચના કરી હતી. તેના સમયમાં **કૈવર્તો**નો ખેડૂત-બળવો થયો હતો. 12મી સદીમાં પાલવંશના અસ્ત પછી તેમના જ એક સેન નામના સામંતે પોતાના **સેનવંશ** નામના સ્વતંત્ર રાજવંશની સ્થાપના કરી હતી. સેનવંશના શાસકોમાં **વિજયસેન** અને **બલ્લાવસેન** શક્તિશાળી હતા. આ વંશના છેલ્લા શાસક **લક્ષ્મણસેન**ને ઈ.સ. 1200માં દિલ્હીના મુસ્લિમ સેનાપતિ બખત્યાર ખિલજીએ હરાવી, બંગાળમાં મુસ્લિમ સત્તાની સ્થાપના કરી. પ્રખ્યાત 'ગીતગોવિંદ' કાવ્યનો રચયિતા કવિ જયદેવ આ લક્ષ્મણસેનના દરબારનું રત્ન હતો.

### (iv) આસામ

આ સમયે આસામમાં રાજ્યતંત્ર વિકાસશીલ દશામાં અર્થાત્ સંક્રાન્તિ દશામાં હતું. 7મી સદી સુધીમાં અહીં **સાલમ્ભવંશ**ના શાસકો (તેમના નામને છેડે 'વર્મન્' શબ્દ આવતો, તેથી તેઓ

'વર્મન્' શાસકો પણ કહેવાય છે.) શક્તિશાળી બન્યા અને તેમણે બ્રહ્મપુત્રા ખીણના જુદા જુદા પ્રદેશોને ભૌગોલિક તથા રાજકીય રીતે સંગઠિત કરી, તેમાંથી **'કામરુપ'** રાજ્યનું નિર્માણ કર્યું. સમ્રાટ હર્ષનો સમકાલીન **ભાસ્કરવર્મન** આ કામરુપ રાજ્યનો શક્તિશાળી રાજવી હતો. વર્મન શાસકોએ બ્રાહ્મણોને પુષ્કળ ભૂમિદાનો આપ્યાં, જેને પરિણામે આસામમાં કૃષિનો વિકાસ થયો અને આદિવાસી જાતિઓને પણ વર્મનોએ સ્થાપેલી નવી રાજ્ય પ્રણાલીમાં સમાવી શકાઈ. વર્મનોએ સિંચાઈ કાર્યો (મુખ્યત્વે નદી ઉપરના બંધો)ને વેગ આપ્યો, જેથી ચોખાની ખેતીનો વિકાસ થઈ શક્યો. વર્મન્ શાસકો પછીના રાજવીઓએ પણ બ્રાહ્મણોને તથા ધાર્મિક સંસ્થાઓને ભૂમિદાનો આપવાની વર્મનોની પ્રણાલિકા ચાલુ રાખી. પાછળથી જ્યારે આસામ બંગાળના પાલવંશના આધિપત્ય નીચે આવ્યું, ત્યારે પાલ શાસકોએ પણ આ દાન પ્રણાલી ચાલુ રાખી હતી. આ સમયના આસામના અભિલેખોમાં **રાજા, રાજ્ઞી, રાજપુત્ર, રાજન્યક, રાણક** જેવા શબ્દો આવે છે, તે ઉપરથી અહીં ચડતા-ઊતરતા હોદ્દાઓવાળી સામંતશાહી પ્રણાલી પ્રવર્તતી હશે તેમ લાગે છે.



1. કોણાર્કના સૂર્યમંદિરનો ગંગારાજા નરસિંહદેવ

## (v) ઓરિસ્સા

ઓરિસ્સામાં પ્રાચીન સમયના શૈલોદ્ભવ રાજ્યનો અસ્ત થયા પછી તેની જગ્યાએ નાનાં-નાનાં સ્વતંત્ર રાજ્યોનો તથા ઠકરાતોનો ઉદ્ભવ થયો હતો. આમાંથી **કલિંગ, કોંગોડા, દક્ષિણ-તોસલી** અને **ઉત્તર-તોસલી**નાં રાજ્યો બંગાળના ઉપસાગરને કાંઠે આવેલાં હતાં, જ્યારે દક્ષિણ-કોસલનું રાજ્ય મહાનદીના ખીણપ્રદેશમાં આવેલું હતું. છઠ્ઠીથી 12મી સદી દરમિયાન આ બધાં રાજ્યોની સરહદોમાં ફેરફારો થયા કરતા, પરંતુ તેમનાં સત્તા-કેન્દ્રોનાં સ્થાનો લગભગ એકસરખાં જ રહેતાં. અહીંના

રાજાઓ પણ બ્રાહ્મણોને ભૂમિ-દાન આપતા. આ બ્રાહ્મણો મોટે ભાગે ધાર્મિક તથા વહીવટી ફરજો બજાવતા. ધાર્મિક સંસ્થાઓને પણ ભૂમિ-દાનો આપવામાં આવતાં. અહીંનાં રાજ્યો ચોખાની ખેતી તથા દેશી અને વિદેશી (મુખ્યત્વે દરિયાઈ) વ્યાપારને કારણે ઠીક ઠીક સમૃદ્ધ હતા.

અહીંનાં રાજ્યોમાં **'કરવંશ'**નું રાજ્ય સૌથી બળવાન હતું. કર-રાજ્યની દક્ષિણે ભંજભૂમિ (મયૂરભંજ) પ્રદેશમાં ભંજ - રાજ્ય હતું. (અહીંના રાજાઓના નામને અંતે 'ભંજ' શબ્દ આવતો). ભંજ - વંશ વિષેની માહિતી આ સમયના 50 જેટલા અભિલેખોમાંથી મળે છે. આ રાજવંશની ઘણી શાખાઓ હતી અને તે શાખાઓના રાજવીઓ મયૂરભંજ, કેયોંજહર, બંધ, સોનેપુર, ગુમસર વગેરે પ્રદેશોમાં શાસન કરતા. દક્ષિણ કોશલમાં કલિંગમાં પૂર્વીય ગંગવંશની સત્તા પ્રવર્તતી હતી. તેઓ મૂળ દખ્ખણમાં કર્ણાટકમાંથી આવ્યા હતા. દસમી સદીમાં કર્ણાટકનાં કદમ્બ કુળની એક શાખા પણ કલિંગમાં રાજ્ય કરતી હતી. તેઓ પૂર્વીય કદમ્બો કહેવાતા. કલિંગના ગંગવંશી રાજાઓએ 12મી સદીમાં કોણાર્કના પ્રખ્યાત સૂર્યમંદિર ઉપરાંત બીજાં ઘણાં મંદિરો બંધાવ્યાં હતાં.

## 8.1.2 પશ્ચિમ અને મધ્ય ભારત (Western and Central India)

આ સમયે પશ્ચિમ ભારતમાં, ખાસ કરીને ગુજરાત અને માળવા ઉપર, ગુર્જર પ્રતિહારોનાં જુદાં જુદાં કુળોનું આધિપત્ય હતું. માળવા તેની ફળદ્રુપ ભૂમિ માટે તથા ગુજરાત પણ ફળદ્રુપ ભૂમિ ઉપરાંત તેના સમૃદ્ધ દેશીય તથા વિદેશી (દરિયાઈ) વ્યાપાર માટે જાણીતું હતું. 8મી સદીમાં ગુર્જર પ્રતિહારોએ ગુજરાત ઉપરનાં વિદેશી આરબ-આક્રમણોનો ઠીક ઠીક સારી રીતે સામનો કર્યો હતો. તેમણે કનોજ ઉપરના સ્વામિત્વની હોડમાં ભાગ લઈને ઉત્તર ભારતના રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. માળવાના સૌથી શક્તિશાળી ગુર્જર પ્રતિહાર રાજવી ભોજે (તે 'મિહિરભોજ' કે 'આદિવરાહ' તરીકે પણ ઓળખાતો) કનોજ જીત્યું હતું તથા તેને પોતાની રાજધાની પણ બનાવ્યું હતું. તેણે 'ગુર્જર દેશ' (ગુજરાત)ને પણ પોતાના આધિપત્ય નીચે આણ્યો હતો (ગુજરાતના જૈન પ્રબંધોમાં જણાવેલા કનોજ દેશનો રાજા 'ભૂય', 'ભૂયડ' કે 'ભૂયરાજ' આ ભોજદેવ જ હતો). આ ઉપરાંત તેણે ગૌડ (બંગાળ) દેશના દેવપાલનો પરાજય કરીને મગધ કબજે કર્યું હતું. સમકાલીન આરબ મુસાફરો પ્રતિહારવંશના આ પ્રતાપી રાજવીને 'ભારતનો સૌથી બળવાન' રાજા ગણતા હતા.

પાછળથી રાષ્ટ્રકૂટોએ ગુજરાત જીતી લેતાં પ્રતિહારોએ પોતાના સામ્રાજ્યના આર્થિક આધાર સમાન આ પ્રદેશને ગુમાવ્યો હતો. તેમ છતાં ભોજના અનુગામી રાજા મહેન્દ્રપાલે પોતાને વારસામાં મળેલા વિશાળ સામ્રાજ્યને ટકાવી રાખ્યું હતું, એટલું જ નહીં, પરંતુ તેમાં વધારો (પૂર્વ તરફ) પણ કર્યો હતો, જે હકીકત તેના બિહાર અને ઉત્તર બંગાળમાંથી પ્રાપ્ત થયેલા સાત જેટલા અભિલેખો ઉપરથી જાણવા મળે છે. પરંતુ મહેન્દ્રપાલ પછીના પ્રતિહાર રાજવીઓ નિર્બળ હતા. વળી, તેમની વચ્ચે વારંવાર ગાદી-વારસા માટેના વિગ્રહો પણ થતા. પરિણામે 10મી સદીમાં પ્રતિહાર સામ્રાજ્યની જાહોજલાલી અને સત્તાનો અંત આવ્યો.

આ રીતે 10મી સદીમાં પ્રતિહાર-સામ્રાજ્ય તૂટી પડતાં તેનાં ખંડિયેરો ઉપર પશ્ચિમ અને મધ્ય ભારતમાં જુદી જુદી રાજસત્તાઓનો ઉદય થયો. આમાંની લગભગ બધી જ રાજસત્તાઓના સ્વામીઓ પોતાને 'રાજપૂત' (મૂળ શબ્દ राजपुत्र) કહેવરાવતા. મૂળ તો આ રાજપૂતો શક, કુષાણ, હૂણ, ગુર્જર વગેરે વિદેશી અને દેશીઓના મિલનમાંથી ઉદ્ભવ પામ્યા હતા. તેમનામાંના મોટા ભાગના સત્તા (કે વંશ) સ્થાપકો આ પ્રદેશના એક વખતના વિશાળ અને શક્તિશાળી પ્રતિહાર - સામ્રાજ્યના સામંતો હતા. તે રીતે આ બધા રાજપૂત-રાજવંશોનો ઉદ્ભવ ભૂમિ-અનુદાનો તથા તેને પરિણામે અસ્તિત્વમાં આવેલા નવા સામંતશાહી-ભૂમિસંબંધોને કારણે થયો હતો, તેમ કહી શકાય.

મધ્ય અને પશ્ચિમ ભારતમાં ઊભી થયેલી આ નવી રાજપૂત - રાજસત્તાઓમાં જેજાકભુક્તિ (બુંદેલખંડ)માં ચંદેલોનું, શાકંભરી (અજમેર પાસે)માં ચૌહાણોનું, માળવામાં પરમારોનું, ત્રિપુરી (મધ્ય પ્રદેશમાં, જબલપુર પાસે)માં કલચુરિયોનું, ગુજરાતમાં ચૌલુક્યો (સોલંકીઓ)નું, મેવાડમાં ગુહિલોનું અને દિલ્હીમાં તોમરોનું શાસન હતું. જેજાકભુક્તિના ચંદેલોમાં વાક્પતિરાજ અને કીર્તિ વર્મા, શાકંભરીના ચૌહાણોમાં પૃથ્વીરાજ ચૌહાણ, માળવાના પરમારોમાં 'માલવપતિ' મુંજ અને ભોજ, ત્રિપુરીના કલચુરિયોમાં કોકલ્લ, શંકરગણ અને ગાંગેયદેવ, ગુજરાતના સોલંકીઓમાં મૂળરાજ, સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળ અને મેવાડના ગુહિલોમાં શક્તિસિંહ વગેરે પ્રતાપી શાસનકર્તાઓ હતા. તેઓ જેટલા યુદ્ધના રસિયા હતા, તેટલા જ સાહિત્ય-કલા અને વિદ્યાના પ્રોત્સાહકો હતા. પરંતુ આમાંના ઘણા રાજવંશો વચ્ચે અવારનવાર સીમા-સરહદોને કારણે કે અન્ય કારણોસર (જે ક્યારેક તો અત્યંત ક્ષુલ્લક ગણાય તેવા હતા) અવારનવાર યુદ્ધો થતાં (અને તેમની

વચ્ચેનાં વેર ક્યારેક પેઢીઓ સુધી ચાલતાં). જ્યારે બીજી બાજુ તેમની વચ્ચે લગ્નસંબંધો પણ બંધાતા, જેને કારણે વ્યાપક સ્તરની સામાજિક તથા રાજકીય પ્રવૃત્તિઓને અવકાશ મળતો.

અત્રે એ નોંધવું જોઈએ કે, આ સમયે સમકાલીન પશ્ચિમ તથા મધ્ય એશિયામાં બનતા બનાવોએ ઉત્તર, પશ્ચિમ અને મધ્ય ભારતની રાજકીય ઘટનાઓ ઉપર ઘણી અસરો કરી હતી. 7મી અને 8મી સદીઓમાં આરબોના આગમને (પહેલાં વેપારીઓ તરીકે અને પછી આક્રમણકારો તરીકે) ભારત ઉપર ચોક્કસ પ્રભાવ પાડ્યો હતો. ગુર્જર પ્રતિહારો, પાલો અને રાષ્ટ્રકૂટોને આરબોના આ પડકારનો આર્થિક તથા રાજકીય, એમ બંને ક્ષેત્રે સામનો કરવો પડ્યો હતો. 9મી સદીમાં ટ્રાન્સ-ઓક્સિયાના, ખુરાસાન અને ઈરાનના અમુક ભાગ ઉપર સામાનીઓનું શાસન સ્થપાયું. અલપ્તગીન નામનો એક તુર્ક ગુલામ સામાનીઓના ગઝની પ્રાંતનો સૂબો હતો. તેણે પાછળથી સામાનીઓથી સ્વતંત્ર થઈને ગઝનીનું અલગ રાજ્ય સ્થાપ્યું. તેની પછી ગઝનીની ગાદીએ સુલતાન મહમૂદ ગઝનવી આવ્યો (ઈ.સ. 998-1030). તેણે ગઝનીમાં પોતાની સત્તા દૃઢ કરવા માટે ભારત ઉપર ચડાઈઓ કરીને ત્યાંથી અઢળક ધન લૂંટી લાવવાનો કાર્યક્રમ અપનાવ્યો. તેની ઉપરાઉપરી સત્તર ચડાઈઓથી ઉત્તર અને પશ્ચિમ ભારતને આર્થિક રીતે ઘણું સહન કરવું પડ્યું હતું.

મહમૂદ ગઝનવી પછી લગભગ દોઢસો વર્ષે અફઘાનિસ્તાનના ઘોર પ્રાંતના સુલતાન શહાબુદ્દીન મુહમ્મદ ઘોરીએ (ઈ.સ. 1173-1206) પણ ભારત ઉપર ચડાઈઓનો આવો જ કાર્યક્રમ અપનાવ્યો. તેણે પોતાની શરૂઆતની ચડાઈઓ દરમ્યાન મુલતાન, ઉચ્છ અને લાહોર જીત્યાં; તે પછી પંજાબને પોતાનું યુદ્ધમથક બનાવી, તેણે ઈ.સ. 1192માં તરાંઈની બીજી લડાઈમાં દિલ્હીના રાજવી પૃથ્વીરાજ ચૌહાણને હરાવ્યો. બે વર્ષ પછી ઈ.સ. 1194માં તેણે કનોજના ગઢવાલવંશી રાજા જયચંદને પણ હરાવ્યો. મધ્ય એશિયાના સરદારોનાં આ આક્રમણો છેવટે 13મી સદીની શરૂઆતમાં ઉત્તર ભારતમાં (દિલ્હીમાં) કુતુબુદ્દીન ઐબક અને ઈલ્તુત્મિશ દ્વારા તુર્કી-સલ્તનતની સ્થાપનામાં પરિણમ્યાં.

**'તમારી પ્રગતિ ચકાસો' - 1**

1. ઉત્તર ભારતમાં બનેલી મુખ્ય રાજકીય ઘટનાઓનો લગભગ 15 પંક્તિઓમાં અહેવાલ આપો.

   ............................................................................................
   ............................................................................................
   ............................................................................................
   ............................................................................................
   ............................................................................................
   ............................................................................................
   ............................................................................................
   ............................................................................................
   ............................................................................................
   ............................................................................................
   ............................................................................................
   ............................................................................................
   ............................................................................................
   ............................................................................................
   ............................................................................................

2. પશ્ચિમ અને મધ્ય ભારતના રાજકીય ઇતિહાસ વિશે લગભગ 10 પંક્તિઓમાં ચર્ચા કરો.

   ............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

3. નીચેનામાંથી જે વિધાનો સાચાં હોય તેમની સામે ✔ અને ખોટાં હોય તેમની સામે ✘ નિશાની કરો :

(i) ગંગા ખીણ પ્રદેશમાં આવેલું કનોજ તેના વ્યૂહાત્મક અને ભૌગોલિક સ્થાનને કારણે રાજકીય રીતે ઘણું આગળ આવી ગયું હતું.

(ii) રાષ્ટ્રકૂટો મુખ્યત્વે મધ્ય ભારતમાં રાજ્ય કરતા હતા.

(iii) આસામના વર્મન રાજવીઓએ સિંચાઈ કાર્યોના નિર્માણને ઘણું પ્રોત્સાહન આપ્યું.

(iv) કોણાર્કનું પ્રસિદ્ધ સૂર્યમંદિર 12મી સદીમાં બંધાયું હતું.

### 8.1.3 દખ્ખણ (The Deccan)

દખ્ખણનો પ્રદેશ ઉત્તર અને દક્ષિણ ભારત વચ્ચે જાણે કે પુલ સમાન હતો. તે 8મી સદીની શરૂઆતથી જ રાષ્ટ્રકૂટોના સ્વામિત્વ નીચે હતો. રાષ્ટ્રકૂટોને ગુર્જર-પ્રતિહારો સાથે ગુજરાત અને માળવા ઉપરના વર્ચસ્વ માટે અવારનવાર સંઘર્ષો થતા, જે છેવટે ગુર્જર-પ્રતિહારોની સત્તાના અંતમાં તથા ત્યાં રાષ્ટ્રકૂટોની સત્તાની સ્થાપનામાં પરિણમ્યા હતા. આ ઉપરાંત રાષ્ટ્રકૂટોએ ઉત્તરમાં ગંગા ખીણના પ્રદેશો તથા પૂર્વ, દખ્ખણ અને દક્ષિણ ભારત સુધી પણ યુદ્ધો વિસ્તાર્યાં હતાં. વેંગી (હાલનો આંધ્ર પ્રદેશ)ના પૂર્વ - ચૌલુક્યો, કાંચીના પલ્લવો અને મદુરાના પાંડ્યોને પણ આ રાષ્ટ્રકૂટોના હાથે સહન કરવું પડ્યું હતું. રાષ્ટ્રકૂટ-રાજવીઓમાં ધ્રુવ, ગોવિંદરાજ, અમોઘ વર્ષ, ઇન્દ્ર ત્રીજો અને કૃષ્ણ બીજો ઘણા પ્રતાપી રાજવીઓ હતા. રાજા ધ્રુવ (ઈ.સ. 780-93) 'નિરુપમ', 'ધારાવર્ષ' અને 'શ્રીવલ્લભ' તરીકે ઓળખાતો. તેણે ગંગવાડીના ગંગા રાજાને હરાવી, તેનું રાજ્ય ખાલસા કર્યું તથા રાષ્ટ્રકૂટ-રાજ્યની સીમા દક્ષિણમાં છેક કાવેરી સુધી વિસ્તારી. આ ઉપરાંત તેણે ઉત્તરમાં માળવાના ગુર્જર-પ્રતિહારોનો તથા બંગાળના પાલ રાજવી ધર્મપાલનો પરાજય કરી, પોતાના આ વિજયોની યાદમાં પોતાના રાષ્ટ્રધ્વજમાં ગંગા તથા યમુનાનાં પ્રતીકોનો ઉમેરો કર્યો હતો. તેનો પુત્ર ગોવિંદરાજ (ત્રીજો) રાષ્ટ્રકૂટ વંશનો સૌથી પ્રતાપી રાજવી હતો. તેણે ઉત્તર ભારત ઉપર પોતાની આણ વર્તાવી; તે ઉપરાંત દક્ષિણમાં પલ્લવ, પાંડ્ય, કેરલ અને ગંગ રાજાઓનું સંગઠન તોડી પાડી પોતાનું આધિપત્ય દૃઢ કર્યું હતું. શ્રીલંકાના રાજાએ પણ તેની મૈત્રીની યાચના કરી હતી. આમ પોતાના વીસેક વર્ષના શાસનકાળ દરમિયાન તેણે રાષ્ટ્રકૂટ - સત્તાને પરાકાષ્ઠાએ પહોંચાડી હતી. તેના પુત્ર અમોઘવર્ષે માન્યખેટ નગર (હાલનું મહારાષ્ટ્રમાં શોલાપુર પાસે આવેલું માલખેડ) બંધાવી, ત્યાં પોતાની રાજધાની રાખી. તેને ઉત્તર ભારતમાં પ્રતાપી પ્રતિહાર રાજા મિહિરભોજ સાથે યુદ્ધમાં ઊતરવું પડ્યું હતું. તે સાહિત્યનો શોખીન હતો અને તેણે પોતે 'કવિરાજમાર્ગ' નામનો ગ્રંથ લખ્યો હતો, જે કાવ્યશાસ્ત્રને લગતો સૌથી પહેલો કન્નડ-ગ્રંથ ગણાય છે. તેની પછીના કૃષ્ણરાજ બીજો, ઇન્દ્ર ત્રીજો, ગોવિંદરાજ ચોથો, કૃષ્ણરાજ ત્રીજો (અકાલવર્ષ) વગેરે રાજવીઓએ ઉત્તર અને દક્ષિણ ભારતમાં યુદ્ધોની પરંપરા ચાલુ રાખી. કૃષ્ણરાજ ત્રીજાએ રાષ્ટ્રકૂટ-સત્તાને દક્ષિણમાં છેક રામેશ્વર સુધી પ્રસારી હતી. પરંતુ તેના અવસાન પછી રાષ્ટ્રકૂટ સત્તાનું ઝડપથી પતન થયું અને આખરે તેમના જ એક વખતના (કલ્યાણીના) ચૌલુક્ય સામંત તૈલ (તૈલપ) બીજાએ તેમની સત્તાનો અંત આણ્યો.

આ સમયની દખ્ખણની અન્ય રાજ્ય-સત્તાઓમાં કલ્યાણીના ચૌલુક્યો, દેવગિરિના યાદવો અને વરંગલના કાકતીયોનો સમાવેશ થાય છે. કલ્યાણીના ચૌલુક્યોમાં તૈલ બીજો ઘણો શક્તિશાળી હતો.

તેણે ઉત્તરમાં માળવાના પરમાર રાજા 'માલવપતિ' મુંજને હરાવ્યો હતો. તેની પછી ગાદીએ આવેલા સત્યાશ્રય, જયસિંહ (બીજો), વિક્રમાદિત્ય, સોમેશ્વર ત્રીજો વગેરે પણ પ્રતાપી રાજવીઓ હતા. વિક્રમાદિત્યનું જીવનચરિત્ર (વિક્રમાંકદેવ ચરિત્ર) તેના દરબારમાં આશ્રય પામેલા કાશ્મીરી કવિ બિલ્હણે રચ્યું હતું. રાજા સોમેશ્વર ત્રીજાએ 'માનસોલ્લાસ' નામનો જ્ઞાનકોશ રચ્યો હતો.

દેવગિરિના યાદવોની સત્તા નાસિક-પ્રદેશમાં હતી. તેઓ શરૂઆતમાં રાષ્ટ્રકૂટોના અને તે પછી કલ્યાણીના ચૌલુક્યોના સામંતો હતા. તેમની સ્વતંત્ર સત્તા ભિલ્લમદેવે (પાંચમો) સ્થાપી હતી. તેના વંશજો સિંઘણ અને કૃષ્ણ પણ શક્તિશાળી હતા. આ વંશના છેલ્લા રાજા રામચંદ્રને 13મી સદીની શરૂઆતમાં દિલ્હીના સુલતાન અલાઉદ્દીન ખિલજીના સેનાપતિ મલેક કાફૂરે હરાવ્યો તે પછી થોડા જ સમયમાં દેવગિરિના સ્વતંત્ર રાજ્યનો અંત આવ્યો. આ રાજા રામચંદ્રના સમયમાં પ્રખ્યાત સંત જ્ઞાનેશ્વર થઈ ગયા હતા. તેમણે 'ગીતા' ઉપર મરાઠીમાં ભાષ્ય રચ્યું હતું.

વરંગલ (તેલંગણ)ના કાકતીયો પણ શરૂઆતમાં પલ્લવોના અને તે પછી ચોલોના અને કલ્યાણીના ચૌલુક્યોના સામંતો હતા. 12મી સદીમાં રાજા પ્રોલે (બીજા) ચૌલુક્યોની ધૂંસરીમાંથી મુક્ત થઈ સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી. તેના વંશમાં ગણપતિદેવ અને તેની પુત્રી સદમ્બા શક્તિશાળી શાસકો હતાં. વરંગલની કાકતીય સત્તાનો અંત 14મી સદીમાં દિલ્હીના સુલતાન મુહમ્મદ તુઘલકના હાથે આવ્યો.

### 8.1.4 દક્ષિણ ભારત (Southern India)

દક્ષિણ ભારત એટલે 13° ઉ. અક્ષાંશની દક્ષિણે મલબાર અને કોરોમાંડલ કિનારાઓ વચ્ચેનો




નકશો - 1 : ભારત ઈ.સ. 1000-1200

સમગ્ર ભારતીય દ્વિપકલ્પ. તેમાં હાલના તામિલનાડુ, કેરાલા, દક્ષિણ કર્ણાટક અને દક્ષિણ આંધ્રપ્રદેશનો સમાવેશ થાય. પૂર્વ મધ્યકાળમાં કોરોમાંડલ પ્રદેશ (ઉત્તરે ગોદાવરી – કૃષ્ણાના પ્રદેશથી લઈને દક્ષિણે દ્વિપકલ્પની અણી સુધીનો પ્રદેશ-પ્રાચીન સમયનો 'ચોલમંડલમ્') દક્ષિણ ભારતની રાજકીય પ્રવૃત્તિઓના કેન્દ્ર સમાન હતો. દ્વિપકલ્પની છેક દક્ષિણે તામિલ-મેદાનમાં ટોંડઈમંડલમ્ અને પંડિમંડલમ્ આવેલાં હતાં. મલબાર અને કોરોમાંડલના સમુદ્રકિનારા સમુદ્રી-વ્યાપારથી ધમધમતા હતા. દક્ષિણ ભારતની આ પ્રકારની ભૂગોળે (ભૌગોલિક સ્વરૂપે) તેના રાજકીયતંત્ર ઉપર ઘણી મોટી અસર કરી હતી.

આ પ્રદેશમાં એક સમયે બળવાન રહેલી પલ્લવ અને ચૌલુક્ય સત્તાઓ આઠમી સદીના મધ્ય ભાગ સુધીમાં નિસ્તેજ બની ગઈ હતી. તેમ છતાં તેમનો રાજકીય વારસો જાણે કે ચોલ (પલ્લવોની જગ્યાએ) અને રાષ્ટ્રકૂટો (ચૌલુક્યોની જગ્યાએ)એ સંભાળી લીધો હતો. અગાઉ પલ્લવો અને ચૌલુક્યો વચ્ચે થતા સત્તા-સંઘર્ષો હવે (આઠમી સદીના ઉત્તરાર્ધમાં અને નવમી સદીના પૂર્વાર્ધમાં) ચોલ અને રાષ્ટ્રકૂટો વચ્ચે થવા લાગ્યા હતા. આ પછી રાષ્ટ્રકૂટોનું સ્થાન પશ્ચિમી ચૌલુક્યોએ સંભાળ્યું, ત્યારે તેમણે પણ (11મી સદીની શરૂઆતથી) ચોલો સાથે સત્તા-સંઘર્ષો ચાલુ રાખ્યા હતા. મહાસત્તાઓની સત્તા-હરીફાઈમાં કેટલીક વખત દખ્ખણના (કર્ણાટક પ્રદેશમાં આવેલા) નોળંબ, વૈદુમ્ભ, બાણ વગેરે જેવાં નાનાં નાનાં રાજ્યોને સહન કરવું પડતું. વેંગી (આંધ્રના કિનારે) પણ મહાસત્તાઓ વચ્ચેના સત્તા-સંઘર્ષ માટેનું મહત્ત્વનું નિમિત્ત બન્યું હતું.

10મી સદી પછી દક્ષિણ ભારતના રાજકીય તખ્તા ઉપર ત્રણ મહત્ત્વની ઘટનાઓ ઘટી ગણાય :

(i) ચોલ, પાંડ્ય અને કેરલો વચ્ચેનાં આત્મઘાતી, વિનાશકારી યુદ્ધો,

(ii) તેમાં શ્રીલંકાની પણ સંડોવણી (ચોલ અને પાંડ્યોએ શ્રીલંકા ઉપર વારંવાર ચડાઈઓ કરી હતી).

(iii) અને સમુદ્રપારના દેશોમાં – ખાસ કરીને અગ્નિ એશિયામાં ભારતીય પ્રભાવનો થયેલો વિસ્તાર. ચોલ રાજવી રાજેન્દ્ર પહેલાએ (11મી સદીનો પૂર્વાર્ધ) જ્યારે શ્રીલંકા સર કરી, સુમાત્રાના શ્રી વિજય સામ્રાજ્ય ઉપર નૌકા-આક્રમણ કર્યું ત્યારે આની ચરમસીમા આવી ગઈ. આ જ રાજેન્દ્ર પહેલાએ ઉત્તર ભારતમાં પણ છેક ગંગા નદી સુધી વિજયી સૈન્યો દોરી જઈને, પોતે 'ગાંગેયકોંડ' (ગંગાનો વિજેતા)નું ઉપનામ ધારણ કર્યું હતું અને આ વિજયની યાદમાં 'ગાંગેય કોંડા ચોલાપુરમ્' (ચિદમ્બરમ્ પાસે) નામનું નવું નગર વસાવ્યું હતું.

## 8.2 8મીથી 13મી સદી દરમિયાન ભારતીય રાજ્યતંત્રનું સ્વરૂપ (Nature of Indian Polity Between Eighth and Thirteenth Century)

ઈ.સ. 1960 પછીનાં લખાણોમાં મધ્યકાલીન રાજ્યતંત્રના સ્વરૂપને સામંતશાહી, કેન્દ્રોત્સર્ગી અને કેન્દ્રગામી એવા ત્રણ જુદા જુદા અભિગમો દ્વારા સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ દરેક અભિગમને જરા વિસ્તારથી તપાસીએ.

### 8.2.1 સામંતશાહી રાજ્યતંત્ર (Fendal Polity)

પ્રો. આર.એસ. શર્માએ તેમના ઈ.સ. 1965માં પ્રકાશિત થયેલા 'ભારતીય સામંતશાહી વ્યવસ્થા' (Indian Feudalism) નામના પુસ્તકમાં પૂર્વમધ્યકાલીન રાજ્યતંત્રના સામંતશાહી સ્વરૂપ ઉપર ઘણો સારો પ્રકાશ પાડ્યો છે. તેમના મતે, આ સમયની સમગ્ર સામંતશાહી-વ્યવસ્થા ભૂમિ-અનુદાનના પાયા ઉપર આધારિત હતી (જુઓ એકમ 1.1.1). તેનાં આગળ પડતાં લક્ષણો નીચે પ્રમાણે હતાં :

(i) જમીન ઉપરના અંકુશ અને સ્વામિત્વ ઉપર આધારિત વહીવટી માળખું;

(ii) રાજકીય સત્તાનું વિભાગીકરણ કે વિકેન્દ્રીકરણ;

(iii) પેટા-સામંતોની પ્રથાને કારણે ભૂમિ-માલિકોની ચડતા-ઊતરતા હોદ્દાઓની શ્રેણીઓ;

(iv) ખેડૂતોનું સ્થાન ભૂમિ-માલિકોના આશ્રિતો તરીકેનું (અલબત્ત, જુદા જુદા પ્રદેશોમાં ખેડૂતોના આવા આશ્રિતપણાના પ્રમાણમાં તફાવત હોઈ શકે છે):

(v) ખેડૂતોનું પીડન અને શોષણ તથા તેમનું ભૂમિ સાથે બંધાઈ રહેવું;

(vi) ધાતુના ચલણી-નાણાંનો માત્ર મર્યાદિત પ્રમાણમાં ઉપયોગ (જુઓ, એકમ 3).

જોકે તાજેતરમાં મધ્ય યુગમાં આ પ્રકારની સામંતશાહી વ્યવસ્થા પ્રવર્તતી હોવા અંગે સંદેહ પણ ઊભો કરવામાં આવ્યો છે. આ સંદર્ભમાં એવી દલીલ (કે મત) કરવામાં આવે છે કે, મધ્યકાલીન સમાજમાં કૃષિ-ઉત્પાદન સ્વાવલંબી કે મુક્ત હતું; કૃષિ-ઉત્પાદનનાં સાધનો તથા ઉત્પાદનની પ્રક્રિયાઓ ઉપર ખેડૂતોનો જ અંકુશ હતો. એમ પણ કહેવામાં આવે છે કે, આ સમયમાં સામાજિક તથા આર્થિક માળખામાં પ્રમાણમાં સ્થિરતા હતી અને કૃષિઉત્પાદનની પદ્ધતિ (ટેકનિક)માં કોઈ ખાસ ફેરફારો કે (સુધારા) થયા ન હતા. સમાજમાં જે સંઘર્ષો થતા તે ઉત્પાદનનાં સાધનોની પુનર્વહેંચણી માટે નહીં, પરંતુ વધારાના (ફાજલ) ઉત્પાદનની વહેંચણી અને પુનર્વહેંચણી માટે થતા. વધારાનું ઉત્પાદન રાજ્ય લઈ લેતું અને તે જ રાજ્ય તરફના શોષણ (કે પીડન)નું મુખ્ય કારણ ગણાતું. ભૂમિની ઊંચા પ્રકારની ફળદ્રુપતા અને ખેડૂતોની ઓછી જીવનજરૂરિયાતો– આ બે કારણોને લીધે રાજ્ય માટે, પ્રમાણમાં સ્થિર એવી સામાજિક પરિસ્થિતિઓમાં; ફાજલ ઉત્પાદન ખેડૂતો પાસેથી હડપ કરી લેવાનું (કે ઝૂંટવી લેવાનું) ઘણું આસાન હતું.

પરંતુ આ મત ભૂમિ ઉપરના એક યા બીજા પક્ષના ચડિયાતી કે ઊતરતી કક્ષાના અધિકારોને ગણતરીમાં લેતો નથી. વાસ્તવમાં, પૂર્વમધ્યકાળમાં જમીનના એક જ ટુકડા ઉપર ખેડૂત નીચી કક્ષાના અને જમીન-માલિક ચડિયાતી કક્ષાના અધિકારો ધરાવતા હતા. ભૂમિ-અનુદાનોએ ભૂમિ ઉપર ખેડૂતની તુલનામાં ભૂમિ-માલિકનું સ્થાન સ્પષ્ટપણે મજબૂત બનાવ્યું હતું. ખેડૂતની કંગાળ અને લગભગ ગુલામ જેવી દશા, તથા તેમનું ભૂમિ સાથે જ બંધાઈ રહેવું, એ બે સામંતશાહી-પદ્ધતિનાં અત્યંત આવશ્યક તત્ત્વો ગણાય. પૂર્વમધ્યકાળમાં આ બંને તત્ત્વો અસ્તિત્વ ધરાવતાં હોવાના અનેક પુરાવા પ્રાપ્ત થાય છે, પરંતુ સામંતશાહી-રાજ્યતંત્રની ઉપરોક્ત આલોચના આ પુરાવાઓને ધ્યાનમાં જ લેતી નથી, તે ઘણી કમનસીબ બાબત ગણાય.

### 8.2.2 કેન્દ્રોત્સર્ગી રાજ્ય (Segmentary State)

મધ્યકાલીન (ખાસ કરીને દક્ષિણ ભારતના) રાજ્યતંત્રના સ્વરૂપ વિશેનો બીજો મત એવો છે કે, આ સમયનું રાજ્યતંત્ર બહુમુખી તથા કેન્દ્રોત્સર્ગી (કેન્દ્રથી દૂર જવાના) વલણવાળું હતું. આ પરિસ્થિતિમાં રાજ્યમાં સત્તાનાં બે સ્પષ્ટ ક્ષેત્રો પડી જતાં; એક ક્ષેત્ર રાજકીય સાર્વભૌમત્વનું અને બીજું વાસ્તવિક સાર્વભૌમત્વનું. રાજકીય સાર્વભૌમત્વ (અર્થાત્, શાસનકર્તા રાજવંશની સત્તા) રાજ્યના કેન્દ્ર પૂરતું મર્યાદિત રહેતું, જ્યારે વાસ્તવિક સાર્વભૌમત્વ (રાજાના તાબા નીચેના શક્તિશાળી સામંતો કે સ્થાનિક સરદારોની સત્તા) શાસનકર્તા-કેન્દ્રથી દૂર, તેના પરિઘ તરફ ફેલાયેલું રહેતું. સિદ્ધાંતમાં કેન્દ્ર-સત્તાના વડા એવા રાજામાં જ રાજ્યને છેવાડે, પરિઘ પાસે રહેલી નાની-મોટી બધી સત્તાઓ સમાઈ જતી હતી તેમ માનવામાં આવતું; પરંતુ તે માત્ર સિદ્ધાંતમાં જ; જ્યારે વાસ્તવમાં આ બધી સત્તાઓ કેન્દ્રથી બને તેટલું દૂર ભાગવાની વૃતિ ધરાવતી અને કેન્દ્રનો તેમના ઉપરનો અંકુશ જેટલો ઢીલો અને નામમાત્રનો, તેટલી તેમની સ્વતંત્રતા વધારે, એ રીતનું સત્તાનું સમીકરણ રચાતું.

કેન્દ્રોત્સર્ગી રાજ્યતંત્રનો આ મત સ્વીકાર્ય બને તેમ નથી, કારણ, તેને કેટલીક મર્યાદા છે. જેમ કે, આમાં વાસ્તવિક સાર્વભૌમત્વ અને સાંસ્કૃતિક સાર્વભૌમત્વ વચ્ચે ગૂંચવાડો ઊભો થાય છે. વળી, તેમાં રાજ્યના પરિઘ ઉપર રહેલી સત્તાઓને કેન્દ્ર-સત્તાનાં અંગો તરીકે નહીં, પરંતુ રાજ્યથી સ્વતંત્ર એવી અલગ સત્તાઓ તરીકે ગણવામાં આવે છે. તે ઉપરાંત, આ મત રાજ્યતંત્રનાં રાજકીય તથા આર્થિક પરિમાણોને વાસ્તવિક સાર્વભૌમત્વની તુલનામાં ગૌણ ગણે છે, તેને કારણે પણ તેનો સ્વીકાર થઈ શકે તેમ નથી.

### 8.2.3 કેન્દ્રગામી રાજ્યતંત્ર (Integrative Polity)

આ ખ્યાલ પ્રો.બી.ડી.ચટ્ટોપાધ્યાયે ઊભો કર્યો છે. તેમના મતે, આ સમયનાં રાજ્યોનો વિસ્તાર ક્ષિતિજ-સમાંતર રેખામાં (અર્થાત્ ઊભો નહીં, પણ આડો) થયો હતો. આ પરિસ્થિતિમાં અવિકસિત અર્ધ-રાજ્યતંત્રો (જેવાં કે, આદિવાસીઓનાં)ને પૂર્ણ રાજ્યતંત્રમાં ફેરવવાની તથા તેમને અને સ્થાનિક રાજ્યતંત્રોને એક વિશાળ તંત્રમાં સમાવી લેવાની પ્રક્રિયાઓનો સમાવેશ થતો હતો. શાસનકર્તા રાજવંશની મુખ્ય શાખા ઉપરાંત તે વંશની અન્ય શાખાઓ (પાટવીકુંવર સિવાયના અન્ય રાજકુંવરો અને ભાયાતોની) ઊભી થતાં તેમની વચ્ચે પ્રદેશ અને સત્તાની વહેંચણી કરવામાં આવી અને આ રીતે મુખ્ય શાખા પાસેથી ભૂમિ અને સત્તા પ્રાપ્ત કરનારાઓ મુખ્ય શાખાના સામંતો ગણાયા. છતાં આ સામંતો સમગ્ર રાજ્યતંત્રથી અલગ કે સ્વતંત્ર ન હતા; તેઓ રાજ્યતંત્રનાં જ અંગો સમાન હતા અને શાસનકર્તા સાથે તાબેદારના સંબંધે સંકળાયેલા હતા. આ રીતે સમગ્ર

રાજ્યતંત્ર છૂટીછવાઈ અને સ્વતંત્ર સત્તાઓના સમૂહને બદલે સામંતશાહી હોદ્દાઓના એક જ સૂત્રે સંકળાયેલી તથા કેન્દ્રાનુગામી (કેન્દ્ર તરફ વળતી) વલણવાળી વિવિધ સત્તાઓના બનેલા એક એકમ સમાન હતું.

સામંતશાહી રાજ્યતંત્રના ખ્યાલની જેમ આ 'કેન્દ્રગામી રાજ્યતંત્ર'નો ખ્યાલ પણ રાજકીય પ્રક્રિયાઓને સમકાલીન આર્થિક, સામાજિક તથા ધાર્મિક ઘટનાઓની સમાંતરે ચાલતી એક ઘટના તરીકે નિરૂપે છે. જેમ કે,

(i) ગ્રામીણ કૃષિ-વસાહતોનો ક્ષિતિજ-સમાંતર રેખામાં વિસ્તાર (જુઓ, એકમ 1.1).

(ii) વર્ણ-વિભાજન ઉપર આધારિત એવી સમાજવ્યવસ્થાની પ્રભાવશાળી વિચારસરણીનો પણ ક્ષિતિજ-સમાંતર પ્રસાર (જુઓ, એકમ 2.1 અને 2.2).

(iii) સ્થાનિક સંસ્કૃતિઓ. સ્થાનિક ક્રિયાકાંડો અને રીતરિવાજોનું તથા ધાર્મિક સ્થાનોનું વધારે મોટા માળખામાં એકીકરણ (જુઓ, એકમ 2.2).

આમ છતાં, આ મતમાં વ્યાખ્યાઓ બાબત ઘણી અસ્પષ્ટતાઓ છે (દા.ત. 'વંશાનુગત રાજ્ય' 'રાજ્ય-સમાજ' વગેરે). વળી, આમાં સામંતો રાજ્યતંત્રના સુસંગઠિત માળખાના અંગ સમાન હોવા છતાં પોતે સ્વતંત્ર જમીનદાર-વર્ગ તરીકે તો અસ્તિત્વ ધરાવતા જ હતા. આ ઉપરાંત, આ મતમાં પણ ભૂમિ-અનુદાનનું મહત્ત્વ તો સ્વીકારાયેલું જ છે અને ભૂમિ-અનુદાન સામંતશાહી-વ્યવસ્થાનું પાયાનું તત્ત્વ છે. તે રીતે, આ મત સામંતશાહી-રાજ્યતંત્રના મતને મળતો આવે છે. વળી, સ્થાનિક જમીનદારો કે સરદારોએ પોતાની નાણાકીય તથા વહીવટી સત્તાઓ રાજા પાસેથી જ પ્રાપ્ત કરી હતી. તેઓ રાજાને નિયત કરેલી રકમ (ખંડણી) ભરતા તથા નિયત કરેલી લશ્કરી અને વહીવટી સેવાઓ પણ આપતા. આ બધી બાબતોમાં તેમનું તંત્ર જરૂર કેન્દ્રગામી હતુ અને તે રાજસત્તાના એકીકરણ તરફ વળતું હતું. પરંતુ. બીજી બાજુ જયારે તેઓ પોતાના તાબા નીચેની સ્થાનિક પ્રજા ખેડૂતો અને બિનખેડૂતો, બધા જ ઉપર હકૂમત ચલાવતા હતા, ત્યારે આ તંત્ર કેન્દ્રોત્સર્ગી વલણ ધરાવતું બની જતું હતું. આમ એક જ પરિસ્થિતિમાં આવી બે પરસ્પર વિરોધાભાસી બાબતો સમાયેલી હોય ત્યારે તેમનો મેળ બેસાડવાનું અઘરું થઈ પડે છે. વળી, ભારતમાં બધી જ જગ્યાએ સત્તા અને પ્રદેશના ભાગ વંશાનુગત રીતે પડ્યા હોય તેવું નથી. ઉત્તર ભારતમાં ચૌહાણો અને પરમારોનાં રાજ્યતંત્રો સિવાય રાજ્યતંત્રના ઘડતરમાં વંશાનુગતતાએ બહુ મહત્ત્વનો ભાગ ભજવ્યો હોય તેમ લાગતું નથી. સામંતશાહી હોદ્દાઓ પણ જમીનની તથા તેની મહેસૂલી આવકની અસમાન વહેંચણીના પાયા ઉપર રચાયા હતા. બીજું, ઘણા મહત્ત્વના પ્રદેશમાં કેન્દ્રગામી-રાજ્યતંત્રના મતને સમર્થન આપે તેવા ખાસ પુરાવા મળ્યા નથી. જયારે સામંતશાહી-રાજ્યતંત્રને સમર્થન આપતાં તત્ત્વોના પુરાવા દેશભરમાંથી મળી આવે છે.

ટૂંકમાં, ઉપલબ્ધ પુરાવાઓ તથા અન્ય મતોની ચકાસણી ઉપરથી પૂર્વમધ્યકાલીન રાજ્યતંત્રનું સ્વરૂપ સામંતશાહી પ્રકારનું હતું, તેમ ચોક્કસપણે કહી શકાય તેમ છે.

## 'તમારી પ્રગતિ ચકાસો' - 2

1. દખ્ખણ અને દક્ષિણ ભારતમાં બનેલી રાજકીય ઘટનાઓની આશરે પંદર પંક્તિઓમાં રૂપરેખા આપો.

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

સામંતશાહી-રાજ્યતંત્રના ખ્યાલ વિશે દસેક પંક્તિઓમાં નોંધ તૈયાર કરો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

'કેન્દ્રોત્સર્ગી રાજ્યતંત્ર' એટલે શું ? દસેક પંક્તિઓમાં સમજાવો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 8.3 સારાંશ

૪મીથી ૧૩મી સદીઓ વચ્ચે ભારતમાં ભૌગોલિક પરિસ્થિતિઓ, આર્થિક માળખાંઓ તથા વિચાર-સરણીઓએ રાજ્યતંત્રને પ્રદેશે પ્રદેશે જુદું જુદું સ્વરૂપ આપવામાં અગત્યનો ભાગ ભજવ્યો હતો.

- કાશ્મીરમાં જમીનદાર વર્ગે (મુખ્યત્વે ડામરો અને ધર્મગુરુઓએ) તેના આંતરિક રાજકારણ ઉપર પ્રભાવ પાડ્યો હતો.
- ગંગા ખીણનો પ્રદેશ તથા કનોજ તે સમયની ઉત્તર ભારત, પશ્ચિમ ભારત અને દખ્ખણની સત્તાઓ વચ્ચેનાં યુદ્ધોનું કારણ બન્યાં હતાં. આ 'સંઘર્ષના રાજકારણ'માં પાલ, પ્રતિહાર અને રાષ્ટ્રકૂટો સક્રિય રીતે સંડોવાયેલા હતા.

– આસામમાં આ સમય દરમ્યાન આદિવાસી-રાજ્યતંત્રમાંથી 'રાજ્ય-રાજ્યતંત્ર'માં પરિવર્તનની પ્રક્રિયા ચાલુ હતી અને તે દરમ્યાન તેનું રાજકારણ ઉત્તર ભારત સાથે સંકળાયેલું રહ્યું હતું.
– ઓરિસ્સામાં પણ બળવાન આદિવાસી જાતીય તત્ત્વો સાથેનું રાજ્ય આકાર લઈ રહ્યું હતું.
– પશ્ચિમ અને મધ્ય ભારતમાં રાજપૂત-રાજવંશોમાં ઘણો સારો વધારો નોંધાયો હતો. આ રાજવંશોના મોટા ભાગના ગુર્જર-પ્રતિહારોના સામંતો હતા.
– પશ્ચિમ અને મધ્ય એશિયામાં આ સમય દરમ્યાન બનેલી ઘટનાઓએ ભારતના રાજકીય તખ્તા ઉપર ઘણો પ્રભાવ પાડ્યો હતો. 7મી સદીમાં આરબોના આગમનથી માંડીને 13મી સદીની શરૂઆતમાં તુર્કી-સલ્તનતની સ્થાપનાના સમય સુધી ભારત આ બાહ્ય-પરિબળોનું અગત્યનું નિશાન બની રહ્યું હતું.
– દખ્ખણમાં અને દક્ષિણ ભારતમાં કર્ણાટકમાં અને કાવેરી-ખીણમાં સ્થપાયેલી રાજસત્તાઓ વચ્ચેના સંઘર્ષો એ જાણે કે કાયમી ઘટના બની ગઈ હતી. તેવું જ આંધ્ર-કિનારે આવેલા વેંગી પ્રદેશ માટે હતું. ચોલ, પાંડ્ય અને કેરલો વચ્ચેનાં યુદ્ધો અને તેમાં શ્રીલંકાની પણ અવારનવાર થતી સંડોવણી, એ આ પ્રદેશનાં રાજકીય-નાટકનાં બીજા અગત્યનાં દશ્યો હતાં. ઉપરાંત ચોલ-રાજવીઓએ દરિયાપારના અગ્નિ-એશિયાના દેશોમાં પણ વિજયડંકો વગાડ્યો હતો.
– મધ્યકાલીન રાજ્યતંત્રના સ્વરૂપ વિશેનાં વિવેચનોમાં ત્રણ પ્રકારનાં મતો ઊપસી આવે છે : સામંતશાહી-રાજ્યતંત્ર, કેન્દ્રોત્સર્ગી-રાજ્યતંત્ર અને કેન્દ્રગામી રાજ્યતંત્ર. આમાંથી છેલ્લા બે (અર્થાત્ કેન્દ્રોત્સર્ગી રાજ્યતંત્ર અને કેન્દ્રગામી રાજ્યતંત્ર) મતોને સમર્થન આપે તેવા પુરાવાઓ ઘણા મર્યાદિત છે, જેને કારણે આ ખ્યાલો માત્ર સ્થાનિક કક્ષાએ જ લાગુ પાડી શકાય તેવા છે, તેમ કહી શકાય. તેને બદલે પ્રો. આર. એસ. શર્માનો સામંતશાહી-રાજ્યતંત્રનો ખ્યાલ સામંતશાહી-વ્યવસ્થાનાં બધાં આવશ્યક લક્ષણો ધરાવવા ઉપરાંત દેશના બધા જ પ્રદેશોને લાગુ પાડી શકાય તેવો છે અને તેથી તે સ્વીકાર્ય બને છે.

## 8.4 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો' - 1**

1. તમારા ઉત્તરમાં કાશ્મીર અને ગંગા-ખીણપ્રદેશમાં બનેલી રાજકીય ઘટનાઓનો ઉલ્લેખ થવો જોઈએ (જુઓ, પેટા વિભાગ 8.1.1)
2. જુઓ, પેટા વિભાગ 8.1.2.
3. (i) ✔ (ii) ✘ (iii) ✔ (iv) ✔

**'તમારી પ્રગતિ ચકાસો' - 2**

1. તમારા ઉત્તરમાં રાષ્ટ્રકૂટ, ચોલ, પાંડ્ય અને કેરલોના રાજકીય ઇતિહાસનો સમાવેશ થવો જોઈએ (જુઓ, પેટા વિભાગ 8.1.3 અને 8.1.4)
2. જુઓ, પેટા વિભાગ 8.2.1.
3. વાસ્તવિક અને રાજકીય સાર્વભૌમત્વ વચ્ચેનો તફાવત. તમારા ઉત્તરને પેટા વિભાગ 8.2.2 ઉપર આધારિત બનાવો.

## 8.5 ચાવીરૂપ શબ્દો (Key Words)

**ડામર** : કાશ્મીરના શક્તિશાળી જમીનદારો
**મંડલ** : વહીવટી વિભાગ
**મત્સ્યન્યાય** : મોટું માછલું નાના માછલાને ગળી જાય તે પ્રકૃતિનો નિયમ – રાજકીય ક્ષેત્રે તેનો ઉપયોગ અંધાધૂંધીની પરિસ્થિતિ સૂચવવા માટે થાય છે.
**રાજન્યક** : સામંતશાહી હરોળોમાં હોદ્દો ધરાવતો જમીન-માલિક
**રાણક** : ઉપરનો જ અર્થ
**સામંતચક્ર** : સામંતશાહી સરદારોનું મંડળ

# એકમ 9 ઉત્તર અને પૂર્વ ભારત (Northern and Eastern India)

## રૂપરેખા

9.0 પ્રસ્તાવના
9.1 પ્રદેશની ઓળખ
9.2 સત્તાઓનું વિસર્જન-નવા પ્રકારની રાજાશાહી
 9.2.1 વહીવટી એકમોનો વિકાસ
 9.2.2 વહીવટી અને મહેસૂલી અધિકારોની સોંપણી
 9.2.3 સામંતો અને મંત્રીઓ-રાજવી સર્જકો તરીકે
9.3 પરિવર્તિત નોકરશાહી
 9.3.1 રાજ્યના અધિકારીઓ, સામંતો અને જમીન
 9.3.2 સામંતોની સત્તાની ચડતી-ઊતરતી કક્ષાઓ
 9.3.3 નોકરશાહીનું સામંતીકરણ
 9.3.4 ભૂમિધારણ અને કુળની ગણતરી
9.4 સામંતોનાં કાર્યો અને ફરજો
9.5 આંતર-સામંતીય સંબંધો
9.6 ભૂમિ-અનુદાનો અને રાજકીય સત્તાનુ ન્યાયીકરણ
9.7 સારાંશ
9.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો
9.9 ચાવીરૂપ શબ્દો

## 9.0 પ્રસ્તાવના

આગળના એકમ 8માં 8મીથી 13મી સદી દરમ્યાન ભારતમાં પ્રવર્તતા રાજકીય-સંગઠનનાં સ્વરૂપ વિશેની સૈદ્ધાંતિક ચર્ચાનો પરિચય કરાવવામાં આવ્યો. હવે આ એકમમાં તે ચર્ચાના વ્યવહારુ-ઉદાહરણરૂપે ઉત્તર અને પૂર્વ ભારતનો વિશેષ અભ્યાસ રજૂ કરવામાં આવ્યો છે. આ અભ્યાસે બંને પ્રદેશોમાં 'સામંતશાહી' પ્રકારનું રાજ્યતંત્ર હતું તેમ ગણીને, સામંતશાહી-ચોકઠામાં રહીને, કરવામાં આવ્યો છે. તેમાં કહેવાતી 'કેન્દ્રીય રાજાશાહી'ની મર્યાદાઓ દર્શાવી, નવા પ્રકારની સામંતશાહી રાજાશાહીનું યથાર્થ સ્વરૂપ દર્શાવવામાં આવ્યું છે. તે ઉપરાંત ભૂમિ-માલિકીની વિવિધ તરાહો, વહીવટી તથા નાણાકીય સત્તાઓની વહેંચણી અને ન્યાયને લગતા તથા કાયદો અને વ્યવસ્થાને જાળવવાને લગતા અધિકારોની ફેરબદલી વગેરે મુદ્દાઓની પણ ચર્ચા કરવામાં આવી છે. તે સાથે નવા પ્રકારની સામંતશાહી અમલદારશાહીનો ઉદ્ભવ, સામંતોની ચડતા-ઊતરતા હોદ્દાઓવાળી શ્રેણીઓ તથા સામંતો અને અન્ય અધિકારીઓના વિવિધ પ્રકારનાં કાર્યો-ફરજો વગેરેનું પણ પૃથક્કરણ કરવામાં આવ્યું છે. આ બધા લક્ષણો આ વિસ્તારમાં અનેક-કેન્દ્રોવાળા સત્તા-માળખાનો ઉદ્ભવ થયો હોવાનો નિર્દેશ કરે છે. તે બાબત પણ સ્પષ્ટ કરવામાં આવી છે. તે સાથે આ નવા પ્રકારનાં સત્તા-માળખા પાછળની વૈચારિક ભૂમિકા ઉપર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે.

## 9.1 પ્રદેશની ઓળખ (The Region Defined)

આ એકમમાં જેનો અભ્યાસ કરવામાં આવ્યો છે તે ઉત્તર અને પૂર્વ ભારતના વિસ્તારમાં સામાન્ય રીતે ઉત્તરે હિમાલયના 'તરાઈ' પ્રદેશથી માંડીને દક્ષિણે વિંધ્યાચળ પર્વતમાળા સુધીના પ્રદેશોનો સમાવેશ કરવામાં આવે છે. તેમ છતાં આ એકમની ચર્ચામાં અત્યારના ગુજરાત, રાજસ્થાન અને મોટા ભાગના મધ્ય પ્રદેશનો સમાવેશ કરવામાં આવ્યો નથી, કારણ, તેમને પશ્ચિમ અને મધ્ય ભારતના એક અલગ એકમ તરીકે હવે પછીના એકમ 10માં લેવામાં આવ્યા છે. આમ આ એકમને લાગેવળગે છે ત્યાં સુધી ઉત્તર ભારતમાં હાલના કાશ્મીર, પંજાબ, હિમાચલ પ્રદેશ, હરિયાણા અને

ઉત્તર પ્રદેશનો તથા પૂર્વ ભારતમાં હાલના બિહાર, બંગાળ (બાંગ્લાદેશ સહિતનો), ઓરિસ્સા, આસામ તથા બ્રહ્મપુત્રા-ખીણનાં કેટલાંક નાનાં રાજ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ વિસ્તારની અગત્યની રાજસત્તાઓ વિશેની માહિતી આગળના એકમ 8માં અપાઈ જ ગઈ છે.

## 9.2 સત્તાઓનું વિસર્જન - નવા પ્રકારની રાજાશાહી (Dispersal of Powers : The New Royalty)

પૂર્વ મધ્યકાળના રાજાઓ પોતાને 'મહારાજ', 'પરમભટ્ટારાક', 'મહારાજાધિરાજ' અને 'પરમેશ્વર' સુધ્ધાં કહેવરાવતા. તે ઉપરથી તેઓ ઘણા શક્તિશાળી અને બળવાન કેન્દ્રીય સત્તા ધરાવતા રાજવીઓ હશે, તેમ માનવામાં (કે મનાવવામાં) આવે છે; જ્યારે વાસ્તવમાં પરિસ્થિતિ જુદી જ હતી. આ પ્રદેશના રાજ્યોના પ્રાદેશિક વિભાગો વિશેના અને વહીવટી તથા મહેસૂલી સત્તાના વિભાજન અંગેના પુરાવાઓ રાજ્યમાં સાચા સત્તાધીશો કોણ હતા તે દર્શાવી આપે છે. બાકી તો ભાટ-ચારણોએ અતિશયોક્તિભર્યાં વખાણો દ્વારા આ સમયના રાજાઓની ફરતું જાણે કે દિવ્ય આભા-મંડળ દોરી દીધું હતું અને તેમને 'રાજાઓના રાજા' તરીકે વર્ણવીને તેમનામાં દૈવી અંશનું આરોપણ પણ કરી દીધું હતું. પરિણામે રાજા રાજ્યનો સાચો વડો બનવાને બદલે જાણે કે એક ખાનગી-વ્યક્તિ બની ગયો હતો. ખરેખર તો આ સમયે રાજ્યની સાચી સત્તા રાજામાં કેન્દ્રિત થવાને બદલે અનેક સત્તા-કેન્દ્રોમાં વહેંચાઈ ગઈ હતી. પરિણામે આ સમયે એક-કેન્દ્રીય નહીં, પરંતુ અનેક-કેન્દ્રીય સત્તા-પદ્ધતિ પ્રવર્તમાન હતી, તેમ કહી શકાય.

### 9.2.1 વહીવટી એકમોનો વિકાસ (Growth of Administrative Units)

આ સમયના રાજકીય માળખાનું એકંદર ચિત્ર વહીવટી અને નાણાકીય સત્તાઓનું વિભાજન અને વિસર્જન દર્શાવે છે. અભિલેખોમાં ભૂક્તિ, મંડલ, વિષય વગેરે જેવા વહીવટી-વિભાગોના ઉલ્લેખો મળે છે. આમાંથી ભુક્તિને હાલનાં પ્રાંત જેવો, મંડલને જિલ્લા જેવો અને વિષયને તાલુકા જેવો વહીવટી એકમ ગણી શકાય. બંગાળના પાલ-વંશી રાજાઓનાં ભૂમિ-દાનપત્રોમાં ભુક્તિના વડાને ઉપરિક અને વિષયના વડાને વિષયપતિ કહેવામાં આવ્યો છે. આ ઉપરાંત 'દશગ્રામિક'નો પણ ઉલ્લેખ આવે છે. જે દસ ગામડાંઓના જૂથ (કે એકમ)નો વહીવટી વડો (કદાચ સ્થાનિક લોકોમાંથી જ પસંદ કરેલો) હશે તેમ લાગે છે. આ ઉપરાંત પાલ-અભિલેખોમાં નય(કે વિધિ) અને ખંડલનો પણ વહીવટી-એકમ તરીકે ઉલ્લેખ થયેલો છે.

આસામના 12મી સદીના રાજા વિદ્યાદેવનું એક તામ્રપત્ર પણ ભુક્તિ, મંડલ, વિષય વગેરે વહીવટી એકમોનો ઉલ્લેખ કરે છે. ઓરિસાના 12મી સદીના દસ્તાવેજોમાં પણ રાજકુટુંબના સભ્યોને વિષયો અને મંડલો જાગીર તરીકે અપાયા હોવાના ઉલ્લેખો મળે છે. કનોજમાં ગઢવાલોના વહીવટી તંત્રમાં પત્તલ અને પથક એવા વહીવટી એકમો હતા, તેમ અભિલોખો ઉપરથી જાણવા મળે છે.

અભિલેખો ઉપરાંત આ સમયનાં સાહિત્યિક આધારસાધનોમાં પણ ઉપર વર્ણવેલા વહીવટી એકમોના સંખ્યાબંધ ઉલ્લેખો મળે છે. 10મી સદીમાં હરિષેણે રચેલા 'કથાકોશ'માં વિષયનો ઉલ્લેખ રાજાએ પોતાના સામંતને સોંપેલા પ્રદેશના અર્થમાં થયો છે. કાશ્મીરના ઇતિહાસ-ગ્રંથ 'રાજતરંગિણી'માં 'સ્વમંડલ' અને 'મંડલાન્તર' એવા બે વિભાગોનો નિર્દેશ આવે છે, તે ઉપરથી એમ કહી શકાય કે, કાશ્મીરના રાજાઓ પાસે પોતાની સીધી હકૂમત નીચેનો કેટલોક પ્રદેશ હશે (જે 'સ્વમંડલ' કહેવાતો હશે) જયારે અન્ય મંડલો (મંડલાન્તર) સામંતોની હકૂમત નીચે હશે (જેઓ અલબત્ત, સામંતશાહી પ્રથા અનુસાર રાજાને ખંડણી આપવા તથા વફાદાર રહેવા બંધાયેલા હશે).

વહીવટી તંત્રનું નાનામાં નાનું એકમ ગામડું હતું. પરંતુ તે પણ કદાચ કાં તો ભૂમિ-અનુદાનને કારણે અથવા તો બળજબરીથી લેવાયેલા કબજાને કારણે કોઈ ને કોઈ સામંતશાહી-માલિકની હકૂમત નીચે આવી જતું. ક્યારેક ગામના લોકો સામે ચાલીને સામંતનો આશ્રય માગતા. આ સંદર્ભમાં ગ્રામપતિ, ગ્રામાધિપતિ, દશગ્રામપતિ, વિંશતીશગ્રામપતિ, સહસ્રગ્રામપતિ જેવા ઉલ્લેખો આવે છે, તે ગ્રામસ્તરે પણ ચડતા-ઊતરતા ક્રમવાળી શ્રેણી (હારમાળા)નો નિર્દેશ કરે છે. ગ્રામપતિને રાજ્ય તરફથી નિયત કરેલું વેતન આપવામાં આવતું. દશેશ (દસ ગ્રામનો વડો)ને પોતે એક હળ દ્વારા (એક દિવસમાં) ખેડી શકે તેટલી જમીન, વિંશતિંશ (વીસ ગ્રામનો ઉપરી)ને ચાર હળ વડે ખેડી શકાય તેટલી જમીન અને શતેશ (સો ગ્રામનો વડો)ને તો એક આખું ગ્રામ જ વેતન તરીકે આપી દેવામાં આવતું.

### 9.2.2 વહીવટી અને મહેસૂલી અધિકારોની સોંપણી (Transfer of Administrative and Fiscal Rights)

પરંતુ રાજ્યના આ રીતના વહીવટી વિભાગો કરવામાં આવ્યા હતા તેટલું જ પૂરતું ન હતું; પરંતુ ભૂમિ-અનુદાનની સાથે અનુદાન લેનારને એ ભૂમિ ઉપરના મહેસૂલી અધિકારો તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણી (પોલીસ-કાર્ય), ઉપરાંત ફોજદારી કાયદાનો અમલ કરવાના તથા ન્યાય આપવા સહિતના બધા જ વહીવટી અધિકારો પણ સોંપી દેવાતા. આને કારણે રાજા અને આમજનતા વચ્ચે ભૂમિ-સ્વામી(જમીનદારો)નો એક વચલો વર્ગ ઊભો થયો હતો.

આ રીતે વહીવટી સત્તાનું વિભાજન અને વિસર્જન એ સામંતશાહી-રાજ્યતંત્રનું એક અગત્યનું લક્ષણ છે. આ સમયે રાજસત્તાના વહીવટી મથકની વારંવાર ફેરબદલીના જે નિર્દેશો જોવા મળે છે, તે પણ આ રીતના વહીવટી સત્તાના વિસર્જનનું જ સૂચક છે. ઉદાહરણ તરીકે, પાલ રાજાઓના દસ્તાવેજોમાં નવ (9) જેટલી અને ચંદેલોના દસ્તાવેજમાં 21 જેટલી સ્કંદાવરો (જ્યાં રાજા પોતે હાજર હોય તેવી લશ્કરી વિજય-છાવણીઓ)ના ઉલ્લેખો મળી આવે છે. આ બધાં સ્કંદાવરો રાજ્યના મુખ્ય પાટનગર (અર્થાત્, વહીવટનું વડું મથક) ઉપરાંત જંગમ (હરતાં-ફરતાં) પાટનગરો સમાન હતાં. જોકે આ બાબતમાં કદાચ ગુર્જર પ્રતિહારો અપવાદરૂપ હોય તેમ લાગે છે, કારણ, તેમના માત્ર ઉજ્જયિની અને મહોદય (કનોજ એ બે જ પાટનગરો હોવાનું જણાયું છે. આવાં હરતાંફરતાં પાટનગરો ઉપરાંત કિલ્લાઓ પણ વહીવટી-સત્તા-કેન્દ્રોની ગરજ સારતા. પાલ રાજવીઓએ રાજ્યમાં 21 જેટલા કિલ્લાઓ બાંધ્યા હતા તે આ સંદર્ભમાં ઘણી અગત્યની બાબત ગણાય.

### 9.2.3 સામંતો અને મંત્રીઓ-રાજવી સર્જકો તરીકે (Vassals and Ministers, as King-Makers)

સમય જતાં રાજાને ભોગે તેના સામંતો અને મંત્રીઓ પાસે વધુ ને વધુ સત્તાઓ આવતી ગઈ. (આ હકીકત પૂર્વમધ્યકાળ દરમ્યાન રાજાની સત્તાની સાચી સ્થિતિ શી હતી, તેનો તથા રાજાશાહીના સાચા સ્વરૂપનો નિર્દેશ કરે છે.) કાશ્મીરી પંડિત ક્ષેમેન્દ્ર મંત્રીઓના સત્તાલોભ વિશે સ્પષ્ટ અને નિખાલસ ઉલ્લેખ કરે છે; કલ્હણ પણ ડામરો (સામંતો)નાં કાવતરાં તથા અત્યાચારોનું વર્ણન કરે છે. આ ઉપરથી લાગે છે કે, આ સમયે મંત્રીઓ વધારે ને વધારે સ્વાર્થી તથા સત્તાલોભી બનતા જતા હતા અને તેમને પ્રજાકલ્યાણની કશી પરવા ન હતી. 12મી સદીનો ગ્રંથ 'માનસોલ્હાસ' રાજાને પ્રજાનું માત્ર લૂંટારાઓથી જ નહીં, પરંતુ પોતાના મંત્રીઓ અને નાણાં તથા જમીન મહેસૂલી ખાતાંઓના અધિકારીઓથી પણ રક્ષણ કરવાની સલાહ આપે છે. ઓરિસાના સોમવંશી રાજવીઓના હેવાલો તો એમ પણ દર્શાવે છે કે, રાજ્યના સામંતો એક રાજાને ઉથલાવીને તેની જગ્યાએ બીજાને ગાદીએ બેસાડી શકે તેવા શક્તિશાળી (અર્થાત્, રાજવી-સર્જકો) બની ગયા હતા. જોકે અન્ય જગ્યાએ આવા કિસ્સાઓ જવલ્લે જ બનતા જોવા મળે છે.

**'તમારી પ્રગતિ ચકાસો' - 1**

1. પૂર્વ મધ્યકાળના રાજવીઓના ભપકાદાર ખિતાબો વિશે સટીક નોંધ લખો.

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

2. ઉત્તર અને પૂર્વ ભારતના વિવિધ પ્રદેશોમાં રાજ્યોના મુખ્ય વહીવટી વિભાગોનાં નામ આપો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

3. વહીવટી અને મહેસૂલી અધિકારોની ફેરબદલીનો શો અર્થ થાય છે ? ટૂંકમાં સમજાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

## 9.3 પરિવર્તિત નોકરશાહી (Transformed Bureaucracy)

રાજસત્તાનું સ્થાનિક વહીવટી એકમોમાં વિભાજિત થવાની સાથે સાથે વહીવટી તંત્રની નોકરશાહીના સ્વરૂપમાં પણ પરિવર્તન આવ્યું. રાજકુળના સભ્યોને ભૂમિ-અનુદાન, સામંતો અને સરદારોને પણ ભૂમિ-અનુદાનના સ્વરૂપમાં વેતનની ચૂકવણી, સામંતોની ચઢતા-ઊતરતા હોદ્દાઓવાળી શ્રેણી, રાજાના તથા અધિકારીઓના સામંતશાહી ખિતાબો વગેરે આ નવા પ્રકારના નોકરશાહી તંત્રનાં કેટલાંક વિશિષ્ટ લક્ષણો હતાં.

### 9.3.1 રાજ્યના અધિકારીઓ, સામંતો અને જમીન (Officials of the State Vassals and Land)

'સ્કંદપુરાણ' ( જે આઠમીથી તેરમી સદીના ભારતના ઇતિહાસ તથા સંસ્કૃતિ ઉપર પ્રકાશ પાડનારું એક મહત્ત્વનું આધાર-સાધન ગણાય છે)ના 'બ્રહ્મખંડ'માં રાજા રામે અમુક પ્રકારનો યજ્ઞ કર્યા પછી 18,000 બ્રાહ્મણોને 36,000 વૈશ્યો તથા તેમનાથી ચાર ગણી સંખ્યામાં શૂદ્રો સહિત સંખ્યાબંધ ગામડાંઓ દાનમાં આપ્યાં હોવાની કથા છે. આ રીતે ગામની સાથે દાનમાં સોંપાયેલા વૈશ્યો તથા શૂદ્રોને રામે પોતે જ દાન ગ્રહણ કરનારા બ્રાહ્મણોની આજ્ઞામાં રહેવાનો તથા તેમની સેવા કરવાનો આદેશ આપ્યો હતો. પાછળથી બ્રાહ્મણોએ આ ગામડાં અંદરોઅંદર વહેંચી લીધાં હતાં. આ કથા કોઈ કાલ્પનિક કે પુરાણકથા ન હતી, પરંતુ ખરેખર આવું બનતું હશે, તેમ પૂર્વ મધ્ય-કાળના સંખ્યાબંધ સાહિત્યિક અને અભિલેખિક પુરાવાઓ ઉપરથી કહી શકાય તેમ છે.

દસ, વીસ સો કે હજાર ગામડાંના એકમોના વહીવટી અધિકારીઓને વેતન તરીકે જમીન આપવાની પ્રથા તો છેક મનુ (ઈ.સ. 200 આસપાસ)ના સમયથી ચાલી આવતી હતી. માત્ર અનુગુપ્ત સમયમાં એ પ્રથા વધારે વ્યાપક બની હતી.

પાલ રાજા મહેન્દ્રપાલ (બીજા)ના પ્રતાપગઢ-અભિલેખમાં હરિષેણ નામના તાલવર્ગિક (રાજ્યાધિકારી)ને એક ગામનું અનુદાન અપાયું હોવાનો ઉલ્લેખ છે. લશ્કરી-સેવા બદલ અપાતા ભૂમિ-અનુદાનનાં તો ઘણાં ઉદાહરણો મળે છે. 10મીથી 12મી સદીનાં બંગાળ અને બિહારનાં સાહિત્યિક સાધનોમાં રાજકુળના સભ્યોને, અધિકારીઓને તથા લશ્કરી સેવા આપનારાઓને અપાયેલા દશ્ય, કારજ, ગ્રામજ, પ્રતિપત્તક વગેરે જેવા ભૂમિ-અનુદાનોના સંખ્યાબંધ ઉલ્લેખો આવે છે. ઈ.સ. 1133ના કામૌલી-તામ્રપત્રમાં રાજા ગોવિંદચંદ્ર ગઢવાલના પૂર્વજોએ 'રાજપત્તી' (રાજાનો શિરપેચ-એક પ્રકારનું આભૂષણ) બાંધવાની જવાબદારી સંભાળનારા એક સરદારને જમીનનો ટુકડો અનુદાન તરીકે અપાયો હોવાનો ઉલ્લેખ છે. પાલ રાજાઓના જમીનને લગતા ખતપત્રોમાં રાજા, રાજપુત્ર, રાણક, રાજરાજનક, મહાસામંત વગેરેના જે ઉલ્લેખો આવે છે તે

બધા જમીન-જાગીર ધરાવતા વિવિધ કક્ષાના સામંતોના હોદ્દાઓ સૂચવતા હતા. કેટલીક વખત આ સામંતો પોતે પોતાના સ્વામી (રાજા)ની મંજૂરીથી (અથવા ક્યારેક મંજૂરી વગર પણ) પોતાના હાથ નીચેના સરદારોને જમીનનું અનુદાન કરતા. આને 'પેટા-સામંતીકરણ' કહેતા અને આ પ્રથા ગુર્જર-પ્રતિહારોના સમયમાં વિશેષ પ્રચલિત બની હતી. જમીનનાં મૂળ અનુદાન સ્વીકારનારને એ જમીન ખેડવાનો કે ખેડાવવાનો, તેનો ઉપભોગ કરવાનો કે કરાવવાનો સંપૂર્ણ અધિકાર પ્રાપ્ત થતો. તેને કારણે આ પ્રકારના 'પેટા-સામંતીકરણ'ને માટે ઘણો અવકાશ હતો. મધ્યકાલીન ઓરિસાના જમીન-અનુદાન લેખોમાં જે ભોગી, મહાભોગી, બૃહદ્ભોગી, સામંત, મહાસામંત, રાણક, રાજવલ્લભ વગેરેના ઉલ્લેખો આવે છે તે બધા રાજ્યને વહીવટી તથા લશ્કરી સેવાઓ આપનારા ઉચ્ચ-નિમ્ન હોદ્દાઓ ધરાવતા જમીનદારો (જાગીરદારો) જ હતા.

11મી અને 12મી સદીમાં અગત્યના રાજ્યાધિકારીઓને બીજી રીતે પણ વેતન ચૂકવવામાં આવતું. રાજ્યમાં માત્ર આ અધિકારીઓને વેતન ચૂકવવા માટે જ ખાસ કરવેરા નાખવામાં આવતા. મહેસૂલી કર્મચારીઓ, કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરનારા અધિકારીઓ (પોલીસ-કાર્ય કરનારા), હિસાબનીશો અને મહેલના ખાસ કર્મચારીઓને વેતન પેટે આવા કર (અર્થાત્, કરની આવક) આપી દેવાતા. ગઢવાલ રાજાઓના 'અક્ષપટલિકો' (હિસાબનીશો), પ્રતિહારો (મહેલના ચોકીદારો) અને 'વિંશતિઅષ્ઠ' (કદાચ 28 ગામડાંનો મહેસૂલી અધિકારી)ને આ પ્રકારે કરની આવક વેતન પેટે મળતી હોવાના ઉલ્લેખો છે. 12મી સદીની શરૂઆતના ગઢવાલ-લેખોમાં 'અક્ષપટલ-પ્રસ્થ','અક્ષપટલ-આલય', 'પ્રતિહાર-પ્રસ્થ', 'વિંશતિઅષ્ઠ-પ્રસ્થ' વગેરે કરવેરાનો ઉલ્લેખ છે, પરંતુ એ કરવેરા જે તે અધિકારોઓના કુલ વેતનનો નિર્દેશ કરતા હતા કે તેના વધારાના વેતન (બોનસ)નો, તે સ્પષ્ટ થતું નથી. પરંતુ એટલું તો સ્પષ્ટ છે કે, આ અધિકારીઓ પોતાને માટે વેતન ઉપરાંત આવી વધારાની આવક માગવા (અને મેળવવા) જેટલા બળવાન તો ચોક્કસ બન્યા જ હશે.

### 9.3.2 સામંતોની સત્તાની ચડતી-ઊતરતી કક્ષાઓ (The Power-Hierachy of Samants)

સામાન્ય રીતે 12મી સદી સુધીમાં સામંતોની ચડતી-ઊતરતી કક્ષાઓ નિશ્ચિત થઈ ચૂકી હતી. 12મી સદીના એક ગ્રંથમાં સામંતોની પાસે કેટલાં ગામડાંઓની હકૂમત હતી, તેના આધાર ઉપર તેમની આ રીતે ઊતરતા ક્રમમાં કક્ષા વર્ણવેલી છે :

મહામંડલેશ્વર (1 લાખ ગામડાંઓનો સ્વામી), મંડલિક (50,000 ગામડાંઓ), મહાસામંત (20,000 ગામડાંઓ), સામંત (10,000 ગામડાંઓ), લઘુસામંત (5000 ગામડાંઓ) અને ચતુરાંશિક (1000 ગામડાંઓ). બંગાળમાં રાજા રામપાલના સમયના સંધ્યાકર નાન્દીએ સામંતોની ચડતા ક્રમમાં કક્ષાનો આ રીતે ઉલ્લેખ કર્યો છે. મંડલાધિપતિ, સામંતચક્ર-ચૂડામણિ, ભૂપાલ અને રાજા.

અભિલેખોમાં પણ સામંતોની ચડતા-ઊતરતા ક્રમની કક્ષાઓના ઉલ્લેખો મળે છે. અગાઉના ચંબા રાજ્યના અભિલેખોમાં રાજાનક અને રાજપુત્રના ઉલ્લેખો આવે છે. ગઢવાલોના 11મી સદીના લેખોમાં સામંત, મહાસામંત, મહાસામંતાધિપતિ અને ઠાકોર એમ સામંતોના હોદ્દાઓ ચડતા ક્રમમાં નોંધાયેલા છે. ઈ.સ. 830ના તેજપુર ખડકલેખમાં આસામના શાલસ્તંભ વંશના શ્રી હરરાજ વર્મનને મહારાજાધિરાજ પરમેશ્વર-પરમભટ્ટારક તરીકે વર્ણવાયા છે અને તેની નીચે શ્રીસૂચિતનો મહાસામંત તરીકે તથા શીલકુટ્ટકવલયનો સામંત તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. બંગાળના લક્ષ્મણસેનના શક્તિપુર-તામ્રપત્રમાં પણ રાજા, રાજન્ય, રાણક, રાજપુત્ર જેવા સામંતશાહી હોદ્દા-સૂચક શબ્દો આવે છે.

### 9.3.3 નોકરશાહીનું સામંતીકરણ (Fendalisation of Bureaucracy)

ઉત્તર ભારતનાં લગભગ બધાં જ રાજ્યોના અભિલેખોમાં રાજ્યના સંખ્યાબંધ અધિકારીઓની યાદી આપવામાં આવી છે. ઉદાહરણ તરીકે, પાલ રાજાઓની જમીનને લગતી સનદો (હકપત્રો)માં લગભગ 4 ડઝન જેટલા અધિકારીઓ અને સામંતોનો ઉલ્લેખ છે અને તેમાંનાં કેટલાક તો આ હોદ્દા વંશપરંપરાગત ભોગવતા આવ્યા હતા. વળી, પાલ રાજાઓના ભૂમિ-અનુદાન લેખોમાંથી તો તે સમયનાં વહીવટી ખાતાંઓનાં તથા તે ખાતાના ઉપરી-અધિકારીઓનાં નામ પણ જાણવા મળે છે. દા.ત. નાણાખાતું (તેના અધિકારીઓ ષષ્ઠાધિકૃત, શૌલિક્ક, તારિક વગેરે), પોલીસખાતું (અધિકારીઓ-દંડપાશિક, ચોરોદ્ધરણિક વગેરે), લશ્કરી ખાતું (તેનો વડો સેનાપતિ, બલાધ્યક્ષ વગેરે), ન્યાયખાતું (તેનો વડો દશપદાધિક) વગેરે. ગઢવાલોના અભિલેખોમાં પણ બે ડઝન

જેટલા અધિકારીઓની યાદી આપવામાં આવી છે. આવું જ ચાહમાન (ચૌહાણ), ચંદેલા અને કલચુરિયોનાં રાજ્યોની બાબતમાં છે. રાજાની જેમ સામંતો પણ પોતાની જાગીરમાં અધિકારીઓનો કાફલો રાખતા. મિથિલાના કર્ણાટવંશી રાજાના સામંત 'મહામાંડલિક' સંગ્રામગુપ્તની પાસે બે ડઝન કરતાં પણ વધારે કર્મચારીઓ હતા.

આ સમયે રાજ્યના અધિકારીઓના ખિતાબો અને હોદ્દાઓનું પણ જાણે કે સામંતીકરણ થઈ ગયું હતું. તેમનાં નામ અને હોદ્દાની આગળ 'મહા' શબ્દ વપરાવા લાગ્યો હતો, તે આનું સૂચન કરે છે. શરૂઆતના ધર્મપાલ અને દેવપાલ જેવા પાલ રાજાઓ પાસે 'મહા' પ્રત્યય લગાડેલા 6 કરતાં પણ ઓછી સંખ્યાના અધિકારીઓ હતા, જેમ કે, મહાસાંધિવિગ્રાહિક (વિદેશખાતાનો વડો), મહાક્ષપટલિક (હિસાબી ખાતાનો વડો), મહાસેનાપતિ (લશ્કરનો વડો), મહાકર્તાકાર્તિક, મહાકુમારામાત્ય (વહીવટીતંત્રના વડા) વગેરે; પરંતુ તેમના અનુગામી નયનપાલના સમયમાં આ સંખ્યા વધીને 9ની થઈ હતી. સંગ્રામગુપ્તની નીચે આવા ('મહા-પ્રત્યયવાળા') 18 જેટલા અધિકારીઓ હતા. પાલ પછીના સેનવંશી રાજાઓના સમયમાં મહાધર્માધ્યક્ષ (મુખ્ય ન્યાયાધીશ), મહામુદ્રાધિકૃત (રાજમુદ્રાનો સંરક્ષક), મહાપિલુપતિ (હાથી-દળનો વડો) વગેરે 'મહાપ્રત્યય' ધરાવતા ઘણા વરિષ્ઠ અધિકારીઓનો ઉમેરો થયો હતો. કાશ્મીરના રાજાઓના દરબારમાં પણ મહાપ્રતીહાર (રાજમહેલના ચોકિયાત દળનો વડો), મહાશ્વશાલ (અશ્વદળનો વડો), મહાભાંડાગારિક (રાજ્ય-ખજાનાનો વડો), મહાસાધનભાગ (મુખ્ય સચિવ) વગેરે જેવા 'મહા' પ્રત્યયધારી ઘણા અધિકારીઓ હતા. એમ લાગે છે કે, આ નવી તંત્રવ્યવસ્થામાં રાજાની સત્તા જેટલી નીચી (ઓછી), તેટલી તેના રાજ્યમાં 'મહા'પ્રત્યયધારી અધિકારીઓની સંખ્યા વધારે, એવી એક પ્રકારની નવી તરાહ (પેટર્ન) ઊભી થઈ હતી. તે જ રીતે, રાજ્યની રચના જેટલી મોડી, તેટલી તેમાં 'મહા'પ્રત્યયધારી મહાનુભાવોની સંખ્યા વધારે, તેમ પણ થવા લાગ્યું હતું. નોકરશાહીના સામંતીકરણનો વધારે પુરાવો એ છે કે સામંતશાહી વ્યવસ્થામાં જે શબ્દો રાજા અને તેના સામંતો વચ્ચેના સંબંધો વ્યક્ત કરવા માટે વપરાતા, તે જ શબ્દો રાજા અને તેના અધિકારીઓ વચ્ચેના સંબંધો દર્શાવવા માટે પણ વપરાવા લાગ્યા હતા. ઉદાહરણ તરીકે, પાદપદ્મોપજિવિન્, (ચરણ-કમલનો આશ્રિત), રાજપદોપજિવિન્, પાદપ્રસાદોપજિવિન્ (ચરણની કૃપા ઉપર જીવનારો), પરમેશ્વરપાદોપજિવિત્ વગેરે શબ્દો સામંતો અને અધિકારીઓ – બંનેને લગાડવામાં આવતા. આનો અર્થ એ થયો કે, રાજ્યના અધિકારીઓ પણ (સામંતોની જેમ) રાજાની કૃપા ઉપર જીવતા હતા, જે દર્શાવે છે કે, તેમનું પણ સામંતીકરણ થયું હતું. રાજ્યના અધિકારીઓને તેમના હોદ્દા અને મહત્ત્વ પ્રમાણે જુદી જુદી સામંતશાહી કક્ષામાં મૂકવામાં આવતા. રાજ્યના લહિયાઓ (કાયસ્થો)ને પણ રાણક અને ઠાકુર (કે ઠક્કુર) જેવા ખિતાબો આપવામાં આવતા, જે તેમના કાર્યને બદલે તેમની સામંતશાહી તથા સામાજિક કક્ષાનો નિર્દેશ કરતા હતા.

### 9.3.4 ભૂમિધારણ અને કુળની ગણતરી (Landholding and clan consideration)

સરદારો-સામંતો અને રાજ્યના અધિકારીઓ ઉપરાંત રાજકુળનાં સભ્યોને અને રાજાનાં સગાં-સબંધીઓને પણ (તેઓ કશી વિશિષ્ટ સેવા બજાવતાં ન હોવા છતાં, માત્ર તેમના રાજા સાથેના સંબંધ-સગપણને કારણે જ) ભૂમિ-અનુદાનો આપવામાં આવતાં. ઉદાહરણ તરીકે, ઉત્તર પ્રદેશના અત્યારના પિલિભિત જિલ્લાના પ્રદેશમાં શાસક છિંદકુળનો એક સભ્ય જાગીર ધારણ કરતો હોવાનો ઉલ્લેખ મળે છે. રાજકુળના સભ્યોને સામાન્ય રીતે 12 ગામડાંનું એક એકમ ગણીને જમીન આપવામાં આવતી હોવાનાં ઘણાં ઉદાહરણો મળે છે. કનોજના મહેન્દ્રપાલના સમય (ઈ.સ. 893) ના ઉના-તામ્રપત્રમાં **મહાસામંત બલવર્મન્** 84 ગામડાંઓનો સ્વામી હોવાનો ઉલ્લેખ છે. આ ઉપરાંત આ સમયના લેખોમાં રાણીના **ગ્રાસ**(ગરાસ અથવા જાગીર)ના તથા ભુક્તિનાં; ગામડાંઓના ભોક્તા (ભોગવનાર) તરીકે નાના રાજકુંવરોના; રાજપુત્રના **'સેજા'** (હિસ્સો)ના; રાજકીય-ભોગ (રાજાની જાગીર) વગેરેના વારંવાર ઉલ્લેખો આવે છે. 12મી સદીના અંતભાગમાં **ચતુરાશિકો** (84 ગામડાંઓના સ્વામીઓ) એ પોતાનું એક જૂથ રચ્યું હોવાની માહિતી મળે છે. રાજકુળના સભ્યોને જમીન-જાગીર આપવાની પ્રથા ઉત્તર કે પૂર્વ ભારત કરતાં પશ્ચિમ અને મધ્ય ભારતમાં પ્રમાણમાં વધારે પ્રચલિત હતી. રાજકુળનાં સભ્યોને આ રીતે જમીન-જાગીર આપવી, તે પ્રાચીન આદિવાસી જાતિઓમાં જાતિના સભ્યો વચ્ચે લૂંટના માલનો ભાગ પાડવાની પ્રથાની યાદ અપાવે છે.

**'તમારી પ્રગતિ ચકાસો' - 2**

1. ઉત્તર અને પૂર્વ ભારતના જુદા જુદા વિસ્તારોમાં પ્રવર્તતા ભૂમિ-અનુદાનના વિવિધ પ્રકારો વિશે માહિતી આપો :

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

2. સામંતોની કક્ષાના ચડતા-ઊતરતા ક્રમો વિશે પાંચ પંક્તિઓમાં લખો :

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

3. નોકરશાહીનું સામંતીકરણ થયું હતું ? ઉદાહરણો સહિત જવાબ લખો :

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

4. કુળને કારણે ભૂમિ-અનુદાનો આપવામાં આવતાં ખરાં ?

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

## 9.4 સામંતોનાં કાર્યો અને ફરજો (Functions and Duties of samantas)

સામાન્ય રીતે સામંતોની ફરજોમાં પોતાના સ્વામી (રાજા)ને નિયમિત ખંડણી મોકલવી, સ્વામીની દરેક આજ્ઞાનું પાલન કરવું, પ્રસંગોપાત્ત (ખાસ કરીને ઉત્સવ સમારંભો વખતે) રાજાના દરબારમાં હાજરી આપવી, તેને લશ્કરી સેવા આપવી, પોતાની જાગીરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાં,

ન્યાય આપવો વગેરેનો સમાવેશ થતો હતો. 13મી સદીમાં મિથિલા(ઉત્તર બિહાર)ના ચંડલેશ્વરે લખેલા ગ્રંથ 'રાજનીતિ રત્નાકર'માં સામંતોના તેમની ખંડણી ભરવાની (કે નહીં ભરવાની) જવાબદારીના આધારે 'સકર'(ખંડણી ભરનાર) અને 'અ-કર' (ખંડણી નહીં ભરનાર) એવા બે વિભાગો પાડવામાં આવ્યા છે, તે ઉપરથી અમુક સામંતોને ખંડણી ભરવામાંથી મુક્તિ આપવામાં આવતી હશે તેમ લાગે છે.

રાજાને લશ્કરી સેવા આપવાની તો સામંતની ફરજ હતી જ, પરંતુ કેટલીક વખત લશ્કરી સેવાને કારણે પણ લશ્કરી અધિકારીઓને ભૂમિ-અનુદાન માપી, સામંત બનાવવામાં આવતા. ઈ.સ. 1166માં ચંદેલા રાજવી પરમર્દિનના બ્રાહ્મણ સેનાપતિ અજયપાલે લશ્કરી સેવા આપવા બદલ ભૂમિનો એક પાદ (ટુકડો) પ્રાપ્ત કર્યો હતો. પાંચ વર્ષ પછી (ઈ.સ. 1171માં) મદનપાલ શર્મા નામના બીજા બ્રાહ્મણ સેનાપતિને તો લશ્કરી સેવા બદલ એક આખું ગામડું જ આપી દેવામાં આવ્યું હતું તથા તે ગામડાને ભૂતકાળના, વર્તમાનકાળના અને ભવિષ્યકાળના બધા જ લાગા(કરવેરા)માંથી મુક્ત કરવામાં આવ્યું હતું. (ચંદેલાઓના દાનપત્રોમાં આવી કરમુક્તિ વારંવાર જોવા મળે છે.) ક્યારેક રણમેદાનમાં વીરગતિ (મૃત્યુ) પામનાર યોદ્ધાને (એટલે કે, વાસ્તવમાં તેના વંશવારસોને) ભૂમિ-અનુદાન અપાતું. કાયસ્થોને પણ લશ્કરી સેવા માટે ભૂમિ- અનુદાનો અપાયાં હોવાનાં ઉદાહરણ નોંધાયાં છે. વાત્સલ્ય કાયસ્થ કુળના કેટલાક સભ્યો યોદ્ધા તરીકે સેવા આપતા. આ કુળના અન્ય સભ્યો 300 વર્ષથી ચંદેલ રાજવીઓના વહીવટી તંત્રમાં પણ અગત્યના હોદ્દાઓ ભોગવતા આવ્યા હતા. ગઢવાલ રાજાઓએ રાવત અને રાણાઓને ઘણાં ભૂમિ-અનુદાનો આપ્યાં હોવાનું નોંધાયું છે, પરંતુ તે તેમની લશ્કરી સેવા તથા રણમેદાનમાં વીરતા બતાવવા માટે અપાયાં હતાં કે કેમ તે સ્પષ્ટ થતું નથી. પરંતુ એટલું તો સ્પષ્ટ છે કે તેઓ (રાવત અને રાણા) ઉચ્ચ કક્ષાના સામંતો હશે, કારણ ગઢવાલ-અભિલેખોમાં વહીવટી અધિકારીઓનાં નામોની યાદીમાં તેમના નામ નથી. 12મી સદીના 'લાટકમેલક' નામના ગઢવાલ સમયના એક ગ્રંથમાં સંગ્રામવિસર નામના એક 'રાવત્તરાજા'ને લશ્કરી સેવા બદલ 'ગ્રામપટ્ટ' આપવામાં આવ્યો હતો તેવો ઉલ્લેખ છે.

## 9.5 આંતર-સામંતીય સંબંધો (Inter-Vassal Relationship)

આ સમયે ઉપલી કક્ષાના અને નીચલી કક્ષાના સામંતો વચ્ચેના અંદરોઅંદરના અથવા તો સામંત અને તેના સ્વામી વચ્ચેના સંબંધો કેવા હતા, તે વિશે ચોક્કસપણે કહી શકાય તેમ નથી. સામંતની તેના સ્વામી પ્રત્યેની ફરજો વિશે કંઈક લેખિત કરાર જેવું હોવાના થોડાક પુરાવા મળે છે ખરા અને 'રાજતરંગિણિ' પણ 10મી સદીના કાશ્મીરના રાજા ચક્રવર્મનને તેના સંગ્રામ નામના એક આગળ પડતા ડામર (સામંત) સાથે તેની ફરજો વિશે મૌખિક સમજૂતી થઈ હોવાનો નિર્દેશ કરે છે. પરંતુ આવા કિસ્સાઓ બહુ ઓછા જોવા મળે છે. એક બાજુએ સામંતને તેના પોતાના સત્તાક્ષેત્રમાં પૂરી સ્વાયત્તતા હોવાના ઘણા પુરાવા મળે છે, ત્યારે બીજી બાજુએ 11મી સદીના ઉત્તરાર્ધમાં બંગાળનો પાલ-રાજા રામપાલ કૈવર્તોનો બળવો દાબી દેવા માટે પોતાના સામંતોની મદદ માગતો જોવા મળે છે. આ સંબંધમાં એક રસપ્રદ બાબત એ છે કે, સામંતોમાં પોતાના સામાન્ય સ્વામી પ્રત્યેની વફાદારી અને રાજનિષ્ઠાની ભાવનાની બાબતમાં વર્ણની ગણતરી આડે આવતી ન હતી. ઉદાહરણ તરીકે, એક જ સ્વામીના બે સામંતો-એક શબર (આદિવાસી જાતિનો) સરદાર અને બીજો વૈશ્ય (વણઝારનો વડો) બંને પોતાને એકબીજાના સંબંધી માનતા હતા ! આ સમયે 'પંચમહાશબ્દ'નો જે રીતે ઉપયોગ થતો હતો તે ઉપરથી સ્વામી સામંત વચ્ચેના સંબંધો વિશે વધારે ખ્યાલ આવે છે. આ સમયના અભિલેખો દર્શાવે છે કે, સ્વામી દ્વારા સામંતને પંચમહાશબ્દ અર્પણ કરવામાં આવે તે સામંતશાહી વ્યવસ્થામાં સામંતનું સર્વોચ્ચ સન્માન થયેલું ગણાતું. ઈ.સ. 893માં મહાસામંત બકવર્મને આપેલા ભૂમિદાનના તામ્રપત્રમાં જણાવવામાં આવ્યું છે કે, એ સામંતના પિતાને મહારાજા મહેન્દ્રમુધદેવ (કનોજનો પ્રતિહાર રાજવી મહેન્દ્રપાલ)ની કૃપાથી પંચમહાશબ્દની પ્રાપ્તિ થઈ હતી. કોઈ પણ સામંત માટે આ પંચમહાશબ્દની પ્રાપ્તિ એ સૌથી ઊંચું સન્માન હતું અને તેના જેટલા વિશેષાધિકારો તો ખુદ યુવરાજ (પાટવીકુંવર) પણ ભોગવી ન શકતો. આ બિરુદનું મહત્ત્વ એટલું બધું હતું કે, સામંત પોતાને પરમભટ્ટારક, મહારાજાધિરાજ તથા પરમેશ્વર જેવાં બિરુદો મળ્યા પછી પણ 'પંચમહાશબ્દ'નું બિરુદ લગાડવાનું ચાલુ રાખતો. બંગાળમાં પાલ રાજવંશના અમલ દરમ્યાન પંચમહાશબ્દનું બિરુદ પ્રચલિત ન

હતું, તે નવાઈ પમાડે તેમ છે. જોકે આસામ અને ઓરિસ્સામાં તે પ્રચલિત હતું.

12મી સદીના એક ગ્રંથમાં પંચમહાશબ્દના વિશેષાધિકાર અંગે એવું જણાવવામાં આવ્યું છે કે, એ શૃંગ, ઢોલ, શંખ, ભેરી અને જયઘંટ એમ પાંચ પ્રકારનાં સંગીતવાદ્યો વગાડવાના વિશેષ અધિકારનું સૂચન કરતો હતો. ઉત્તર ભારતના કેટલાક ભાગોમાં પંચમહાશબ્દ એ 'મહા' પ્રત્યય સાથેના પાંચ અમલદારોના હોદ્દાઓનું સૂચન કરતો હતો. (અર્થાત્ પંચમહાશબ્દ ધારણ કરનારને આ પાંચ અધિકારીઓની સત્તા તથા અધિકારો આપોઆપ મળી જતા હતા !)

અહીં નોંધપાત્ર હકીકત એ છે કે, 10મી સદી પછી દેશમાં આવેલાં આર્થિક પરિવર્તનોની સામંતશાહી-હરોળો ઉપર તથા સ્વામી-સામંતના સંબંધો ઉપર ખાસ અસર પડી હોય તેમ લાગતું નથી. નહીં તો, વ્યાપારનો વિકાસ અને રોકડ નાણાંનું ચલણ - આ બે બાબતો સામંતશાહી-વ્યવસ્થાને ઢીલી પાડી દેતી હોય છે અને 10મી સદી પછીના સમયમાં અર્થાત્, પૂર્વમધ્ય-કાળના બીજા તબક્કામાં આંતરિક તેમ જ વિદેશી વ્યાપારમાં અને રોકડ નાણાંના ચલણમાં અભૂતપૂર્વ વિકાસ નોંધાયો હતો (જુઓ વિભાગ 1, એકમ 3). પરંતુ યુરોપની સામંતશાહીની તુલનામાં ભારતીય સામંતશાહીએ એક રાજકીય-પદ્ધતિ તરીકે નોંધપાત્ર પ્રવાહિતા અને અનુકૂલન દર્શાવ્યાં છે, તેમ કહેવું જોઈએ. જોકે એક આર્થિક પદ્ધતિ તરીકે તેમાં તિરાડો જરૂર પડવા લાગી હતી, તે પણ નોંધવું જોઈએ. ખાસ કરીને પશ્ચિમ ભારત માટે આ વધારે સાચું હતું. કારણ ત્યાં વ્યાપારનું પુનરુત્થાન, રોકડ નાણાંના ચલણનો વિસ્તાર, શહેરીકરણ વગેરે નવાં આર્થિક પરિબળોએ લગભગ સ્વાવલંબી કહી શકાય તેવી સામંતશાહી- અર્થવ્યવસ્થાને સારી રીતે હાનિ પહોંચાડી હતી. બિહાર, બંગાળ અને ઓરિસામાં પણ આ બાબતમાં ઠીક ઠીક પ્રમાણમાં સ્થિતિસ્થાપકતા જોવા મળે છે. વળી, પૂર્વ ભારતમાં (ઓરિસ્સા અપવાદરૂપે) કરતાં પશ્ચિમ ભારતમાં સામંતો અને અધિકારીઓને સેવા બદલ જમીન આપવાનું વધારે સામાન્ય હતું. તેને કારણે પણ પશ્ચિમ ભારતમાં જ્યારે આ નવાં આર્થિક પરિબળોનું જોર વધ્યું, ત્યારે સામંતશાહી-અર્થતંત્ર નબળું પડ્યું હતું (જેમ કે, ચલણી નાણાંનો વિકાસ થતાં રાજ્યના અધિકારીઓને જમીનને બદલે નાણાંમાં વેતન ચૂકવવાની સુવિધા ઊભી થઈ હતી.)

## 9.6 ભૂમિ-અનુદાનો અને રાજકીય સત્તાનું ન્યાયીકરણ (Land Grants and Legitimization of Political Authority)

ભારતભરમાં લગભગ બધી જ જગ્યાએ ભૂમિ-અનુદાનોએ રાજકીય સંગઠનો (રાજસત્તા) માટે એક અતિ મહત્ત્વની સેવા બજાવી હતી અને તે સેવા એટલે રાજાની, કે અનુદાન આપનારા સામંતની, રાજકીય સત્તાને સામાજિક તથા કાનૂની માન્યતા અપાવવાનું (ન્યાયી ઠેરવવાનું) તેમણે કરેલું કાર્ય. પૂર્વ ભારતમાં બંગાળ અને બિહારમાં પાલ-શાસન દરમ્યાન અપાયેલાં ભૂમિ-દાનોને કારણે બ્રાહ્મણો, બૌદ્ધ મઠો અને શૈવ-મંદિરો પણ મોટી જમીન-જાગીર ધરાવવા લાગ્યાં હતાં; જ્યારે પૂર્વમાં અન્ય સ્થળોએ તથા ઉત્તર ભારતમાં ઘણાં સ્થળોએ ભૂમિ-અનુદાનના મુખ્ય ગ્રહિતા (સ્વીકારનારા) બ્રાહ્મણો હતા. આ બધા ધાર્મિક દાન-ગ્રહિતાઓ રાજસત્તા માટે જનસમાજ પાસેથી એ સત્તાને કાયદેસરની માન્યતા અપાવનારા જાણે કે આડતિયા બની ગયા હતા ! આ માટે તેમણે ભૂમિદાન આપનારા રાજાના તથા સામંત-સરદારોના અતિશયોક્તિભર્યાં ગુણગાન ગાવાનો, પ્રશસ્તિઓ રચવાનો માર્ગ અપનાવ્યો. તેઓ પોતે રચેલી પ્રશસ્તિઓમાં રાજાને સૂર્યવંશી (શ્રીરામના વંશજ) કે ચંદ્રવંશી (શ્રીકૃષ્ણના વંશજ) તરીકે દર્શાવતા અને આ રીતે તેમનામાં દૈવી અંશ રહેલો બતાવીને તેઓ લોકોને પ્રભાવિત કરતા તથા આનાથી જનસમાજમાં રાજાનું સ્થાન અને સત્તા દૃઢ બનતાં. વળી, તેઓ રાજસત્તાને વૈચારિક-ટેકો પૂરો પાડવા માટે સાંસ્કૃતિક આદાન-પ્રદાનને (ખાસ કરીને આદિવાસી વિસ્તારોમાં) ઉત્તેજન આપતા. આદિવાસી જાતિઓની એકતા અને જાતિના સભ્યો વચ્ચેના સુમેળભર્યા સંબંધોનાં પ્રતીકોને જે રીતે બ્રાહ્મણધર્મમાં સમાવવામાં આવી રહ્યાં હતાં, તે આનું સરસ ઉદાહરણ પૂરું પાડે છે. ઓરિસામાં તો ખુદ રાજા તરફથી આદિવાસી દેવતાઓને માન્યતા આપીને અપનાવી લેવામાં આવ્યા હતા. તેમણે અપનાવેલા ગોકર્ણ સ્વામી તથા સ્તંભેશ્વરી પંથો તથા તેમના આશ્રય નીચે જગન્નાથજીના પંથનો થયેલો વિકાસ વગેરે આનાં ઉદાહરણો છે. આ બધું આખરે તો તેમની રાજસત્તાને જ વધારે દૃઢ બનાવતું હતું.

**'તમારી પ્રગતિ ચકાસો' - 3**

1. સામંતોનાં મુખ્ય કાર્યો અને ફરજો વર્ણવો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

2. 'પંચમહાશબ્દ'નો શો અર્થ થાય છે ?

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

3. રાજાઓ પોતાની રાજસત્તાને કાયદેસરતા અપાવવા માટે ભૂમિદાનો આપતા ખરા ?

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

## 9.7 સારાંશ

ઉત્તર અને પૂર્વ ભારતમાં અત્યારના કાશ્મીર, પંજાબ, હિમાચલ પ્રદેશ, હરિયાણા, ઉત્તર પ્રદેશ, બિહાર, બંગાળ, ઓરિસ્સા, આસામ અને મધ્ય પ્રદેશના કેટલાક ઉત્તરી-ભાગોનો સમાવેશ થાય છે. 8મી, 13મી સદીઓ દરમ્યાન આ પ્રદેશોમાં રાજકીય માળખાનાં વિશિષ્ટ લક્ષણો નીચે પ્રમાણે વર્ણવી શકાય :

- બળવાન કેન્દ્રીય રાજસત્તાની જગ્યાએ એક નવા જ પ્રકારની, નિર્બળ રાજાશાહી.
- નવા વહીવટી એકમોનો ઉદ્ભવ, જેને મહેસૂલી, ન્યાયકીય તથા કાયદો-વ્યવસ્થા જાળવવા જેવી ઘણી સત્તાઓની સોંપણી.
- રાજ્યમાં સત્તાનાં અનેક કેન્દ્રોનો ઉદ્ભવ.
- રાજાની સત્તાના વાસ્તવિક સ્વરૂપમાં પરિવર્તનની સાથે સાથે નોકરશાહીના સ્વરૂપમાં પણ આવેલું પરિવર્તન.
- સત્તા-માળખાના પાયામાં જમીન-જાગીર, જેને પરિણામે સામંતોની ચડતા-ઊતરતા ક્રમ-વાળી શ્રેણીનો ઉદ્ભવ.
- રાજ્યના અધિકારીઓ તથા સમગ્ર રાજકીય ઉપકરણોનું સામંતીકરણ.

## ૧.૮ 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો' - 1**

1. જુઓ, પેટા વિભાગ ૧.2.
2. બંગાળમાં ભુક્તિ, મંડલ, વિષય, નય, વિથિ વગેરે. આસામમાં ભુક્તિ, મંડલ વગેરે, કાશ્મીરમાં ગુલ્મ, મંડલ, વગેરે. (જુઓ પેટા વિભાગ ૧.2.1.)
3. જુઓ પેટા વિભાગ ૧.2.2.

**'તમારી પ્રગતિ ચકાસો' - 2**


1. જુઓ, પેટા વિભાગ ૧.3.1 પ્રધાનોને, લશ્કરી સેવા આપનારાઓને, રાજાનાં સગાંઓને, સામંતોને વગેરે ઘણાં લોકોને દેશ્ય, કારજ, ગ્રામજ. પ્રતિપત્તક જેવાં ભૂમિદાનો અપાતાં.
2. જુઓ, પેટા વિભાગ ૧.3.2.
3. જુઓ, પેટા વિભાગ ૧.3.3.
4. હા, તેઓ કશી ફરજો બજાવતા ન હોવા છતાં માત્ર રાજાના કુળનાં કે રાજકુટુંબનાં સભ્યો હોવાને કારણે જ તેમને ભૂમિ-અનુદાનો અપાતાં. (જુઓ, પેટા વિભાગ ૧.3.4)

**'તમારી પ્રગતિ ચકાસો' - 3**

1. જુઓ, પેટા વિભાગ ૧.4.
2. પંચમહાશબ્દ એ એક પ્રકારનો સામંતશાહી હોદ્દો હતો. તેને મેળવવો એ સામંત માટે સર્વોચ્ચ સન્માન ગણાતું. જુઓ, પેટા વિભાગ ૧.5.
3. હા, જે ધાર્મિક સંસ્થાઓ કે વ્યક્તિઓ (દા.ત: બ્રાહ્મણો) રાજસત્તાને કાયદેસરતા અપાવી શકે તેવા હોય તેમને ખાસ ભૂમિ-અનુદાનો અપાતાં. જુઓ, પેટા વિભાગ ૧.6.

## 9.9 ચાવીરૂપ શબ્દો (Key Words)

**આદેય** : કરવેરા
**અક્ષપટલિક** : મહેસૂલ અધિકારી
**ભોગી** : વહીવટી સેવા બજાવતો જમીનદાર
**ભુક્તિ** : વહીવટી એકમ
**દશેશ** : દસ ગામનો સ્વામી
**દેશ્ય** : મંત્રીઓ, રાજાનાં સગાં તથા લશ્કરી સેવા આપનારાઓને અપાતું ભૂમિ-અનુદાન.
**કારજ** : દેશ્યની જેમ જ
**ગ્રામજ** : દેશ્યની જેમ જ
**મંડલાંતર** : રાજાને બદલે તેના સામંતોની હકૂમતમાં મુકાયેલો વહીવટી એકમ
**પાદપદ્મોપજિવિન્** : સ્વામીની કૃપા ઉપર જીવતો સામંત કે રાજ્યાધિકારી
**પથક** : વહીવટી એકમ
**પત્તલ** : વહીવટી એકમ
**પ્રતિપત્તક** : દેશ્યની જેમ જ
**રાજવલ્લભ** : ભોગીની જેમ જ
**શતેશ** : સો ગામડાંનો સ્વામી
**સ્કંદાવર** : લશ્કરી વિજયછાવણી, જ્યાં રાજાની હાજરી હોય
**વિંશતીશ** : વીસ ગામડાંનો સ્વામી
**વિંશતીઅષ્ઠ** : મોટે ભાગે 28 ગામડાંના જૂથનો મહેસૂલી અધિકારી
**વિષય** : વહીવટી એકમ
**વિથિ** : વહીવટી એકમ




નકશો - 2 : ઉત્તરી, પૂર્વી, પશ્ચિમી અને મધ્યભારત ઈ.સ. 700-1000

# એકમ 10 પશ્ચિમ અને મધ્ય ભારત (Western and Central India)

## રૂપરેખા

10.0 પ્રસ્તાવના
10.1 રાજપૂત રાજવંશોનો ઉદ્ભવ
10.2 રાજપૂતોના મૂળ વિશેની પ્રચલિત કથાઓ : તેમના રાજકીય સૂચિતાર્થો
10.3 રાજકીય સત્તાની વહેંચણી
  10.3.1 વિવિધ રાજપૂત જાતિઓ
  10.3.2 વંશપરંપરાગત રાજસત્તાની રચના
  10.3.3 સામાજિક દરજ્જાઓમાં ઊંચા આવવાની પ્રક્રિયા
10.4 વશંપરંપરાગત રાજસત્તાનું દઢીકરણ
10.5 રાજતંત્રનું સ્વરૂપ અને માળખું
  10.5.1 રાજકીય અસ્થિરતા
  10.5.2 નોકરશાહી માળખું
  10.5.3 વંશાનુગત રાજ્ય અને સામંતશાહી રાજ્યતંત્ર
10.6 સારાંશ
10.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો
10.8 ચાવીરૂપ શબ્દો

## 10.0 પ્રસ્તાવના

ભારતીય રાજ્યતંત્રનાં પ્રણાલિકાગત અભ્યાસક્રમમાં સામાન્ય રીતે મુખ્ય ભાર શાસનકર્તા રાજવંશોની વંશાવળીઓ ઉપર અને તેમના શાસનકાળ દરમ્યાન (સમયાનુક્રમ અનુસાર) બનેલા બનાવો ઉપર જ મૂકવામાં આવતો હોય છે. વળી, રાજવંશોમાં આવેલાં પરિવર્તનોને જ રાજ્યતંત્રનાં પરિવર્તનો તરીકે ગણી લેવાતાં હોય છે. આ પ્રકારનો અભ્યાસ ખરેખર અપૂર્ણ ગણાય. આ અપૂર્ણતા પૂરી કરવા માટે હવેના અભ્યાસોમાં રાજ્યની રચના, રાજ્યતંત્રનું માળખું, રાજસત્તા તથા રાજકીય અંકુશનું સ્વરૂપ વગેરે જેવા મુદ્દાઓ ઉપર વિશેષ ભાર મૂકવામાં આવે છે. આપણે આ એકમમાં આ પ્રકારનાં દષ્ટિબિન્દુની સાથે પશ્ચિમ અને મધ્ય ભારતમાં પ્રાદેશિક રાજ્યતંત્રના ઉદ્ભવ અને વિકાસ વિશે માહિતી મેળવીશું.

પશ્ચિમ અને મધ્ય ભારતમાં વર્તમાન સમયનાં રાજસ્થાન, ગુજરાત તથા મોટા ભાગના મધ્ય પ્રદેશનો સમાવેશ થાય છે. આ પ્રદેશોમાં વારંવાર સત્તાકેન્દ્રો બદલાતાં રહેવાના કારણે, તથા સમયે સમયે નવાં નવાં રાજ્યતંત્રોના ઉદ્ભવની પ્રક્રિયા ચાલુ રહી હોવાને કારણે, અહીંના રાજ્યતંત્રનો અભ્યાસ વિશેષ મહત્ત્વ ધરાવે છે. પશ્ચિમ અને મધ્ય ભારત આપણને સ્થાનિક રાજ્યોના ઉદ્ભવમાં આવેલા વેગનું સુંદર ઉદાહરણ પૂરું પાડે છે. અનુગુપ્ત સમયમાં આ પ્રદેશોમાં પ્રવર્તતી રાજકીય અનિશ્ચિતતાનો ગુર્જર પ્રતિહાર, ગુહિલ, પરમાર, ચાહમાન જેવી રાજપૂત જાતિઓએ તથા કલચુરિયો અને ચંદેલોએ પણ સારો લાભ લીધો હતો. પૂર્વ મધ્યકાળના (8મીથી 13મી સદી) રાજકીય તખ્તા ઉપર તેમનો ઘણી સદીઓ સુધી પ્રભાવ રહ્યો હતો.

પ્રાચીન રાજવંશોને હટાવીને તેમની જગ્યાએ નવી રાજપૂત સત્તાઓની સ્થાપનાની પ્રક્રિયાનું ચિત્ર સ્પષ્ટ નથી. આમ છતાં આ પ્રદેશોમાં રાજકીય-સત્તાની વહેંચણીનાં સ્વરૂપનાં કેટલાંક આવશ્યક લક્ષણો તારવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. ઉત્તર અને પૂર્વ ભારત કરતાં આ પ્રદેશોમાં વંશપરંપરાની પ્રથાની અસરો વધુ પ્રમાણમાં જોવા મળે છે. તેમ છતાં, અહીં પણ વહીવટી તથા મહેસૂલી સત્તાઓનું વિસર્જન (કે વિભાજન), નોકરશાહીનું સામંતીકરણ વગેરે જેવા મધ્યકાલીન સામંતશાહી રાજ્યતંત્રનાં લક્ષણો ક્રિયાશીલ રહેલાં જોઈ શકાય છે.

## 10.1 રાજપૂત રાજવંશોનો ઉદ્‌ભવ (The Rise of Rajput Dynastics)

ઈ.સ. 712-13માં આરબોએ સિંધ ઉપર ચઢાઈ કરી અને તે પછીનાં 25 વર્ષોમાં તેમણે મારવાડ, માળવા અને ગુજરાતમાં ભરૂચને ઝપટમાં લઈ લીધાં, એટલું જ નહી, પરંતુ ભારતના અન્ય પ્રદેશો માટે પણ તેમણે ભય ઊભો કર્યો. તેમની આ ચડાઈઓ (સાચા અર્થમાં તો 'ધાડો')એ પશ્ચિમ ભારત તથા દખ્ખણની રાજકીય પરિસ્થિતિઓ ઉપર નોંધપાત્ર અસરો કરી. તેને કારણે આ સમય દરમ્યાન રાષ્ટ્રકૂટો તથા અત્યાર સુધી બિલકુલ અજાણ્યા એવા રાજપૂતો, રાજકીય ચિત્રમાં દાખલ થયા. તેમણે 8મી સદીથી જ આ પ્રદેશોના રાજકીય ઇતિહાસમાં અગત્યનો ભાગ ભજવવા માંડ્યો. વળી, આ સમયે ગુર્જર પ્રતિહાર અને રાષ્ટ્રકૂટ જેવી મહાસત્તાઓ વચ્ચેના સંઘર્ષોનો લાભ લઈને પરમાર અને ચાહમાન જેવા અજાણ્યા રાજપૂત રાજવંશો રાજકીય તખ્તા ઉપર આગળ આવ્યા.

રાજપૂતોનો આ રાજકીય અભ્યુદય આકસ્મિક લાગે તેવો છે, પરંતુ પૂર્વમધ્યકાળની શરૂઆતની ઘટનાઓનો જો બરાબર અભ્યાસ કરવામાં આવે, તો રાજકીય તખ્તા ઉપરનું તેમનું આગમન અચાનક થયેલું નહીં લાગે. વાસ્તવમાં, એ સમયના ચડતા-ઊતરતા હોદ્દાવાળા સામંતશાહી-રાજ્યતંત્રમાંથી જ આ રાજપૂત જાતિઓનો અભ્યુદય થયો હતો અને તેથી તેમના અભ્યુદયને આકસ્મિક ગણવાને બદલે તે સમયની સમગ્ર રાજકીય પ્રક્રિયાના એક ભાગ તરીકે જ ગણવો જોઈએ.

## 10.2 રાજપૂતોના મૂળ વિશેની પ્રચલિત કથાઓ : તેમના રાજકીય સૂચિતાર્થો (Legends as to the origin of the Rajputs : Their Political Implications)

રાજપૂતો મૂળ કોણ હતા, તે વિષે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે. તેમના ગોત્રોચ્ચારમાં તેમને ચંદ્રવંશી ક્ષત્રિયો કહેવામાં આવે છે, જ્યારે અમુક વિદ્વાનો પ્રાચીન કાવ્યોના આધારે તેમને સૂર્યવંશી ગણે છે. તેમને કલિયુગમાં મ્લેચ્છો (પરદેશીઓ)ને હાંકી કાઢવા માટે ઉત્પન્ન કરવામાં આવ્યા હતા, તેવી પણ એક કથા છે. રાજસ્થાનના ભાટ-ચારણોની કથાઓમાં તથા અભિલેખોમાં રાજપૂતોને 'અગ્નિકુળ'ના (અગ્નિમાંથી જન્મેલા) કહેવામાં આવ્યા છે. આ 'અગ્નિકુળ' વિશે પણ જુદી જુદી કથાઓ આપવામાં આવે છે. એક કથા એવી છે કે, ઋષિ વસિષ્ઠની કામધેનુ ગાયને ઋષિ વિશ્વામિત્ર બળજબરીથી ઉપાડી ગયેલા; તે પાછી મેળવવા માટે વસિષ્ઠે આબુ પર્વત ઉપર યજ્ઞ કર્યો; યજ્ઞના કુંડની અગ્નિજ્વાળામાંથી એક પ્રતાપી યોદ્ધો પ્રગટ થયો અને તે વિશ્વામિત્ર પાસેથી વસિષ્ઠ ઋષિની કામધેનુને છોડાવી લાવ્યો. આ યોદ્ધાના પરાક્રમથી પ્રસન્ન થયેલા ઋષિ વસિષ્ઠે તેને 'પરમાર' (દુશ્મનને સંહારનાર) એવું નામ આપ્યું. તે વીરપુરુષ પરમાર-વંશના રાજપૂતોનો આદિપુરુષ બન્યો. આમ રાજપૂત જાતિઓમાં સૌ પહેલાં પરમાર પ્રગટ થયા તેથી તેમની 36 જાતિઓમાં પરમારોનું સ્થાન પહેલું ગણાય છે.

પાછળથી ભાટચારણોએ પરમારોની સાથે પ્રતિહારો (પઢિયારો), ચૌલુક્યો (સોલંકીઓ) અને ચાહમાનો (ચૌહાણો)ને પણ યજ્ઞના અગ્નિકુંડમાંથી ઉત્પન્ન થયેલા અને તેથી અગ્નિકુળના ગણાવવા માંડ્યા. તેમને માટે તેઓ એવી કથા આપે છે કે, પુરાણકાળમાં પરશુરામે જ્યારે પૃથ્વીને ક્ષત્રિય-વિહોણી કરી (બધા જ ક્ષત્રિયોને મારી નાખ્યા) ત્યારે સમાજનું રક્ષણ કરનારા ક્ષત્રિયો નહીં હોવાને કારણે પૃથ્વી ઉપર રાક્ષસોનો ત્રાસ વધી ગયો. તેઓ ઋષિઓ અને બ્રાહ્મણોના યજ્ઞોમાં વિઘ્નો નાખવા લાગ્યા. તેથી અગત્સ્ય સહિત અન્ય ઋષિઓએ આબુ પર્વત ઉપર યજ્ઞ કર્યો. યજ્ઞના કુંડમાંથી અગ્નિજ્વાળાની સાથે એક પછી એક ચાર, દિવ્ય કાંતિવાળા, પ્રતાપી યોદ્ધાઓ પ્રગટ થયા. તેમણે રાક્ષસોને મારી નાખી, બ્રાહ્મણોનું રક્ષણ કર્યું. આ ચાર પ્રતાપી યોદ્ધાઓ એટલે પરમાર, પ્રતિહાર, ચૌલુક્ય અને ચાહમાન રાજપૂત જાતિઓના મુખ્ય રાજપુરુષો. તેઓ અગ્નિકુંડોમાંથી ઉત્પન્ન થયા એટલે તેમના વંશજો અગ્નિકુળના ક્ષત્રિયો કહેવાયા. અમુક કથામાં એવો પાઠફેર આવે છે કે, આ યજ્ઞ ઋષિ વસિષ્ઠે કર્યો હતો. તેમાં પહેલાં પરમાર, પ્રતિહાર અને ચૌલુક્યોના આદ્યપુરુષો નીકળ્યા, પરંતુ તેઓ રાક્ષસોને મારી ન શક્યા તેથી વસિષ્ઠે બીજો યજ્ઞકુંડ બનાવીને યજ્ઞ કર્યો ત્યારે તેમાંથી ચોથો પ્રતાપી પુરુષ નીકળ્યો, જેને વસિષ્ઠે 'ચાહમાન' એવું નામ આપ્યું. તે રાક્ષસોને મારવામાં સફળ થયો. જોકે આ કથા બાકીના ત્રણ અગ્નિકુળના રાજવંશો કરતાં ચાહમાનોને ચડિયાતા અને શક્તિશાળી બતાવવા માટે રચાઈ હોય તેમ લાગે છે.

આમ તો આ બધી જ કથાઓ કલ્પિત અને ઉપજાવી કાઢી હોય તેમ જણાય છે. વાસ્તવમાં, ભાટચારણો તથા દરબારી કવિઓએ પોતપોતાના આશ્રયદાતા રાજવીમાં દૈવી અંશનું નિરૂપણ કરવા તથા તેમ કરીને સમાજમાં તેમનું પ્રતિષ્ઠાભર્યું સ્થાન સ્થાપિત કરવા માટે આવી પૌરાણિક કથાઓની રચના કરી હશે. વળી, અહીં એ હકીકત નોંધપાત્ર છે કે, બધા જ રાજપૂત રાજવંશોની દિવ્ય ઉત્પત્તિની તથા તેઓ પ્રાચીન સૂર્યવંશી કે ચંદ્રવંશી પ્રતાપી ક્ષત્રિયોમાંથી ઊતરી આવ્યા છે તેવી, કથાઓ તેમણે રાજસત્તા સ્થાપિત કર્યા પછી ઘણા લાંબા સમયે પ્રચલિત થયેલી જોવા મળે છે. ઉદાહરણ તરીકે, ૭મી સદીના ઉત્તરાર્ધમાં ગુર્જર પ્રતિહાર રાજવી ભોજ ૧લાના એક અભિલેખમાં તેને સૂર્યવંશી અને શ્રીરામના નાના ભાઈ લક્ષ્મણ (જેઓ વનવાસ દરમ્યાન શ્રીરામની પર્ણકુટિનું પ્રતિહાર એટલે કે ચોકીદાર તરીકે રક્ષણ કરતા હતા)નો વંશજ કહેવામાં આવ્યો છે; પરંતુ ભોજની પહેલાંના પ્રતિહાર રાજવીઓના અભિલેખોમાં આનો કશો ઉલ્લેખ નથી ! તેનો અર્થ એ થયો કે, પ્રતિહાર સૂર્યવંશી ક્ષત્રિયો હતા તે કથા (અથવા તેવો દાવો) જ્યારે તેમની સત્તા ભોજ પહેલાના સમયમાં મધ્યાહ્ને પહોંચી હતી ત્યારે કરવામાં આવ્યો હતો અને તેનો હેતુ પ્રતિહાર રાજસત્તાને સમર્થન તથા વધારાની પ્રતિષ્ઠા અને ગૌરવ પ્રદાન કરવાનો હતો. તે જ રીતે પરમારો અને ચાહમાનો પણ ક્ષત્રિયો હતા તેવો દાવો તેમની સત્તાની શરૂઆતનાં વર્ષોમાં નહીં, પરંતુ તેમની સત્તા જામી ગયા પછી કરવામાં આવ્યો છે. આ બધાંનો અર્થ સ્પષ્ટ છે કે, રાજપૂત (મૂળ સંસ્કૃત શબ્દ 'રાજપુત્ર' - રાજાના પુત્ર) ગણાવવા માટે, અર્થાત્ તે વિશિષ્ટ સત્તા-વર્તુલમાં પ્રવેશ કરવા માટે, રાજસત્તાની પ્રાપ્તિ જરૂરી હતી અને આ નવી પ્રાપ્ત થયેલી રાજસત્તાને કાયદેસરતા અપાવવા માટે તેમને પુરાણ-પ્રસિદ્ધ (શ્રીરામ અને શ્રીકૃષ્ણ જેવા) દૈવી અંશવાળા પ્રતાપી ક્ષત્રિયો સાથે કોઈ ને કોઈ પ્રકારનો સંબંધ હોવાનો દાવો કરવાનું જરૂરી હતું. વિદ્વાનો ઉપરોક્ત કથાઓનો અર્થ એ રીતે કરે છે કે, ભારતમાં શક, હૂણ, ગુર્જર વગેરે જેવી કેટલીક વિદેશી લડાયક જાતિઓ સદીઓથી આવીને વસી હતી. પૂર્વમધ્યકાળમાં તે જાતિઓના ઘણા બહાદુર પુરુષો પાસે (મહાસત્તાઓના સામંતો તરીકે) નાની નાની જાગીરો કે ઠકરાતો તો હતી જ, હવે બ્રાહ્મણોએ તેમને પ્રાચીન 'ચાતુર્વર્ણ' (ચાર વર્ણો)ના માળખામાં સમાવી લેવા તથા તેમ કરીને તેમને સમાજમાં પ્રતિષ્ઠિત સ્થાન અપાવવા અને તેમની રાજસત્તાને સમાજ પાસેથી કાયદેસરની માન્યતા અપાવવા માટે, આબુ પર્વત ઉપર યજ્ઞ કરીને પહેલાં તેમને 'શુદ્ધ' કરીને સમાજમાં અપનાવ્યા હશે અને તે પછી તેમને 'વર્ણાશ્રમ'ના માળખામાં 'ક્ષત્રિય'ના માનભર્યા સ્થાને સ્થાપિત કરી દીધા હશે. પરમારો, પ્રતિહારો, ચૌલુક્યો અને ચાહમાનોની સત્તાનો ઉદય લગભગ એક જ સમયે થયો હતો અને તે પણ આબુ પર્વતની આસપાસના ગુજરાત અને રાજસ્થાનના પ્રદેશોમાં, તે હકીકત 'શુદ્ધીકરણ યજ્ઞ'ના ઉપરોક્ત અર્થઘટનને યોગ્ય ગણવા પ્રેરે છે.

## 'તમારી પ્રગતિ ચકાસો' - 1

1. ભાટચારણોએ 'અગ્નિકુળ'ની કથા શા માટે ઊભી કરી ? પાંચેક પંક્તિઓમાં જવાબ આપો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

2. પ્રાદેશિક રાજ્યતંત્રના અભ્યાસની શા માટે જરૂર છે ? ટૂંકમાં કારણો દર્શાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

3. નીચેનામાંથી જે વિધાનો સાચાં હોય તેમની સામે ✔ અને ખોટાની સામે ✘ નિશાની કરો :
   (i) ભારતના રાજકીય ચિત્રમાં રાજપૂત જાતિઓ એકાએક દેખા દે છે.
   (ii) પૂર્વ મધ્યકાળમાં નવાં સામાજિક જૂથોએ ક્ષત્રિય હોવાનો દાવો કર્યો હતો.
   (iii) આરબોએ ઈસુની છઠ્ઠી સદીમાં સિંધ ઉપર હુમલો કર્યો હતો.
   (iv) રાજપૂત રાજવંશોનાં મૂળ અંગે કોઈ સમસ્યા નથી.

## 10.3 રાજકીય સત્તાની વહેંચણી (Distribution Political Authority)

મધ્યકાલીન ભારતમાં રાજકીય સત્તાના વિભાજનની કોઈ એક તરાહ રહી નથી. ઉત્તર અને પૂર્વ ભારત કરતાં પશ્ચિમ અને મધ્ય ભારતમાં સત્તાનું વિભાજન કુળ કે વશંના આધાર ઉપર વધારે પ્રમાણમાં થયું હતું. રાજસ્થાનના ચાહમાનો (ચૌહાણો) તથા ગુજરાત-માળવાના પરમારોના રાજકીય-વૃત્તાંતો આવા વંશ-આધારિત સત્તા-વિભાજનનાં સારાં ઉદાહરણો પૂરાં પાડે છે.

### 10.3.1 વિવિધ રાજપૂત જાતિઓ (Various Rajput Calns)

મારવાડના ચારણી-વૃત્તાંતોમાં એવી હકીકત આપવામાં આવી છે કે, આબુના પરમારવંશી રાજા ધરણીવરાહે નવકોટ-મારવાડને જીતી લઈને, તેને પોતાના નવ ભાઈઓમાં વહેંચી આપ્યું : જેમ કે, એકને મંડોવર, બીજાને અજમેર વગેરે. આમ માળવાના પરમારો ઉપરાંત (i) આબુમાં (ii) ભિન્નમાળ (શ્રીમાળ)માં, (iii) ઝાલોરમાં અને (iv) વાગડમાં એમ ચાર જગ્યાએ પરમારોની શાખાઓ રાજ્ય કરવા લાગી. તે જ રીતે ચાહમાનોમાં પણ, ભરૂચના ચાહમાનો તથા પ્રતાપગઢ વિસ્તારમાં પણ, એમ રાજસ્થાન ઉપરાંત બે અન્ય જગ્યાએ ચાહમાનોની શાખાઓનું રાજ્ય હતું. પ્રતાપગઢનો ચાહમાન-શાસનકર્તા પ્રતિહારોનો 'મહાસામંત' હતો અને એ મહાસામંતના પૂર્વજ શાકંભરીના પ્રખ્યાત ચાહમાન વંશના સભ્ય હતા. શાકંભરીના ચાહમાનોની પણ તેમના મધ્ય અને પૂર્વ રાજસ્થાનના સત્તાકેન્દ્રમાંથી (i) નડુલ (ii) ઝાલોર (iii) સત્યપુર અને (iv) આબુના ચાહમાનોની ચાર અન્ય સત્તા-શાખાઓ વિસ્તરી હતી. તે રીતે જોઈએ તો, ચાહમાનોએ તેમનાં પાંચ સદીઓના લાંબા શાસનકાળ દરમ્યાન પશ્ચિમ રાજસ્થાન અને ગુજરાતના વિશાળ પ્રદેશો ઉપર આધિપત્ય ભોગવ્યું ગણાય.

બીજી એક 'ચાપ' કે 'ચાપોત્કટ' (અપભ્રંશ-ચાવડા) નામની રજપૂત જાતિના પણ ભિલ્લ-માળમાં, વઢિયાર (કાઠિયાવાડનો વઢવાણ-પ્રદેશ)માં અને ગુજરાતમાં અણહિલપુર પાટણ (વનરાજ ચાવડાએ વસાવેલું)માં - એમ ત્રણ જગ્યાએ શાસનો હતાં. તે જ રીતે ગુહિલોની બે શાખાઓ ઉદેપુર અને મેવાડમાં રાજ્ય કરતી હતી.

રાજપૂતોની ઉપરોક્ત મુખ્ય જાતિઓ ઉપરાંત કેટલીક ગૌણ જાતિઓનો પણ આ સમયે ઉદય થયો હતો. શાસનકર્તા રાજપૂત-જાતિઓની આવી વિપુલતા મુખ્યત્વે આ સમયે થયેલા સત્તા-વિભાજનને જ આભારી હતી.

### 10.3.2 વંશપરંપરાગત રાજસત્તાની રચના (Formation of Lineage Power)

વંશસત્તા (અર્થાત્ એક મુખ્ય રાજવંશમાંથી તેની શાખા-પ્રશાખાઓની પણ રાજસત્તા)ની રચન્નાની તરાહ બધી જગ્યાએ એકસરખી ન હતી. અમુક જગ્યાએ તેની રચના નવા વિસ્તારોમાં વસાહતોની સ્થાપના દ્વારા થઈ હતી. આ નવી વસાહતોની સ્થાપના પણ જુદાં જુદાં કારણોસર થયેલી જોવા મળે છે. ક્યાંક તે લશ્કરી આક્રમણ દ્વારા સ્થપાઈ હતી, જેમ કે, ચાહમન-રાજવંશમાં નડુલના ચાહમાનોનો કિસ્સો, નડુલના ચાહમાન સરદારોએ પોતાના રાજ્યની સરહદે રહેલા અન્ય સરદારો ઉપર આક્રમણ કરી, તેમનાં ગામડાંઓ પોતાના રાજ્યમાં ભેળવી દઈને નડુલ-રાજ્યનો વિસ્તાર કર્યો હતો. વૃત્તાંતોમાં જણાવ્યા પ્રમાણે, તેમણે નડુલને 'સપ્તશત'માંથી 'સપ્ત સહસ્રિક' દેશ (700 ગામડાંમાંથી 7000 ગામડાંઓવાળો દેશ) બનાવ્યો હતો. અમુક જગ્યાએ આદિવાસી જાતિઓ પાસેથી તેમના પ્રદેશો આંચકીને ત્યાં મૂળ રાજવંશની કોઈ શાખાનું નવું રાજ્ય ઊભું કરવામાં આવતું. ઉદાહરણ તરીકે, મંડોર-પ્રતિહાર કુક્કુકે આભિરોના ત્રાસથી ઉજ્જડ બનેલા પ્રદેશને નવેસરથી વસાવ્યો હતો. તે જ રીતે પશ્ચિમ અને મધ્ય ભારતમાં શબર, ભીલ, પુલિંદ વગેરે

આદિવાસી જાતિઓ પાસેથી મેળવેલા પ્રદેશોમાં નવા રાજપૂત રાજવંશોનાં રાજ્યો સ્થપાયાં હોવાનાં ઉદાહરણો મળે છે.

ગુહિલો અને ચાહમાનોમાં પણ આ પ્રકારનાં સ્થળાંતરોના તથા નવી વસાહતોની સ્થાપનાનાં ઉદાહરણો મળે છે, જેમ કે, રાજસ્થાનના કેટલાક ભાગોમાં ગુહિલોની વસાહતો છેક સાતમી સદીથી સ્થપાયેલી જોવા મળે છે. તેમ છતાં નાગડા-અહર ગુહિલોના અભિલેખોમાં ગુહિલોને મૂળ ગુજરાતમાંથી આવેલા દર્શાવાયા છે. ચારણી-સાહિત્ય પણ ગુહિલ-રાજ્યોની સ્થાપના દક્ષિણ રાજસ્થાનમાં ત્યાંની મૂળ ભીલ-જાતિઓને હટાવીને થઈ હોવાનું નોંધે છે.

ચાહમાનો મૂળ અહિચ્છત્રપુરમાંથી જંગલ દેશ (શાકંભરી)માં આવ્યા હતા. આ પ્રદેશનું નામ (જંગલ દેશ) જ સૂચવે છે કે, ત્યાં પહેલાં આદિવાસી જાતિઓ રહેતી હશે. 10મી સદીના એક દસ્તાવેજમાં એવી કથા આપવામાં આવી છે કે, શાકંભરીના ચાહમાન રાજા વાક્પતિરાજ 1લાના પુત્ર લક્ષ્મણે પોતાના થોડાક અનુયાયીઓ સાથે નડુલમાં જઈને ત્યાં લૂંટફાટ કરી ત્રાસ વર્તાવતા **મેદો**ને ત્યાંથી હાંકી કાઢ્યા હતા. તેના આ પરાક્રમથી અહીંના બ્રાહ્મણો એટલા બધા પ્રસન્ન થયા કે, તેમણે તેને નડુલના રક્ષણકર્તા તરીકે નીમ્યો. જતે દિવસે લક્ષ્મણે પોતાનું નાનકડું સૈન્ય ઊભું કર્યું તથા તેની મદદથી આજુબાજુના વિસ્તારમાંથી પણ મેદોને હાંકી કાઢી આ પ્રદેશમાં પોતાના નવા રાજવંશની સ્થાપના કરી અને નડુલને પોતાની રાજધાની બનાવી.

કેટલીક વખત વંશ-સત્તાનું નિર્માણ એક રાજવંશને હટાવીને ત્યાં પોતાના વંશની શાખાની સ્થાપના કરીને પણ થયેલી જોવા મળે છે. જેમ કે, ઝાલોરના ચાહમાન વંશની સ્થાપના આ રીતે થઈ હતી. નડુલના ચાહમાન રાજા આલ્હણના પુત્ર કીર્તિપાલને પોતાને ભાગે આવેલી જાગીરથી સંતોષ ન થયો. તેથી તે પોતાના અનુયાયીઓ સાથે નવા રાજ્યની સ્થાપના કરવા ચાલી નીકળ્યો. પહેલાં તેણે મેવાડની ડામાડોળ રાજકીય સ્થિતિનો લાભ લેવાનું નક્કી કર્યું પરંતુ તેમાં સફળ નહીં થતાં તે પરમારોના પ્રદેશ તરફ વળ્યો. તેણે પરમારોના પાટનગર ઝાલોર ઉપર ચડાઈ કરી તેને જીતી લીધું અને ત્યાં પોતાના નવા ચાહમાન રાજવંશની સ્થાપના કરી. એવું જ ભરૂચના ચાહમાન-વંશની બાબતમાં પણ બન્યું હતું. પહેલાં ભરૂચના પ્રદેશો ઉપર ગુર્જરોનું શાસન હતું, પરંતુ 8મી સદીના પૂર્વાર્ધમાં ભરૂચ ઉપર થયેલા આરબ-આક્રમણને કારણે ત્યાં અંધાધૂંધી પ્રવર્તતી હતી. આ અંધાધૂંધીનો લાભ લઈને ભતૃવદ્ધ (બીજો) નામના એક આહમાન સરદારે ગુર્જર પ્રતિહાર સમ્રાટ નાગભટ્ટ (પહેલો)ની સહાયથી ગુર્જરોને ભરૂચમાંથી હાંકી કાઢ્યા અને ત્યાં પોતાનો નવો રાજવંશ સ્થાપી દીધો. તેણે ઈ.સ. 756માં 'મહાસામંતાધિપતિ'નો ખિતાબ ધારણ કરેલો જોવા મળે છે (જે કદાચ તેના મદદગાર ગુર્જર પ્રતિહાર સમ્રાટ નાગભટ્ટે તેને આપ્યો હશે).

આમ વંશ-સત્તાની રચના જુદા જુદા વિસ્તારોમાં અને જુદા જુદા રાજવંશોની બાબતમાં જુદી જુદી રીતે થઈ હતી.

### 10.3.3 સામાજિક દરજ્જાઓમાં ઊંચા આવવાની પ્રક્રિયા (Process of Rising in Social Status)

પશ્ચિમ ભારતનો રાજકીય ઇતિહાસ એ દર્શાવે છે કે, કોઈ પણ વિસ્તારમાં એક મોટું જાતિ-જૂથ રાજકીય સત્તા પ્રાપ્ત કરવાની હરીફાઈમાં સફળ થઈ શકે છે, એટલું જ નહીં, પરંતુ સદીઓ સુધી ટકી શકે તેવા શક્તિશાળી રાજ્યની સ્થાપના પણ કરી શકે છે. એકાદ સ્થાનિક કૃષિ-જૂથ સમય જતાં અન્ય સ્થાનિક જૂથોને સમાવી લઈને વિશાળ પ્રાદેશિક રાજસત્તામાં પરિણમી શકે છે અને તે વિસ્તારમાં પોતાના રાજવંશની શાખા-પ્રશાખાઓ વિસ્તારી શકે છે. ગુર્જરત્રા, ગુર્જરભૂમિ, ગુર્જરરાષ્ટ્ર વગેરે જુદા જુદા નામે ઓળખાતો દક્ષિણ રાજસ્થાનને અડકીને આવેલો પ્રદેશ આનું સુંદર ઉદાહરણ પૂરું પાડે છે. આ પ્રદેશમાં વસતા ગુર્જર જાતિના લોકો (જેમના નામ ઉપરથી આ પ્રદેશનાં ઉપર જણાવેલાં નામો પડ્યાં છે.) મૂળ તો ખેતી અને પશુપાલનનો વ્યવસાય કરતા, પરંતુ સમય જતાં તેમનામાંનાં અમુક કુટુંબો આગળ પડતાં બન્યાં. તેમણે અહીં સ્વબળે રાજસત્તા જમાવી; તે પછી તેઓમાંનાં કેટલાક સત્તાધારી કુટુંબો પશ્ચિમ રાજસ્થાનમાં ફેલાતાં ગયાં અને દરેક જગ્યાએ પોતાનાં રાજ્યો તથા રાજવંશોની સ્થાપના કરતાં ગયાં. ગુર્જરોનું આ ઉદાહરણ દર્શાવે છે કે, કૃષિના આધારવાળું કોઈ પણ સ્થાનિક જૂથ સાનુકૂળ રાજકીય સંજોગો પ્રાપ્ત થતાં સમાજમાં ઊંચે દરજ્જે ચડી શકે છે તથા રાજકીય સત્તા અને સ્વામિત્વ પ્રાપ્ત કરી શકે છે. સમાજમાં ઊર્ધ્વ-ગતિશીલતાનું આ સુંદર ઉદાહરણ કહી શકાય.

## 10.4 વંશપરંપરાગત રાજસત્તાનું દઢીકરણ (Consolidation of Lineage Power)

પશ્ચિમ અને મધ્યભારતમાં રાજસત્તાઓના ઉદ્‌ભવની સાથે કેટલીક વિશિષ્ટતાઓ સંકળાયેલી જોવા મળે છે. આર્થિક સ્તરે, ભૂમિની વહેંચણીની અમુક તરાહ ધ્યાન ખેંચે તેવી ગણાય. લગભગ 10મી સદીના ઉત્તરાર્ધમાં ચાહમાન-રાજવંશના ઘણા સભ્યોને ભૂમિની વહેંચણી કરવામાં આવી હોવાના પુરાવાઓ મળે છે. રાજા સિંહરાજ, તેના ભાઈઓ વત્સરાજ અને વિગ્રહરાજ અને તેમના પણ ભાઈઓ ચંદરાજ તથા ગોવિંદરાજની પાસે તેમની પોતપોતાની જાગીરો હતી. નડુલના ચાહમાનો રાજા ઉપરાંત યુવરાજ, અન્ય રાજકુમારો અને રાણીઓ પણ પોતાના અંગત ગ્રાસ(જાગીર), ગ્રાસભૂમિકા કે ભુક્તિ ધરાવતા હતા. બીજા કોઈ પ્રદેશ કરતાં રાજસ્થાનમાં આ પ્રકારની જમીન-જાગીરો ધરાવવાનો રિવાજ સૌથી વધારે પ્રચલિત હતો. આ રીતે રાજકુટુંબનાં સભ્યોની વચ્ચે જમીન વહેંચી આપવાની આ પ્રથા ધીરે ધીરે વિકાસ પામતી ગઈ અને તેમાંથી વંશપરંપરાગત રાજસત્તા દઢ બનતી ગઈ.

બીજી પદ્ધતિમાં જમીનને બદલે મંડલ કે ભુક્તિ જેવા વહીવટી વિભાગોમાં આવેલાં અમુક ગામડાંઓનાં જૂથ (કે એકમ)ને જ જાગીર તરીકે આપી દેવાતાં. સૌરાષ્ટ્રમાં ગુર્જર પ્રતિહારોના સમયમાં આ રીતે 84 ગામડાંઓના જૂથ (જેને 'ચોર્યાસી' કહેતા) ને જાગીરમાં આપવાની પ્રથા હતી, જે પછી ધીરે ધીરે રાજસ્થાનમાં પણ પ્રસરી હતી. 10મીથી 12મી સદી દરમ્યાન ચાહમાન અને પરમાર વંશના રાજાઓ તથા રાજકુમારો આવી 'ચોર્યાસી'ઓની ઘણી મોટી જાગીરો ધરાવતા હતા. વળી, તે સમયે આ પ્રદેશોમાં કિલ્લાઓના બાંધકામને કારણે પણ વંશાનુગત રાજસત્તાને દઢ થવામાં મદદ મળી હતી. કારણ, આવા કિલ્લાઓ સંરક્ષણના હેતુ ઉપરાંત સ્થાનિક વસ્તી તથા આજુબાજુના ગ્રામ વિસ્તારો ઉપર અંકુશ સ્થાપવા માટેનું પણ અગત્યનું સાધન થઈ પડતા. સામાજિક ક્ષેત્રે, રાજકુટુંબો વચ્ચેના લગ્નસંબંધોએ પણ વંશાનુગત રાજ-સત્તાને દઢ બનાવવામાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. આ સમયે પરમારો અને રાષ્ટ્રકૂટો તથા ચાહમાનો અને પરમારો વચ્ચે લગ્નસંબંધો બંધાયા હતા. ગુહિલોએ ચાહમાનો અને પરમારો ઉપરાંત ચૌલુક્યો, રાષ્ટ્રકૂટો અને ચેદીઓ સાથે પણ લગ્નસંબંધો બાંધ્યા હતા. જોકે જુદાં જુદાં રાજકુટુંબો અને રાજવંશો વચ્ચે બંધાયેલા આ લગ્નસંબંધોમાં સામાજિક કરતાં રાજકીય ગણતરીઓ વધારે મહત્ત્વનો ભાગ ભજવતી હતી, પરંતુ તેને કારણે જુદા જુદા રાજવંશોનાં રાજ્યોમાં તથા રાજદરબારોમાં એકબીજા રાજકુટુંબોના સભ્યોની હાજરી રહેતી, જે સમાજિક તથા રાજકીય ક્ષેત્રે પણ પરસ્પર સહકાર અને સંમિલનની પ્રક્રિયાને વેગ આપતી.

**'તમારી પ્રગતિ ચકાસો' - 2**

1. પશ્ચિમ ભારતમાં વંશાનુગત રાજસત્તાની રચના માટે કારણભૂત બનેલા નવા વિસ્તારોમાં વસાહતીકરણ ઉપર પાંચેક પંક્તિઓ લખો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

2. 10મી સદી પછીના સમયમાં રાજસ્થાનમાં રાજકુટુંબનાં સભ્યોને વહેંચવામાં આવેલી જમીન-જાગીરોનાં ઉદાહરણો આપો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

3. નીચેનાં વિધાનોમાંથી સાચાંની સામે ✔ તથા ખોટાની સામે ✘ નિશાની કરો :
   (i) નવી પ્રાપ્ત થયેલી રાજસત્તાને સન્માનનીય સામાજિક દરજ્જા વડે કાયદેસરની માન્યતા અપાવવાના પ્રયત્નો થતા.
   (ii) રાજવંશો વચ્ચેના લગ્નસંબંધોને સામાજિક-રાજકીય સ્વરૂપની પ્રવૃત્તિઓ સાથે કશી લેવા-દેવા ન હતી.
   (iii) આંતર-રાજવંશ લગ્નોનું રાજકીય મહત્ત્વ ઘણું હતું.
   (iv) રાજપૂત-જાતિઓની રચનામાં રાજકીય સત્તાની પ્રાપ્તિએ કશો ભાગ ભજવ્યો ન હતો.

## 10.5 રાજતંત્રનું સ્વરૂપ અને માળખું (Nature and Structure of Polity)

### 10.5.1 રાજકીય અસ્થિરતા (Political Instability)

લશ્કરી તાકાત માત્ર શાસનકર્તા રાજવંશને ઉથલાવી પાડવામાં જ નહીં. પરંતુ નવા રાજ્યને કે સત્તા-કેન્દ્રને જન્મ આપવામાં પણ કારણભુત હોય છે. પરમારોના મુખ્ય રાજવંશની વાગડ-શાખાનો કિસ્સો આનું સરસ ઉદાહરણ છે. આ વાગડ-શાખા ૭મી સદીના પ્રથમ દશકથી અસ્તિત્વ ધરાવતી હતી. માળવાના પરમાર રાજા ઉપેન્દ્રના અવસાન પછી તેનો પુત્ર વાંસવાડા અને ડુંગરપુર વિસ્તારમાં માળવાના જ મુખ્ય પરમાર વંશના સામંત તરીકે રાજ્ય કરવા લાગ્યો. તેની આ વાગડ-શાખા સદીઓ સુધી માળવાના પરમારોને વફાદાર રહી. છેવટે 11મી સદીના ઉત્તરાર્ધમાં આ શાખાના રાજા ચામુંડરાજે માળવા સામે બળવો કરી. સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી. આમ માળવાએ વાગડ કાયમ માટે ગમાવ્યુ. ચામુંડરાજના વારસદાર પછી વાગડ-શાખા વિશે કશું જાણવા મળતું નથી, પરંતુ ત્રીસ વર્ષ પછી જે પ્રદેશો ઉપર વાગડ-શાખાનું શાસન હતું ત્યાં કોઈ 'મહારાજા' શૂરપાલ રાજ્ય કરતો જોવા મળે છે. આનો અર્થ એ થયો કે. ઈ.સ. 1155 આસપાસ વાગડના પરમારોને તેમના વંશની બહારની કોઈ વ્યકિતએ ઉથલાવી પાડ્યા હશે. પચ્ચીસ વર્ષ પછી આ નવા રાજવંશને પણ ઉથલાવી પાડવામાં આવ્યો હોય તેમ લાગે છે, કારણ કે ઈ.સ. 1179 આસપાસ વાગડ ઉપર કોઈ ગોહિલ રાજવી રાજ્ય કરતો હોવાનું માલૂમ પડ્યું છે. તેને પણ તેના આ નવા રાજ્યમાંથી 'મહારાજધિરાજ'ના ખિતાબધારી કોઈ રાજવીએ હાંકી કાઢ્યો હતો. આ મહારાજાધિરાજે પોતાના ચૌલુક્ય સ્વામાની મ..થી વાગડ પ્રદેશમા રાજ્ય સ્થાપ્યુ હોય તેમ લાગે છે.

### 10.5.2 નોકરશાહી માળખું (Bureaucratic Structure)

મધ્યકાલના ચૌલુક્ય. પરમાર કે ચાહમાન જેવી મહાસત્તાઓ શક્તિશાળી વહીવટીતંત્રની સહાય વગર દેશને આટલી સ્થિર સરકાર આપી શકે નહીં. આ સમયના દસ્તાવેજોમાં તથા અભિલેખોમાં આપણને વહીવટીતંત્રનાં વિવિધ ખાતાંઓ તથા તેમના અધિકારીઓ વિશે છૂટીછવાઈ માહિતી મળે છે. 'લેખપદ્ધતિ'માં સરકારનાં વિવિધ 'કરણો' (ખાતાંઓ)નાં નામ આપવામાં આવ્યાં છે, જે મુખ્યત્વે ગુજરાતના ચૌલુક્યોની સરકારને લાગુ પડી શકે તેમ છે, કારણ, ચૌલુક્યોના અન્ય દસ્તાવેજોમાં પણ વહીવટીતંત્રનાં 'કરણો'નાં આવાં જ નામો જોવા મળે છે. ઉદાહરણ તરીકે, ચૌલુક્યોના અભિલેખોમાં 'શ્રીકરણ'(મુખ્ય સચિવાલય)નો નામોલ્લેખ ઘણી વખત આવે છે. આ ઉપરાંત તેમના દસ્તાવેજોમાં 'વ્યયકરણ' (ખર્ચ ખાતું), વ્યાપાર-કરણ. મંડપિકા કરણ (કરવેરા અને જકાત ઉઘરાવનારું ખાતું) વગેરે 'કરણો'ના પણ વારંવાર ઉલ્લેખો આવે છે.

આ દરેક 'કરણ'નો વડો મહામાત્ય કહેવાતો. જોકે ઉપલબ્ધ દસ્તાવેજોમાં ખાતાંઓના વડાનાં તથા અન્ય અધિકારીઓનાં નામ સિવાય તેમનાં કાર્યો, ફરજો, કાર્યપદ્ધતિ વગેરે વિશે ખાસ માહિતી મળતી નથી. મહામાત્ય ઉપરાંત મહામંત્રી, મંત્રી, સચિવ વગેરેના પણ ઉલ્લેખો મળે છે, પરંતુ તેમના હોદ્દા કે ફરજો વિશે બહુ ઓછી માહિતી મળે છે. સામાન્ય રીતે મહામંત્રી કે મહાપ્રધાન રાજ્યોનો મુખ્ય પ્રધાન હતો અને સમગ્ર વહીવટીતંત્રની જવાબદારી તેના શિરે હતી. તેવો જ બીજો મહત્ત્વનો પ્રધાન 'મહાસાંધિવિગ્રાહિક' હતો, જેને આજની પરિભાષામાં વિદેશપ્રધાન કહી શકાય. તેને શિરે યુદ્ધ અને શાંતિની વાટાઘાટોની જવાબદારી રહેતી. દંડનાયક

કે સેનાપતિ લશ્કરી વડો હતો. અને તે મહત્ત્વનો અધિકારી ગણાતો. તેનું ખાતું (લશ્કરી ખાતું) 'બલાધિકરણ' કહેવાતું. ચાહમાનોના દસ્તાવેજોના ઉલ્લેખ પ્રમાણે રાજ્યના જુદે જુદે સ્થળે રખાયેલા ઘોડેસવાર સૈનિક દળના વડા તથા લશ્કરી ટુકડીઓના વડા (બલાધિપ) આ દંડનાયકના હાથ નીચે હતા. બીજો એક મહત્ત્વનો અધિકારી 'મહાક્ષપટલિક' નામનો હતો. તેનું ખાતું રાજ્યની મહેસૂલી આવક તથા ખર્ચનો હિસાબ રાખતું. પરમારોનો મહાક્ષપટલિક રાજ્યનાં ભૂમિ-અનુદાનોની પણ નોંધ રાખતો. આ ઉપરાંત મહાપ્રતિહાર (રાજમહેલ ખાતાનો વડો) અને ભાંડાગારિક (રાજ્ય-પુરવઠા તથા રાજ્યભંડારનો વડો) પણ અગત્યના અધિકારીઓ હોય તેમ દસ્તાવેજો ઉપરથી જાણવા મળે છે.

### 10.5.3 વંશાનુગત રાજ્ય અને સામંતશાહી રાજ્યતંત્ર (Lineage State and Feudal Polity)

પશ્ચિમ ભારત અને મધ્ય ભારતનાં વંશાનુગત રાજ્યોનું એક વિશિષ્ટ લક્ષણ એ હતું કે, તેમાં રાજકીય સત્તાની સાથે જમીન-જાગીરનું તત્ત્વ પણ સંકળાયેલું હતું. રાજકુટુંબનાં સભ્યો, રાજાના ભાયાતો (સગાંઓ) તથા શાસનકર્તા રાજપૂત જાતિના સરદારો અને સામંતો, ઉપરાંત સરકારના વહીવટી અધિકારીઓ પણ, આ જમીન-જાગીરો સાથે સંકળાવા લાગ્યા હતા. ગુર્જર પ્રતિહારોના દસ્તાવેજોમાં આપણને ચાહમાન, ચૌલુક્ય અને ગુહિલો જેવી રાજપૂત જાતિઓના સરદારોની જાગીરોના ઘણા ઉલ્લેખો જોવા મળે છે. એક દસ્તાવેજમાં મંથનદેવ નામના ગુર્જર પ્રતિહાર રાજવંશના એક સરદારે પોતાની જાગીર 'સ્વભાગોપ્ત' (પોતાના ભાગ તરીકે) મેળવી હોવાનો દાવો કર્યો છે. રાજપુત્ર (રાજપૂત) કીર્તિપાલનાં નડુલના ઈ.સ. 1161ના તામ્રપત્રમાં રાજકુટુંબના એક ફટાયા(નાના) રાજકુંવરે રાજા તરફથી 12 ગામડાંઓનું જૂથ પ્રાપ્ત કર્યું હોવાનો ઉલ્લેખ છે. પરમાર રાજા ભોજદેવના સમયના યશોવર્મનના કાલવણ-તામ્રપત્રમાં એક સરદારને તેના સ્વામી તરફથી 84 ગામડાંઓની સનદ(લેખપટ્ટો) મળી હોવાનો ઉલ્લેખ છે. જોકે પરમારોમાં જાતિના આધાર ઉપર ગુર્જર પ્રતિહારો કે ચાહમાનો જેટલાં ભૂમિ-અનુદાનો આપવામાં આવ્યાં લાગતાં નથી, તેમ છતાં ગામડાંઓના જૂથમાં જાગીર આપવાની બાબતમાં પરમારો ચાહમાનો કરતાં આગળ હોય તેમ દસ્તાવેજો ઉપરથી લાગે છે. તેમના દસ્તાવેજોમાં ઓછામાં ઓછા સાત કિસ્સાઓમાં 12 કે તેના ગુણાંકમાં (12, 24, 36, 84 વગેરે) તથા 16ના પણ ગુણાંકમાં ગામડાંઓનાં જૂથો અનુદાનમાં અપાયેલાં જોવા મળે છે. ઈ.સ. 1017ના એક પરમાર-અભિલેખમાં 52 (બાવન) ગામડાંઓનું જૂથ પણ અનુદાનમાં અપાયું હોવાનો ઉલ્લેખ છે, જે 12 કે 16ના પણ ગુણાંકમાં ગામડાંઓ આપવાની પ્રથાથી જુદું પડતું લાગે છે.

આમ જાતિના આધાર ઉપર જમીનની વહેંચણી, એ વંશાનુગત રાજસત્તાનું એક અગત્યનું લક્ષણ હતું, તો આ જમીન-ધારણનું સામંતશાહી સ્વરૂપ એ તેનું બીજું લક્ષણ હતું. અલબત્ત, આ સમયે સામંતશાહી-પદ્ધતિ બધી જ જગ્યાએ એકસરખી ન હતી અને હોદ્દાઓના જુદા જુદા પ્રકારોને કારણે તેમાં પ્રદેશે-પ્રદેશે થોડો તફાવત પડતો હતો, તે નોંધવું જોઈએ.

પશ્ચિમ અને મધ્ય ભારતનાં બધાં જ રાજ્યોમાં કેટલાક પ્રદેશો સામંતોના સીધા તાબા નીચે હતા. આ સામંતો સામાન્ય રીતે 'માંડલિક'ના નામે ઓળખાતા, પરંતુ તેઓ 'મહારાજધિરાજ', 'મહામંડલેશ્વર', 'મહામાંડલિક', 'મહાસામંત' જેવાં હોદ્દાસૂચક નામો ધારણ કરતા. ગુજરાતના ચૌલુક્યોના સૌથી અગત્યના સામંતો આબુના પરમારો તથા ઝાલોરના ચાહમાનો હતા. મેરહાન જગમલ્લ અને પરમાર સોમેશ્વર એ ચૌલુક્યોના જરા ઓછા મહત્ત્વના સામંતો હતા, તે જ રીતે, ચાહમાન-રાજ્યના ઘણા મોટા પ્રદેશો (ખાસ કરીને નડુલ અને ઝાલોરના પ્રદેશો) ઠાકુર, રાણક, ભોક્તા વગેરે નામોથી ઓળખાતા સામંતોના તાબા નીચે હતા. આ સામંતોએ માત્ર પોતાના સ્વામીને જરૂર પડે ત્યારે તેની મદદે અમુક નિયત સંખ્યામાં લશ્કર મોકલવાનું હતું. તે સિવાય તેમની ઉપર કોઈ અન્ય ફરજ લાદવામાં આવી ન હતી.

પરમાર રાજવીઓના સામંતોમાં નીચેનાઓનો સમાવેશ થતો હતો :

(i) જેમને રાજાએ તેમની સેવા બદલ 'ઇનામ' તરીકે જાગીર આપી હોય;

(ii) જેમણે પહેલાં રાજકીય અંધાધૂંધીના સમયમાં જમીન હાથ કરી લીધી હોય અને પાછળથી પરમાર રાજવંશનું આધિપત્ય સ્વીકારી તેમના સામંત તરીકે આ જમીન (કે મુલક) ઉપર રાજ્ય કરતા હોય (આ વર્ગના સામંતોમાં વાગડ અને કિરાડુની પરમાર-શાખાઓના રાજવંશોનો સમાવેશ થતો હતો).

(iii) જેમણે પરમાર રાજવંશના નબળા દિવસોમાં મધ્યસ્થ સરકારની અવગણના કરીને લશ્કરી બળથી (સ્વપરાક્રમથી) પોતાનો મુલક મેળવ્યો હોય (આ વર્ગમાં પરમાર મહાકુમારોનો સમાવેશ થતો હતો. તેમણે દેખાવ પૂરતો સામંત-સૂચક હોદ્દો ધારણ કર્યો હતો, પરંતુ વાસ્તવમાં તેઓ બધી જ રીતે સ્વતંત્ર રાજા જેવા જ હતા).

(iv) જેમને પરમારોને હાથે યુદ્ધમાં પરાજય થવાને કારણે પરમારોનું આધિપત્ય સ્વીકારવું પડ્યું હોય તથા તેમની પાસેથી સામંતનો હોદ્દો પ્રાપ્ત કર્યો હોય.

અર્બુદમંડળ (આબુ)ના પરમારો કે પરમાર 'મહાકુમારો' જેવા મોટા સામંતો લગભગ સ્વતંત્ર રાજા જેવા જ હતા. પરમારોના આ મોટા સામંતો પોતાના આશ્રિતોને જમીન આપીને પોતે પોતાની નીચે પેટા-સામંતો ઊભા કરી શકતા. પરમારોના શાસનકાળ દરમ્યાન લગભગ બધા જ મોટા સામંતોની જાગીરોમાં તેમના હાથ નીચે 'ઠાકુરો' (પેટા-સામંતો) સેવા આપતા. વળી, આ મોટા સામંતો પોતે જ પોતાના અધિકારીઓની નિમણૂક કરી શકતા, કરવેરા નાખી શકતા, તથા જમીન કે ગામના અનુદાન કરી શકતા અને અમુક લોકો જમીન કે ગામને કરવેરામાંથી મુક્તિ પણ આપી શકતા. મોટા સામંતો દ્વારા આ પ્રકારે થતાં ભૂમિ-અનુદાનો, તથા તેની સાથે મહેસૂલી અને વહીવટી અધિકારોની સોંપણીની પ્રથાને, 'પેટા-સામંતીકરણ' કહેવામાં આવે છે. પરમારો અને ખાસ કરીને પ્રતિહારોમાં આવા 'પેટાસામંતીકરણ'નાં પુષ્કળ ઉદાહરણો મળે છે. ગુજરાતના ચૌલુક્યોમાં પણ આવાં ઉદાહરણો મળે છે. રાજા ભીમદેવ 2જાના સમયમાં એક વણિક અધિકારીએ એક વાવ બંધાવી, પ્રાગ્વાટ (વણિક) જાતિની એક વ્યક્તિ (કદાચ વેપારી)ને થોડી જમીન આપીને આ વાવની જાળવણીનું કામ સોંપ્યું હતું. આમ સમય જતાં સામંતશાહી અને પેટાસામંતશાહીને કારણે રાણક, રાવત, ઠાકુર, સામંત, મહાસામંત જેવા ચડતા-ઊતરતા રાજકીય હોદ્દાઓ તથા દરજ્જાઓનું નિર્માણ થયું અને તે રીતે રાજસત્તાનું વિકેન્દ્રીકરણ થતું ગયું.

બીજી બાજુ, સરકારી અધિકારીઓને જમીન-જાગીર આપવાનું પ્રમાણ પ્રદેશે પ્રદેશે ઓછું-વત્તું હોવાનું જાણવા મળે છે. પરમારો પાસે લગભગ અર્ધા ડઝન જેટલા ઉચ્ચતમ અધિકારીઓ હતા, પરંતુ તેમાંથી બહુ ઓછાને જાગીરો મળી હોય તેમ લાગે છે અને 11મી સદીમાં તો કોઈને જાગીર આપવામાં આવી ન હતી. જયારે ગુજરાતના ચૌલુક્યોએ તેમના સામંતો અને ઉચ્ચ અધિકારીઓને ઘણા મોટા પ્રદેશોની જાગીરો આપી હતી. 12મી અને 13મી સદીના ચૌલુક્યોના તામ્રપત્રોની વિગતો તથા તેમની સાથે બરાબર મળતી આવતી 'લેખપદ્ધતિ'માંની વિગતો આપણને એમ માનવા પ્રેરે છે કે, આ સમય સુધીમાં સામંતો અને ઉચ્ચ અધિકારીઓ જાણે કે એકબીજામાં ભળી ગયા હતા ! (અર્થાત્, સામંતો પોતે જ ઉચ્ચ અધિકારીઓ હતા, અને ઉચ્ચ અધિકારીઓ સામંતો બની ગયા હતા ! ) 11મી અને 12મી સદીઓમાં મહત્ત્વના અધિકારીઓને ખાસ તેમનું વેતન ચૂકવવા માટે જ નાખવામાં આવેલા કરવેરા દ્વારા નિયમિતપણે વેતન ચૂકવવાની પ્રથા હતી. કલચુરી રાજ્યના **પટ્ટકીલો** અને **દુષ્ટસાધ્યો** (પોલીસ અધિકારીઓ), તથા ચાહમાનોના **બલાધિપો** આ રીતે (ખાસ કરવેરા દ્વારા ) વેતન મેળવતા. 12મી અને 13મી સદીના ચંદેલાઓના કેટલાક અભિલેખોમાં સામંતો, રાજ્યના અધિકારીઓ, જંગલ ખાતાના અધિકારીઓ, પોલીસ કોન્સ્ટેબલો વગેરેને અનુદાન કરાયેલાં ગામડાંઓમાંથી પોતાના (વેતન પેટે અપાયેલા) કર નહીં ઉઘરાવવાની તાકીદ કરવામાં આવી છે. આ ઉપરથી, આ બધા અધિકારીઓને વેતન ચૂકવવા માટે જ રાજ્યમાં ખાસ કરો નાખવામાં આવ્યા હશે અને તે કરોની આવકનો ઉપયોગ માત્ર આ અધિકારીઓના વેતન ચૂકવવામાં જ થતો હશે તેમ લાગે છે.

સામંતો પોતાના સ્વામીને નાણાકીય અને લશ્કરી સેવા આપવાને ફરજથી બંધાયેલા હતા. તેઓ પોતાની આ ફરજનું યોગ્ય રીતે પાલન કરે, તેના ઉપર જ તેમના સામંતશાહી અધિકારોના ભોગવટાનો આધાર રહેતો. વાગડના પરમારો પોતાના સ્વામી (માળવાના પરમારો)ના પક્ષે રહીને ઘણી વખત લડ્યા હતા. તે જ રીતે આબુ, કિરાડુ અને ઝાલોરના પરમારો ગુજરાતના ચૌલુકયોના સામંતો હતા અને તેમણે પોતાના આ સ્વામીઓની સેવામાં ઘણી વખત યુદ્ધમેદાનમાં પ્રાણોની આહુતિ આપી હતી. જોકે સામંતો પોતાના સ્વામીથી સ્વતંત્ર થવાની હંમેશાં તકો શોધતા રહેતા અને એવી તક મળે તો સ્વામી સામે બળવો કરીને સ્વતંત્ર પણ થઈ જતા. ઉદાહરણ તરીકે, મેવાડના ગુહિલોને જયારે પરમાર રાજવી વાક્પતિરાજ (બીજા)એ હરાવ્યા, ત્યારે તેમણે પરમારોનું આધિપત્ય સ્વીકાર્યું ખરું, પરંતુ તે પછી તેમણે પરમાર રાજવી ભોજ પહેલાના અવસાન પછી માળવામાં ફેલાયેલી રાજકીય અંધાધૂંધીઓનો લાભ લઈને સ્વતંત્ર થવાના પ્રયત્નો શરૂ કર્યા

દીધા હતા. તે જ રીતે નડુલના ચાહમાન કટુદેવે પોતાના સ્વામી ગુજરાતના ચૌલુક્ય રાજવી સિદ્ધરાજ જયસિંહના આખરી દિવસોમાં સ્વતંત્ર થવાની કોશિશ કરી હતી, જેને પરિણામે સિદ્ધરાજના અનુગામી રાજા કુમારપાળે તેની પાસેથી નડુલ ખૂંચવી લઈને ત્યાં પોતાની સીધી હકૂમત સ્થાપી, તેનો વહીવટ કરવા માટે પોતાનો **દંડનાયક** નીમ્યો હતો. કુમારપાળે આબુમાં પણ ત્યાંના બળવાખોર રાજવી વિક્રમસિંહ પરમારને પદભ્રષ્ટ કરી, તેની જગ્યાએ તેના ભત્રીજા યશોધવલને ગાદીએ બેસાડ્યો હતો. યશોધવલના પુત્ર ધારાવર્ષદેવે પોતાના ગુજરાતના સ્વામીઓની ત્રણ પેઢીઓની વફાદારીપૂર્વક સેવા કરી હતી. પરંતુ તેણે પણ રાજા ભીમદેવ (બીજા)ના સમયમાં બળવો કર્યો હતો. જોકે પાછળથી તેને મનાવી લેવામાં આવ્યો હોય, કે તેણે પોતે જ સમજીને શરણાગતિ સ્વીકારી લીધી હોય તેમ લાગે છે.

સામંતોની સૌથી મોટી ફરજ પોતાના સ્વામીને દુશ્મનની સામે લશ્કરી મદદ કરવાની હતી. કેટલીક વખત તો સામંતો પોતાના સ્વામી માટે નવા પ્રદેશો પણ જીતી લાવતા અથવા અન્ય પ્રદેશના રાજવીને પોતાના સ્વામીની તાબેદારી નીચે લઈ આવતા. એક અભિલેખમાં જણાવ્યા પ્રમાણે, જયારે નવો સ્વામી (રાજા) ગાદીએ બેસે, ત્યારે બધા સામંતોએ ખુલ્લા દરબારમાં તેને વફાદાર રહેવાના શપથ લેવા પડતા; તે પછી નવો રાજા આ સામંતોને તેમના હોદ્દા, જાગીરો વગેરે યથાવત્ રાખવાની જાહેરાત કરતો. સામંતો પોતાના સ્વામીને નિયંત રકમ (ખંડણી) મોટે ભાગે રોકડમાં આપતા, તથા દરબારમાં હાજરી આપતી વખતે અથવા સ્વામીના રાજ્યારોહણ, જન્મદિન કે વિજય વગેરેના ખાસ ઉત્સવપ્રસંગે કીમતી ચીજવસ્તુઓની ભેટ (નજરાણાં) સ્વામીને ચરણે ધરતા. જોકે જુદા જુદા દરજ્જાના સામંતોની ફરજો (ખંડણી આપવી, વગેરે) અંગેના કોઈ નક્કી નિયમો ન હતા. વાસ્તવમાં, સ્વામી અને સામંતો વચ્ચેના સંબંધો સંજોગો ઉપર તથા એકબીજાની સબળતા-નિર્બળતા ઉપર આધારિત હતા. ગુજરાતના ચૌલુક્યોના આબુના પરમારો કે નડુલના ચાહમાનો જેવા 'મહાસામંતો' ઘણા મોટા પ્રદેશો ઉપર શાસન કરતા હતા તથા પોતાનું અલગ શાસનતંત્ર પણ ધરાવતા હતા.

પૂર્વ મધ્યકાલમાં રાજકીય અસ્થિરતા અમુક અંશે આ સામંતશાહી-પદ્ધતિનું પરિણામ હતી: ઘણી વખત સામંતશાહી-બંધનોની દઢતા કે નિર્બળતા સ્વામી (રાજા)ના વ્યક્તિત્વ ઉપર આધાર રાખતી હતી. સ્વામીને જ્યારે રાજ્યની બહાર દૂર દૂરના પ્રદેશો ઉપર આક્રમણ કરવા માટે જવું હોય ત્યારે પોતાના અમુક શક્તિશાળી સરદારોને અમુક પ્રદેશોનો વહીવટ સોંપ્યા સિવાય તેમને છૂટકો જ ન હતો. રાજા અને તેમના સામંતો વચ્ચેના અંગત સંબંધો બંનેની એક-બે પેઢી સુધી સારા ચાલતા, પરંતુ સમય જતાં આ સંબંધોમાં ઓટ આવતી અને સામંત (કે તેના વંશજો) સ્વામીથી સ્વતંત્ર થવાની પેરવી શરૂ કરી દેતા. ઘણી વખત તો સામંતો માટે કોઈ કાયમી વફાદારી જેવી વસ્તુ જ ન રહેતી અને રાજ્ય ઉપર કોઈ શક્તિશાળી આક્રમણકાર ચડી આવે, તો તેની પાસેથી વધારે સારા લાભ (હોદ્દો કે વિશેષાધિકારોમાં) મેળવીને તેઓ તેના પક્ષે પોતાની વફાદારી બદલી નાંખવામાં આંચકો ન અનુભવતા.

### 'તમારી પ્રગતિ ચકાસો' - 3

1. નીચે **'અ'** વિભાગમાં 'લેખપદ્ધતિ'માંથી કેટલાક શબ્દો તથા **'બ'** વિભાગમાં તેમને અનુરૂપ ખાતાઓનાં નામ આપવામાં આવ્યાં છે. 'અ' અને 'બ' વિભાગોનો મેળ મેળવો.

| **અ** | **બ** |
|---|---|
| (i) વ્યયકરણ | (ક) મુખ્ય સચિવાલય |
| (ii) વ્યાપારકરણ | (ખ) હિસાબ વિભાગ |
| (iii) શ્રીકરણ | (ગ) વ્યાપારને લગતું ખાતું |
| (iv) મંડપિકાકરણ | (ઘ) કરવેરા ઉઘરાવનારું ખાતું |

2. સામંતોની સત્તા અને ફરજો વિશે લગભગ 10 પંક્તિઓમાં લખો.

........................................................................

........................................................................

........................................................................

........................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

3. નીચેનામાંથી સાચાં વિધાનો હોય તેની સામે ✔ અને ખોટાની સામે ✘ નિશાની કરો :
   (i) સામંતશાહી-પદ્ધતિમાં અનેક હોદ્દાઓ અને દરજ્જાઓ હતા.
   (ii) કેન્દ્રીકરણ એ રાજ્યના તંત્રનું અગત્યનું લક્ષણ હતું.
   (iii) સામંતો પોતાના સ્વામી સાથે કાયમી બંધને બંધાયેલા હતા, અને તેના સિવાય અન્ય કોઈના પક્ષે વફાદારી બદલી શકતા નહીં.

## 10.6 સારાંશ

લગભગ 8મી સદીની શરૂઆતથી પશ્ચિમ અને મધ્યભારતમાં સ્વતંત્ર રાજ્યો સ્થપાવા લાગ્યાં; આ રાજ્યોની સ્થાપનામાં સમાજમાં નવાં દાખલ થયેલાં જાતિ-જૂથો (દા.ત. રાજપૂતો)એ અગત્યનો ભાગ ભજવ્યો હતો. તેઓ મૂળ તો એક યા બીજી મહાસત્તાના સામંતો હતા, પરંતુ નવા નવા વિસ્તારોમાં વસાહતો સ્થાપવા જેવા વિવિધ ઉપાયો દ્વારા તેમણે સ્વતંત્ર રાજ્યો સ્થાપ્યાં હતાં. આ પ્રકારનાં રાજપૂત રાજ્યોની સ્થાપનાની તરાહ આ પ્રદેશની બહારના અન્ય પ્રદેશોની તરાહ કરતાં કંઈક જુદી હતી. જોકે એ બધા પ્રદેશોની જેમ જ અહીં પણ રાજપૂતો પોતાને ક્ષત્રિયો ગણાવતા હતા અને તેમને પણ પોતાની સત્તાને કાયદેસરતા અપાવવા માટે અન્ય વિસ્તારોના શાસકોના જેવા જ પ્રયત્નો કરવા પડ્યા હતા. તેમણે સામંતશાહી દરજ્જામાંથી સ્વતંત્ર રાજવીનો દરજ્જો પ્રાપ્ત કર્યો તે સમય દરમ્યાન તેમનું વલણ વંશાનુગત સત્તાની સ્થાપના તરફ રહ્યું હતું. આ ઉપરાંત તેમણે પોતાની રાજકીય સત્તાને રાજકુટુંબનાં સભ્યો, અગત્યના સરદારો વગેરેને જમીન વહેંચી આપીને (અર્થાત્, તેમને પોતાના સામંતો બનાવીને) વધારે દૃઢ કરી હતી.

આ ઉપરાંત આ પ્રદેશોના રાજ્યતંત્રનાં અન્ય કેટલાંક વિશિષ્ટ લક્ષણો આ પ્રમાણે હતાં :

– રાજકીય સત્તાનાં વિવિધ કેન્દ્રોને એકબીજાને સાથે સાંકળી શકે તેવા વ્યવસ્થિત નોકરશાહી તંત્રની રચના.
– સ્વામી-દાસ સંબંધોનું પ્રાબલ્ય.
– સામંતોના દરજ્જાઓના એક અગત્યના અંગ તરીકે જમીનની માલિકી.
– ...ાનિક રાજ્યતંત્રોનું વિશાળ કેન્દ્રીય રાજ્યતંત્ર સાથે જોડાણ.
  રાજકીય અને વહીવટી સેવાઓમાં જમીન-માલિકી ઉપર આધારિત દરજ્જાઓનું અમુક અંશે મહત્ત્વ.
– સામંતો દ્વારા વિશાળ વહીવટી અને નાણાકીય સત્તાઓનો ભોગવટો, જેને કારણે પેટા-સામંતીકરણની પ્રક્રિયાનો ઉદ્ભવ.

## 10.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### 'તમારી પ્રગતિ ચકાસો' - 1

1. ભાટચારણોએ 'અગ્નિકુળ'ની કથા પોતાના આશ્રયદાતા રાજવીને ગૌરવ તથા પ્રતિષ્ઠા અપાવવા માટે ઊભી કરી હતી. (જુઓ, પેટા વિભાગ 10.2)
2. જુઓ, પેટા વિભાગ 10.1.
3. (i) ✘ (ii) ✔ (iii) ✘ (iv) ✘

**'તમારી પ્રગતિ ચકાસો' - 2**

1. જુઓ પેટા વિભાગ 10.3.2.
2. જુઓ પેટા વિભાગ 10.4.
3. (i) ✔ (ii) ✘ (iii) ✔ (iv) ✘

**'તમારી પ્રગતિ ચકાસો' - 3**

1. (i) ખ; (ii) ગ; (iii) ક; (iv) ઘ
2. તમારો ઉત્તર પેટા વિભાગ 10.5.3માં આપવામાં આવેલી સામંતોની ફરજો તથા કાર્યો વિશેની વિગત ઉપર આધારિત કરો.
3. (i) ✔ (ii) ✘ (iii) ✘

## 10.8 ચાવીરૂપ શબ્દો (Key Words)

**બલાધિપ :** જકાતનાકાનો હવાલો સભાળનાર લશ્કરી અધિકારી

**ચોર્યાસિયા :** 84 ગામડાંઓનું અનુદાન મેળવનારાઓ.

**દુષ્ટસાધ્ય :** ફોજદારી કાયદો તથા વ્યવસ્થાનું પાલન કરાવનાર પોલીસ-અધિકારી.

**ગોત્રોચ્ચાર :** ગોત્રનું વર્ણન

**કાયદેસરતા પ્રાપ્ત કરવી :** પોતાની સત્તાને કાયદા તથા સમાજનું સમર્થન મેળવવું.

**વંશાનુગતતા :** કુલ કે વંશની સાધી રેખા

**મ્લેચ્છ :** સામાન્ય રીતે આરબ, તુર્ક તથા અન્ય વિદેશીઓ માટે વપરાતો શબ્દ

**વારસાહક્ક :** સામંતના વારસને તેના જીવનનિર્વાહ માટે અનુદાન કરાયેલી જમીન કે ગ્રામ.

# એકમ 11 દખ્ખણ (The Deccan)

## રૂપરેખા


11.0 પ્રસ્તાવના
11.1 પ્રદેશ પરિચય
11.2 રાજકીય સત્તાની રચના : ઐતિહાસિક પશ્ચાદ્‌ભૂમિકા
11.3 શાસનકર્તા રાજવંશોનો ઉદ્‌ભવ અને ફેલાવો
 11.3.1 રાજવંશો અને તેમના શાસનવિસ્તારો
 11.3.2 શાસનકર્તા રાજવંશોના ઉદ્‌ભવની તરાહ
 11.3.3 રાજવંશોના ઉદ્‌ભવ વિશેની ઘડી કઢાયેલી કથાઓ
11.4 સત્તાના દલાલો
11.5 રાજવંશો વચ્ચેના પરસ્પર સંબંધો
11.6 ભૂમિ અને વેરવિખેર સત્તાકેન્દ્રોનું એકીકરણ તથા સત્તાનાં સ્તરો
11.7 નોકરશાહી માળખું
11.8 રાજ્યનો આર્થિક આધાર : આવકનાં સાધનો
11.9 દખ્ખણના રાજ્યતંત્રમાં રાજકીય અસ્થિરતા
11.10 સારાંશ
11.11 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો
11.12 ચાવીરૂપ શબ્દો


## 11.0 પ્રસ્તાવના

આગળ એકમ 10માં મધ્ય અને પશ્ચિમ ભારતમાં આપણે રાજ્યતંત્રનું જે સ્વરૂપ જોયું, તેના જ અનુસંધાનરૂપે આ એકમને જોવો જોઈએ. આ એકમમાં દખ્ખણમાં છેક મૌર્યોના સમયથી રાજ્યતંત્રની શરૂઆત કરીને પૂર્વમધ્યકાળ સુધીમાં તેના થયેલા વિકાસનું તથા મુખ્ય પ્રવાહોનું આલેખન કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. તેમાં વિવિધ રાજ્યોના ઉદ્‌ભવમાં વંશપરંપરાગતતા તથા ભૂમિને લગતા હકો જેવાં તત્ત્વોનો શો ફાળો હતો તે પણ દર્શાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. તે જ રીતે રાજકીય સત્તાના સામાજિક તથા આર્થિક આધારોનો પણ પરિચય કરાવવામાં આવ્યો છે અને છેલ્લે, સત્તાનાં વિવિધ સ્તરોના એકીકરણના સ્વરૂપ ઉપર પણ પ્રકાશ ફેંકવામાં આવ્યો છે.

## 11.1 પ્રદેશ પરિચય (Identification of the Region)

'દખ્ખણ' શબ્દ મૂળ સંસ્કૃતના 'દક્ષિણ' શબ્દ ઉપરથી આવ્યો છે. 'દખ્ખણ'ની ખરેખર સીમા-મર્યાદાઓ કઈ ગણવી તે અંગે ઐતિહાસિક આધારસાધનો એકમત નથી. અર્થાત્, જુદાં જુદાં આધારસાધનોમાંથી તે વિશે જુદી જુદી માહિતી પ્રાપ્ત થાય છે. અમુકમાં 'દખ્ખણ' એટલે સમગ્ર ભારતીય દ્વિપકલ્પ એમ ગણવામાં આવ્યું છે, તો અમુકમાં માત્ર તેના થોડા ભાગને જ દખ્ખણ ગણાવાયો છે. અત્યંત સંકુચિત અર્થમાં દખ્ખણ એટલે હાલનો મરાઠી-ભાષી વિસ્તાર તથા તેની તદ્દન નજીકમાં આવેલા વિસ્તારો, તેમ થાય છે, જ્યારે વ્યાપક અર્થમાં તેમાં નર્મદાની દક્ષિણે આવેલો સમગ્ર ભારતીય દ્વિપકલ્પ ગણાવાઈ જાય છે. પરંતુ સામાન્ય રીતે, તેમાં મલબાર તથા દૂર દક્ષિણના તામિલ પ્રદેશોને બાકાત ગણવામાં આવે છે, કારણ, દખ્ખણના પહાડી ઉચ્ચ પ્રદેશ કરતાં આ દૂર દક્ષિણનો પ્રદેશ (જેને કૃષ્ણા અને તુંગભદ્રા નદીઓ દખ્ખણના ઉચ્ચ પ્રદેશથી અલગ પાડે છે) પોતાનાં આગવાં વિશિષ્ટ લક્ષણો ધરાવે છે.

આમ, વાસ્તવિક અર્થમાં, 'દખ્ખણ' એટલે સમગ્ર તેલુગુભાષી પ્રદેશ ઉપરાંત મહારાષ્ટ્ર અને ઉત્તર કર્ણાટક (કન્નડ ભાષા)ના પ્રદેશો, એવી વ્યાખ્યા કરી શકાય.

## 11.2 રાજકીય સત્તાની રચના : ઐતિહાસિક પશ્ચાદ્‌ભૂમિકા (Formation of Political Authority : The Historical Background)

દખ્ખણમાં રાજ્યવ્યવસ્થાની શરૂઆત છેક મૌર્ય સમય (ઈ.સ. પૂર્વે 3જી સદી)થી થઈ હતી. જો કે મૌર્ય-શાસકો દખ્ખણ ઉપર સીધી રીતે શાસન કરવાને બદલે ત્યાં પોતાના પ્રતિનિધિઓ

(સૂબાઓ) મૂકતા અને ત્યાંનું સમગ્ર વહીવટી કાર્ય તેમનાં પ્રાંતીય પાટનગરોમાં રહેલા તેમના આ પ્રતિનિધિઓ સંભાળતા. વળી, અહીં વહીવટી-વ્યવસ્થાના વડા તરીકે કેટલીક વખત સ્થાનિક સરદારોને પણ પસંદ કરવામા આવતા. પરિણામે પાછળથી દખ્ખણમાં જયારે મૌર્ય સત્તાનો અસ્ત થયો, ત્યારે આ જ પ્રાંતીય પાટનગરો તથા વહીવટી તાલીમ પામેલા સ્થાનિક સરદારો, નવા રાજ્યતંત્ર (રાજ્યો)ના નાભિ-સ્થાન સમાન બન્યા, જેમાંથી અહીં સ્વતંત્ર રાજસત્તાનો ઉદ્ભવ થયો. આ પ્રકારની પ્રક્રિયા ખાસ કરીને મૌર્યો પછી દખ્ખણમાં સાતવાહનોના શાસન દરમ્યાન વધારે નોંધપાત્ર બની. સાતવાહનોએ પણ પોતે જીતેલા સ્થાનિક સરદારોને તેમના પોતાના જ પ્રદેશોમાં વહીવટદાર તરીકે નીમીને તેમને પોતાના સત્તામાળખામાં સંમિલિત કરવાની પ્રથા અપનાવી હતી. તેને પરિણામે સાતવાહન સત્તાના અંત પછી આ સ્થાનિક સરદારો પોતાની સ્વતંત્ર રાજસત્તાઓ સ્થાપવામા સફળ થયા હતા.

એક રીતે જોઈએ તો, આ સમગ્ર રાજકીય તંત્ર લોહીના સંબંધો ઉપર આધારિત હતું. સાતવાહનોએ જુદા જુદા વિસ્તારોના શક્તિશાળી આદિવાસી કુટુંબોને લોહીના સંબંધે બાંધી લઈને તથા તેમને વહીવટીતંત્રમાં સામેલ કરીને, તે રીતે તેમના ઉપર અંકુશ રાખવાની નવી પદ્ધતિ વિકસાવી હતી. કાળક્રમે આ વહીવટી હોદ્દાઓ વંશપરંપરાગત બન્યા અને આ પ્રદેશમાં કાયમી શાસકવર્ગનો ઉદ્ભવ થયો. તેમાંથી સમય જતાં દખ્ખણમાં સ્વતંત્ર રાજ્યો તથા રાજ્યતંત્રોનો વિકાસ થયો.

**'તમારી પ્રગતિ ચકાસો' - 1**

1. નીચેનાં વિધાનોમાંથી જે સાચાં લાગે તેમની સામે ✔ તથા ખોટાં લાગે તેમની સામે ✘ની નિશાની કરો :
   (1) દખ્ખણ એટલે ભારતનો મરાઠી-ભાષી વિસ્તાર.
   (2) દખ્ખણમાં ૪મી સદીના ઉત્તરાર્ધ સુધી રાજ્યતંત્રોનો વિકાસ થયો ન હતો.
   (3) સાતવાહનોએ આગળ પડતા સ્થાનિક કુટુંબોના સરદારોને વહીવટી તંત્રમાં સામેલ કરવાની પદ્ધતિ અપનાવી હતી, જેમાંથી પાછળથી સ્વતંત્ર રાજ્યસત્તાઓનો વિકાસ થયો હતો.
2. દખ્ખણમાં સમાવિષ્ટ થયેલા ત્રણ ભાષાકીય વિસ્તારોનાં નામ આપો.
   (1) ..................................................................
   (2) ..................................................................
   (3) ..................................................................
3. મૌર્યોના સમય પછી દખ્ખણમાં શાસક વર્ગના ઉદ્ભવની પ્રક્રિયા ઉપર આશરે દસ પંક્તિઓમાં નોંધ લખો.

.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................

## 11.3 શાસનકર્તા રાજવંશોનો ઉદ્ભવ અને ફેલાવો (Emergence and Expansion of Ruiling Families)

દખ્ખણમાં મોટા ભાગના વિસ્તારોમાં ૪મી સદી પહેલાં જ રાજ્યતંત્રો સુસંગઠિત બની ગયાં હતાં.

જોકે અહીં સત્તાનાં કેન્દ્રોમાં કે શાસક રાજવંશોમાં કોઈ પલટા આવ્યા જ ન હતા, તેમ નથી. ખરેખર તો નવા નવા રાજવંશોનો ઉદ્ભવ એ સતત ચાલુ રહેલી પ્રક્રિયા હતી, તેમ કહી શકાય. ભારતમાં અન્ય સ્થળોની જેમ દખ્ખણમાં પણ અભિલેખોમાં લગભગ 7મી સદીથી શાસક રાજવંશોની વિસ્તૃત વંશાવળીઓ દેખાવા લાગે છે અને 8મીથી 13મી સદી વચ્ચેના અભિલેખો રાષ્ટ્રકૂટો, ચૌલુક્યો, શીલહારો, કાકતીયો, સેવુના (યાદવો), હોયસવો વગેરે અનેક મોટી-નાની રાજસત્તાઓના ઉદ્ભવની સાક્ષી પૂરે છે.

આ સમયમાં દખ્ખણમાં નવા નવા રાજવંશોના ઉદ્ભવ ઉપરાંત ચાલુ રાજવંશની શાખા-પ્રશાખાઓનો પણ ઉદ્ભવ અને ફેલાવો થયેલો જોવા મળે છે. જેમ કે, બાદામી (વાતાપી)ના મૂળ ચૌલુક્ય રાજવંશની સાથે સાથે લાટ, વેંગી વગેરે સ્થળોએ પણ આ ચૌલુક્ય વંશની શાખાઓ રાજ્ય કરતી માલૂમ પડે છે. આ ઉપરાંત, કર્ણાટકમાં ચૌલુક્ય કુળ(કે વંશ)નાં છૂટાંછવાયાં કુટુંબો અસ્તિત્વ ધરાવતાં માલૂમ પડે છે. તે જ રીતે દેવગિરિના મુખ્ય સેવુના (યાદવ) રાજવંશ, ઉપરાંત મસવાડી જેવા નાના પ્રદેશમાં પણ સેવુના વંશનું શાસન જોવા મળે છે. ઉપરાંત જુદા જુદા પ્રદેશોમાં એક જ વંશના નામવાળી શાસક-શાખાઓ પણ જોવા મળે છે, જેમ કે મોરાટા અને આરાલુના હૈહયો; કરાડીકલ, નુરુમ્બદ, ગોવા, હંગલ, બનવાસી બંદાલિકે વગેરેનાં કદંબો. ગંગોની અને નોળંબોની પણ જુદી જુદી રાજ-શાખાઓ વિસ્તરી હતી. આશ્ચર્યની વાત એ છે કે, આમાંના ઘણાં મુખ્ય રાજવંશનો અંત આવ્યા પછી પણ તેમની કેટલીક રાજ-શાખાઓ લાંબા સમય સુધી શાસન કરતી રહી હતી. ઉદાહરણ તરીકે વેંગીના ચૌલુક્યો (જે મૂળ વાતાપીના ચૌલુક્યોની શાખા હતી), ગંગો અને કદંબોની નાની શાસક-પ્રશાખાઓ વગેરે.

### 11.3.1 રાજવંશો અને તેમના શાસનવિસ્તારો (The Lineage and its Territory)

વિવિધ રાજવંશોના દરજ્જા, સત્તા અને શાસન-વિસ્તારો એકસરખા ન હતા. કેટલીક વખત જે તે રાજવંશના શાસન-વિસ્તારને તે રાજવંશનું જ નામ મળતું. જેમ કે ગંગવાડી (એટલે ગંગ રાજવંશ-શાસિત પ્રદેશ), નોળંબવાડી વગેરે, તો સામે પક્ષે અમુક રાજવંશો તેમના શાસિત-પ્રદેશ (નાના કે મોટા)ના નામથી ઓળખાતા, જેમ કે મસવાડી-140ના યાદવો, કે આરાલુ-300ના હૈહયો. તેમના પ્રદેશના નામની સાથે જે સંખ્યા છે તે ખરેખર તેમના શાસન નીચેનાં ગામડાંઓની સંખ્યા (140 ગામડાં, 300 ગામડાં વગેરે) દર્શાવે છે. આ સમયનાં રાજ્યોનો પ્રદેશ-વિસ્તાર બધો સમય એકસરખો ન રહેતાં, કાળક્રમે ઓછો-વત્તો થતો રહેતો. ઉદાહરણ તરીકે, 6ઠી સદીમાં મધ્ય ભારતના કલચુરીઓ તેમના પોતાના મૂળ પ્રદેશ ઉપરાંત માળવા, ગુજરાત, કોંકણ, મહારાષ્ટ્ર અને વિદર્ભના પ્રદેશો ઉપર પણ શાસન કરતા. તે ઉપરાંત તેમણે ત્રિપુરી (જબલપુર પાસે) અને રતનપુર (નર્મદા-ખીણ પ્રદેશ) જેવા કેટલાક અન્ય વિસ્તારોમાં પણ પોતાની વંશ-શાખાઓ સ્થાપી હતી. તેમની એક શાખા તો છેક પૂર્વભારતમાં પણ પહોંચી હતી. ત્યાં તે સરયુપર તરીકે ઓળખાતી. તે જ રીતે તેમની એક શાખા દખ્ખણમાં કર્ણાટક સુધી પહોંચી હતી.

### 11.3.2 શાસનકર્તા રાજવંશોના ઉદ્ભવની તરાહ (The Patterns of the Emergence of Ruiling Lineages)

દખ્ખણમાં રાજવંશોના ઉદ્ભવની તરાહ વિવિધ પ્રકારની રહી હતી. એક પ્રકાર એવો હતો કે, તેમાં જૂના રાજવંશને ઉથલાવીને તેના પ્રદેશમાં નવા રાજવંશની સ્થાપના થતી. વેંગીમાં વાતાપીના ચૌલુક્ય રાજવંશની સ્થાપના આ રીતે થઈ હતી. ત્યાં વાતાપીના ચૌલુક્ય રાજવી પુલકેશી રાજાએ શાસનકર્તા તેલુગુ-ભાષી રાજસત્તાને નાબૂદ કરીને, પોતાના ચૌલુક્ય રાજવંશની સ્થાપના કરી હતી. બીજા પ્રકારમાં, અન્ય પ્રદેશમાંથી સ્થળાંતર કરીને આવેલા લોકો નવા પ્રદેશમાં વસાહત સ્થાપીને ત્યાં પોતાની સત્તા જમાવતા. ઉદાહરણ તરીકે, મધ્યપ્રદેશમાં કલંજરને પહેલાં પ્રતિહારોએ અને પછી રાષ્ટ્રકૂટોએ જીતી લેતાં, ત્યાંનો શાસનકર્તા કલચુરી રાજવંશ દક્ષિણ તરફ નવા પ્રદેશમાં ખસ્યો. તેમનો એક વિભાગ કુંતલના જંગલી વિસ્તાર તરફ આગળ વધ્યો અને ત્યાં તેણે મંગલીવાડી (હાલના મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લામાં)ની વસાહત સ્થાપી.


સામાન્ય રીતે નવો રાજવંશ સ્થાનિક શક્તિશાળી નેતાગીરીમાંથી અને મોટે ભાગે કૃષિ-ક્ષેત્રમાથી, ઉદ્ભવ પામતો. ચૌલુક્ય નામ મૂળ 'ચાલુકી' શબ્દમાંથી ઊતરી આવ્યું છે. આ 'ચાલુકી' શબ્દ એક ખેતીના સાધનના નામને મળતો આવે છે. તે ઉપરથી એમ માનવાને કારણ મળે છે કે, ચૌલુક્યો મૂળ કૃષિ સાથે સંકળાયેલા હશે અને સમય જતાં તેમણે લશ્કરી વ્યવસાય અપનાવી, રાજ્યની સ્થાપના કરી હશે. જોકે ચૌલુક્યોની જેમ હોયસેવો કૃષિ સાથે સંકળાયેલા હોવાનો સંભવ નથી, કારણ કે,

તેઓ પર્વતીય પ્રદેશોમાં આવેલાં જંગલોના રહેવાસી હતા અને તેમની રાજકીય સત્તાનો પાયો કૃષિને બદલે પર્વતીય લશ્કરી ટુકડીઓને દોરવાની તેમની શક્તિ ઉપર તથા મેદાનોની અસ્થિર રાજકીય પરિસ્થિતિનો પોતાની તરફેણમાં ઉપયોગ કરવાની તેમની આવડત ઉપર આધારિત હતો.

અહીં એક નોંધપાત્ર બાબત એ છે કે, મધ્ય યુગનાં મોટાં રાજ્યો સામાન્ય રીતે મોટી નદીઓ (ગંગા, કાવેરી, કૃષ્ણા, ગોદાવરી વગેરે)ના ખીણપ્રદેશોમાં (કદાચ ત્યાં મોટા પ્રમાણમાં કૃષિ સુવિધાઓ હોવાને કારણે) વિકસ્યા હતા.જોકે વરંગલ કૃષ્ણા-ગોદાવરીના દોઆબથી દૂર હોવા છતાં ત્યાં કાકતીયોનું બળવાન રાજ્ય સ્થપાયું હતું, તે હકીકત પણ એટલી જ નોંધપાત્ર છે. આ પ્રદેશમાં કાકતીયોનું રાજ્ય સ્થપાયા પહેલાં સિંચાઈ-સુવિધાઓ લગભગ નહિવત્ જેવી હતી. તેને કારણે અહીં કૃષિ-વિસ્તાર પણ અત્યંત મર્યાદિત હતો. પરંતુ કાકતીયો (ખાસ કરીને બેત 2જો, રુદ્ર, ગણપથી પ્રતાપરુદ્ર દેવ વગેરે રાજવીઓએ) રાજ્યભરમાં તળાવો બંધાવી, સિંચાઈની સગવડતાઓ ઊભી કરી હતી. રાજા પ્રતાપ રુદ્રદેવે જંગલો કપાવીને ઘણી જમીન ખેતી-લાયક બનાવી હતી. (દા.ત. રાયલસીમા વિસ્તારમાં). ટૂંકમાં, કાકતીયોએ અહીં કૃષિવિકાસ કરીને રાજ્યને સમૃદ્ધ તથા શક્તિશાળી બનાવ્યું હતું. તેવી જ રીતે દક્ષિણ કર્ણાટક (મ્હૈસૂર પ્રદેશ)માં શરૂઆતના હોયસલ રાજવીઓએ પણ કૃષિ-વિકાસ માટે ઘણાં પગલાંઓ લીધાં હતાં.

### 11.3.3 રાજવંશોના ઉદ્‌ભવ વિશેની ઘડી કઢાયેલી કથાઓ (Fabricated Tales Regarding Geneologies and their Origins)

દખ્ખણના મોટા અને શક્તિશાળી રાજવંશો, જેવા કે કલ્યાણના ચૌલુક્યો, દેવગિરીના યાદવો, વરંગલનાં કાકતીયો વગેરેએ પોતપોતાની રાજકીય સત્તાની શરૂઆત રાષ્ટ્રકૂટોના નાના સામંતો તરીકે કરી હતી. રાષ્ટ્રકૂટો પોતે પણ શરૂઆતમાં (8મી સદીના પૂર્વાર્ધમાં દંતિદુર્ગે તેમની સ્વતંત્ર રાજસત્તાનો પાયો નાખ્યો ત્યાં સુધી) સામંતો તરીકે જ રાજ્ય કરતા. દંતિદુર્ગ અને તેના વારસદારોએ નાનું અને તદ્દન અજાણ્યું કુટુંબ પણ પોતાની ઇચ્છાશક્તિ અને પરાક્રમો વડે કઈ રીતે રાજ્ય અને મહારાજ્ય સ્થાપી શકે છે, તે બતાવી આપ્યું હતું. ચૌલુક્યો અને કાકતીયો




1. પશ્ચિમી દ્વાર
2. બાણ પાંદક
3. માટીનો કિલ્લો
4. ઉત્તરી દ્વાર
5. પૂર્વી દ્વાર
6. દક્ષિણી દ્વાર
7. અંદરની ખંદક અને
8. અંદરનો કિલ્લો
9. શંબુનિગુડી
10. સ્વયંભૂ શિવમંદિરના અવશેષો અને ચાર તોરણદ્વાર
11. વિષ્ણુમંદિર
12. વેંકટેશ્વરમંદિર
13. નેલા શંબુનિગુડી
14. તળાવ
15. એક શિલા

ઓરૂગલ્લુ કિલ્લો

પણ તેમના જ દાખલાને અનુસર્યા હતા.

આ રીતે મૂળમાં નાના અને નિર્બળ રાજવંશમાંથી શક્તિશાળી રાજ્યના શાસનકર્તા એવા મહાવંશ બનવાની પ્રક્રિયામાં જે તે રાજવંશને ગૌરવ અપાવવા માટે કરવામાં આવેલી બનાવટોએ પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. આ બધા જ રાજવંશો પોતાને કોઈ ને કોઈ પૌરાણિક મહાપુરુષના વંશજ મનાવતા. રાષ્ટ્રકૂટો અને યાદવો પોતાને યદુ (શ્રીકૃષ્ણ)ના વંશજ કહેતા; હોયસલો પણ પોતાને ચંદ્રવંશી ગણાવી, પોતાના મૂળને છેક દ્વારિકાધીશ શ્રીકૃષ્ણ સુધી પહોંચાડતા. તે જ રીતે, વરંગલના કાકતીય રાજા ગણપતિદેવને તેના ગુરુએ 'સૂર્યવંશી' કહીને સંબોધ્યો હતો, તેવી કથા કહેવામાં આવે છે. કાકતીયોના જ એક અભિલેખમાં રાજા પોતાને સૂર્યવંશી મનુ (તેના વંશની ઇક્ષ્વાકુ, ભગીરથ, રઘુ, દશરથ અને તેના પુત્ર શ્રીરામ) ના વંશમાં ઊતરી આવેલા ગણાવે છે.

ખરેખર તો આવા દાવાઓ પાછળથી ઉપજાવી કાઢેલા જણાય છે અને તેની સાબિતી માટે કોઈ ઐતિહાસિક પુરાવાઓ પ્રાપ્ત થતા નથી. (કદાચ તેથી જ બધા રાજવંશોએ છૂટથી પોતાને સૂર્યવંશી કે ચંદ્રવંશી ગણાવવાની હિંમત કરી હશે !). પરંતુ રાજકીય દષ્ટિએ આવા બનાવટી (ઉપજાવી કાઢેલા) દાવાઓનું ઘણું મહત્ત્વ છે, કારણ, આવા ઊંચા ઊંચા દાવાઓ જે તે રાજવંશના નાના કે નીચા કુળને સહેલાઈથી છુપાવી શકે છે. ઉદાહરણ તરીકે, હોયસલો મૂળમાં પર્વતો અને જંગલોમાં રહેનારા સરદારો હતા અને કાળક્રમે તેઓ પોતાના જેવા અન્ય સરદારોને હરાવીને તેમના વડા બન્યા હતા તથા તે પછી મેદાનોમાં ઊતરી આવીને તેમણે ત્યાં પોતાની રાજકીય સત્તાની સ્થાપના કરી હતી. કાકતીયો મૂળમાં શૂદ્રો હતા; તેથી પોતાની રાજકીય સત્તાને સ્થિર કરવા તથા જે તે પ્રદેશ ઉપર પોતાની ધાક જમાવવા માટે તેમણે પોતાના રાજવંશને શ્રીરામ જેવા પૌરાણિક, દૈવી, પરાક્રમી મહાપુરુષની સાથે જોડવો જ રહ્યો. બીજા શબ્દોમાં, સામાજિક પ્રતિષ્ઠા અને ગૌરવ પ્રાપ્ત કરવાના આ પ્રયત્નોના મૂળમાં તો રાજકીય પ્રભુત્વ સ્થાપવા માટેના જ પ્રયત્નો હતા. કલ્યાણના ચૌલુક્યો પોતાના મૂળ પુરુષને બ્રહ્માના (અમુક કથામાં ઋષિ દ્રોણના કે તેના પુત્ર અશ્વત્થામાના) હાથની અંજલિ (ખોબો)માં ભરેલા ગંગાના પવિત્ર પાણીમાંથી ઉત્પન્ન થયેલા ગણાવે છે. સંસ્કૃતમાં 'અંજલિ' ને 'ચુલુક' કહે છે, તેથી તે ઉપરથી તેમના વંશનું નામ "ચૌલુક્ય" (અંજલિમાંથી ઉત્પન્ન થયેલા) પડેલું છે, તેમ તેઓ કહે છે. આ બધા નવા રાજવંશોને આમ કર્યા સિવાય છૂટકો જ ન હતો. કારણ, તેઓ બધા બિન-ક્ષત્રિયો હતા અને તેમની રાજસત્તાને સામાજિક માન્યતા તેઓ ક્ષત્રિયનો દરજ્જો પ્રાપ્ત કરે તો જ મળે તેમ હતી અને એવો ક્ષત્રિય-દરજ્જો પ્રાપ્ત કરવાનો સહેલામાં સહેલો રસ્તો હતો, પોતાના રાજવંશને શ્રીરામ કે શ્રીકૃષ્ણ સાથે જોડી દેવાનો !

## 11.4 સત્તાના દલાલો (The Power Brokers)

પરંતુ નવી રાજસત્તા માટે સ્થિતરતા કે દઢતા પ્રાપ્ત કરવા તથા સામાજિક માન્યતા મેળવવા માટે માત્ર પૌરાણિક પાત્રો સાથે પોતાનો સંબંધ જોડી દેવાનું પૂરતું ન હતું. સૈદ્ધાંતિક રીતે, કોઈ પણ રાજસત્તાની પહેલી અને સૌથી મોટી ફરજ લોકોને રક્ષણની બાંહેધરી આપવાની હતી. હોયસળોના અભિલેખોમાં રાજાની ફરજોને લગતા 'દુષ્ટનિગ્રહ', 'શિસ્તપ્રતિપાલન' જેવા શબ્દો વારંવાર જોવા મળે છે. જેનો અર્થ એ થાય છે કે, રાજાની ફરજો બે પ્રકારની ગણાતી : દુષ્ટો ઉપર અંકુશ રાખવો અને સજ્જનોનું રક્ષણ કરવું. આ બે શબ્દોમાં જ 'ધર્મશાસ્ત્રો'એ રાજાને આપેલા બધા જ આદેશોનો સાર સમાઈ જાય છે. આમાં 'રક્ષણ' શબ્દમાં માત્ર વ્યક્તિઓનું જ નહીં, પરંતુ સામાજનું-સામાજિક વ્યવસ્થાનું પણ રક્ષણ કરવાનો અર્થ રહેલો છે. ખરેખર તો 'ધર્મશાસ્ત્રો'એ 'દંડ' (કે બળ)નું આયોજન જેટલું રાજકીય સાધન તરીકે કર્યું હતું, તેટલું જ અથવા તેના કરતાં પણ વધારે, સામાજિક વ્યવસ્થાની જાળવણી માટે કર્યું હતું.

પરંતુ પોતે આ ફરજોનું બરાબર પાલન કરી શકે તે માટે રાજસત્તાને, ધર્મસત્તાનો અર્થાત્ ધર્મના સ્તંભ જેવા ગણાતા બ્રાહ્મણોનો, ધાર્મિક સંપ્રદાયોના વડાઓનો તથા ધર્મનાં સ્થાનો જેવાં કે મંદિરો અને મઠોનો, સાથ જરૂરી હતો. સામે પક્ષે ધર્મસત્તાને પણ રાજસત્તાની હૂંફની (તેના તરફથી મળતાં રક્ષણ, પ્રોત્સાહન અને આર્થિક લાભોની) જરૂર હતી. આમ રાજસત્તા અને ધર્મસત્તાનાં પરસ્પરનાં હિતોનો મેળ બેસી ગયો હતો ! રાજસત્તા તરફથી બ્રાહ્મણોને, ધાર્મિક સંપ્રદાયોના વડાઓને તથા મંદિરો-મઠોને છૂટે હાથે ભૂમિ-દાનો અપાવા લાગ્યાં; સામે પક્ષે તે બધા તરફથી (અર્થાત્, ધર્મસત્તા તરફથી) રાજસત્તાને કાયદેસરની માન્યતા મળવા લાગી. વળી, આવી પરસ્પર આપ-લે માત્ર એક રાજ્ય પૂરતી મર્યાદિત ન હતી; એક રાજ્યના બ્રાહ્મણોને તથા મંદિર-મઠોને અન્ય રાજ્યો

તરફથી પણ દાનો (ભૂમિદાન કે અન્ય આર્થિક દાનો) મળતાં. એક પ્રદેશના બ્રાહ્મણો બીજા પ્રદેશમાં જઈને વસ્યા હોય તેવાં આ સમયનાં સંખ્યાબંધ ઉદાહરણો સાંપડે છે. રાષ્ટ્રકૂટ રાજાઓ પાસેથી તેમના રાજ્યના બ્રાહ્મણો ઉપરાંત વેંગી (આંધ્રપ્રદેશ), પાટલીપુત્ર (બિહાર), પુંડ્રવર્ધન (બંગાળ) અને કાવી (ગુજરાત)ના બ્રાહ્મણોએ પણ દાન મેળવ્યાં હતાં અને તેઓ રાષ્ટ્રકૂટ રાજ્યમાં જઈને વસ્યા હતા. યાદવોના દેવગિરિના રાજ્યમાં મધ્ય ભારત અને ઉત્તર પ્રદેશ જેવાં દૂરનાં સ્થળોએથી બ્રાહ્મણો આવ્યા હતા અને તેમણે રાજા તરફથી દાનો મેળવીને ત્યાં જ કાયમી વસવાટ કર્યો હતો.

આ ઉપરાંત રાજાઓ પોતાની રાજસત્તા માટે સામાજિક માન્યતા પ્રાપ્ત કરવાના હેતુસર તે સમયે સમાજમાં ઘણા પ્રચલિત એવા ; મુખ્ય ધર્મો-શૈવ અને વૈષ્ણવ-માંથી કોઈ પણ એકની સાથે પોતાને સાંકળતા અને પોતાને પરમ માહેશ્વર (શૈવપંથી) કે પરમભાગવત (વૈષ્ણવપંથી) કહેવરાવતા. એટલું જ નહીં, પરંતુ તેઓ પોતાના આ ઇષ્ટદેવની કૃપાથી જ સત્તા પ્રાપ્ત થઈ છે, તેમ માનતા અને મનાવતા. ઉદાહરણ તરીકે, રાષ્ટ્રકૂટ સત્તાને ઉથલાવનાર કલ્યાણનો ચૌલુક્ય રાજા તૈલરને પોતે જગદ્ગુરુ ઈશ્વર ઘલીસાસા (જેઓ 'બ્રહ્મદેય' ગામના વડા હતા)ના આશીર્વાદથી જ ગાદી પ્રાપ્ત કરી શક્યો હતો તેમ માનતો. વરંગલના કાકતીય રાજવંશના સ્થાપક માધવવર્મને ભગવતી પદ્માક્ષી દેવીની કૃપાથી એક હજાર હાથી, એક લાખ ઘોડા અને પાયદળવાળું બળવાન લશ્કર પ્રાપ્ત કર્યું હતું તેમ કહેવાતું. વરંગલના કાકતીય રાજવીઓ પ્રોલ પહેલો અને બેત બીજો પોતે શૈવધર્મી હોવાને કારણે શૈવધર્મીના અનુયાયીઓ ઉપર અનહદ કૃપા વરસાવતા, જ્યારે અન્ય ધર્મોના અનુયાયીઓને તેમણે પીડ્યા હોવાનાં પણ અમુક ઉદાહરણો મળે છે.

## 11.5 રાજવંશો વચ્ચેના પરસ્પર સંબંધો (Inter-Lineage Relations)

વિવિધ રાજવંશો વચ્ચેના સંબંધો એ પૂર્વમધ્યકાલીન દખ્ખણના રાજ્યતંત્રનું એક નોંધપાત્ર લક્ષણ હતું. તે સમયની પરિસ્થિતિ જ એવી હતી કે તેમાં કોઈ પણ રાજકીય એકમ અલગ કે એકલું રહી ન શકે. મહાસત્તાઓ વચ્ચે સીમા ઉપરના કોઈ પ્રદેશ માટે કે કોઈ વ્યૂહાત્મક ફળદ્રુપ સ્થાન માટે વારંવાર યુદ્ધો થતાં. આને કારણે નાની સત્તાઓ માટે તટસ્થતા જાળવવાનું અશક્ય બની જતું, કારણ, તેમણે એક યા બીજી મહાસત્તાનો પક્ષ લેવો જ પડે અને તેનાં સારાં કે માઠાં પરિણામો પણ ભોગવવાં જ પડે.

બીજી બાજુ, મહારાજ્યમાં પણ તેનાં નાનાં નાનાં પેટા રાજ્યો બહારથી વફાદારી દર્શાવતાં હોવા છતાં અંદરથી પોતાની તાકાત અને યુદ્ધસામગ્રી વધારતાં રહેતાં જ હોય છે, જેથી કરીને સમય આવે પોતાના સ્વામી ઉપર ઘા કરી શકાય. આને કારણે રાજાને પોતાના સામંતોમાં સૌથી મોટા અને શક્તિશાળી સામંતો (મહામંડલેશ્વરો)થી હંમેશાં ચેતતા રહેવું પડતું. આ 'મહાસામંતો' અંદરોઅંદર સંગઠન સાધીને પોતાની સામે ન થાય અથવા તો તેમનામાંના જ કોઈ એક કે બે બીજા નાના સામંતોના ભોગે પોતાની સત્તામાં વધારો ન કરે, તેની રાજાએ તકેદારી રાખવી પડતી અને તેમના આવા વલણની જરા પણ શંકા આવે કે તુરત જ તેમના ઉપર અંકુશ મૂકવા માટે તેણે બધા જ ઉપાયો કામે લગાડી દેવા પડતા. રાષ્ટ્રકૂટોના એક વખતના સામંત એવા કલ્યાણના ચૌલુક્યો કઈ રીતે શક્તિશાળી બન્યા અને રાષ્ટ્રકૂટ રાજા કૃષ્ણ ત્રીજા પછી તેના નબળા વારસદારોના સમયમાં અનુકૂળ તકનો લાભ લઈને તેમણે કઈ રીતે કલ્યાણમાં સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી, તે હકીકત સર્વવિદિત છે. 12મી સદીમાં સેવુના (દેવગિરિના યાદવો), હોયસળો અને કાકતીયોએ પણ ચૌલુક્ય-કલચુરી સંઘર્ષોનો લાભ લઈને સ્વતંત્રતા ધારણ કરી હતી.

આમ છતાં રાજવંશોના પરસ્પરના સંબંધોની જાળ ચાલુ રાખવામાં આવતી, કારણ, યુદ્ધના સમયે જ્યારે મોટાં લશ્કરોની હેરફેર જરૂરી બનતી, ત્યારે આ સંબંધો ઘણા ઉપયોગી બનતા. ઉદાહરણ તરીકે, દક્ષિણ કર્ણાટકના હોયસલો તેમના સ્વામી ચૌલુક્ય રાજા સોમેશ્વર બીજાની મદદે લશ્કર લઈને દોડી ગયા હતા; તે જ રીતે ગંગોએ તેમના રાષ્ટ્રકૂટ સ્વામીઓને મધ્ય ભારતમાં બસ્તરમાં આવેલા ચક્કૂટનો કિલ્લો જીતવામાં મદદ કરી હતી.

**'તમારી પ્રગતિ ચકાસો' - 2**

1. 8મી અને 13મી સદીઓ વચ્ચે દખ્ખણમાં ઉદ્ભવ પામેલા કોઈ પણ પાંચ રાજવંશોનાં નામ આપો.
   (1) ..................................
   (2) ..................................

(3) ..............................

(4) ..............................

(5) ..............................

2. નીચેનાંમાંથી સાચાં વિધાનોને પસંદ કરી તેમની સામે ✔ નિશાની કરો :

(i) દખ્ખણમાં પૂર્વ મધ્યકાળમાં રાજવંશોના ઉદ્ભવની તરાહ સૂચવે છે કે,

(અ) માત્ર ક્ષત્રિયો જ રાજસત્તા ધારણ કરી શકતા.

(બ) કોઈ પણ જાતિ કે જૂથ રાજસત્તા માટે હરીફાઈ કરી શકતા.

(ii) રાજ્ય તરફથી બ્રાહ્મણો કે ધાર્મિક સંસ્થાઓને દાનો આપવામાં આવતાં, કારણ,

(અ) તે પુણ્યનું કાર્ય ગણાતું.

(બ) તેઓ સામાજિક વ્યવસ્થા માટે ભય ઊભો કરે તેમ હતા.

(ક) તેઓ અમુક પ્રકારનાં ધાર્મિક નિયમોનું પ્રતિનિધિત્વ કરતા હતા.

(ડ) તેઓ રાજસત્તાને સમાજમાં ગૌરવ તથા સામાજિક માન્યતા અપાવે તેમ હતા.

## 11.6 ભૂમિ અને વેરવિખેર સત્તાકેન્દ્રોનું એકીકરણ તથા સત્તાનાં સ્તરો (Land and Integration of Dispresed Foci and the Levels of Power)

આ સમયે માત્ર દખ્ખણમાં જ નહીં, પરંતુ દેશનાં લગભગ બધાં જ મોટાં રાજ્યોમાં રાજકીય માળખાની એક વિશિષ્ટ ઘટના એ હતી કે, બધી જગ્યાએ સત્તાનું વિકેન્દ્રીકરણ થયું હતું. આ ઘટના સામંતશાહી પદ્ધતિને આભારી હતી. દખ્ખણમાં સામંતશાહી-સત્તાઓના બે પ્રકાર જોવા મળે છે :

(1) એક પ્રકારમાં બળવાન સત્તાએ નાનાં રાજ્યોને કાં તો લશ્કરી બળથી અથવા અન્ય શાંતિમય સાધનો (જેવાં કે, સમજાવટ, લગ્નસંબંધ વગેરે) દ્વારા પોતાનામાં સમાવી લીધાં હોય અને તે પછી તેમના અગાઉના શાસકોને પોતાના સામંત તરીકે તેમના જ પ્રદેશોમાં શાસન કરવાની છૂટ આપી હોય.

(2) બીજા પ્રકારમાં, રાજસત્તાઓ પોતાના ભાયાતોને કે સરદારોને તેમની વફાદારી કે સેવા (મોટે ભાગે લશ્કરી સેવા) બદલ ભૂમિ-અનુદાન (જાગીર) આપીને તેમને પોતાના સામંતો બનાવ્યા હોય, તેવાઓનો સમાવેશ થતો હતો. સામાન્ય રીતે તેમને અમુક પ્રદેશના સૂબા બનાવીને તેમને પંચમહાશબ્દ જેવા સામંતશાહી વિશેષાધિકારો આપવામાં આવતા (જુઓ, એકમ 9.5); પરંતુ તેમના હોદ્દાઓ વંશપરંપરાગત હોઈને કાળક્રમે તેમના વારસદારો સંપૂર્ણ-સામંત જ બની જતા. આ સમયની દખ્ખણની મોટા ભાગની સામંતશાહી-સત્તાઓ આ પ્રકારમાં આવે છે. ઉદાહરણ તરીકે, જ્યારે રાષ્ટ્રકૂટોએ પોતાની સત્તાનો વિસ્તાર કરવા માંડ્યો ત્યારે તેમને દખ્ખણમાં ઘણા પ્રખ્યાત રાજવંશો સાથે કામ પાડવું પડ્યું હતું. તેમના સામંતોમાં વેંગીના અને વેમુલવાડાના ચૌલુક્યો ઉપરાંત ઘણા નાના સરદારોનો સમાવેશ થતો હતો. હોયસલો, યાદવો અને કાકતીયોના સામંતોમાં આગઉના નોળંબ, ગંગ, ચૌલુક્યો, કદંબો, આભીરો અને હૈહયો જેવા ઘણા રાજવંશોનો સમાવેશ થતો હતો.

રાજવંશની સત્તાનો જ્યારે વિસ્તાર થવા માંડે ત્યારે ત પોતાની આડે આવતી સ્થાનિક નાની સત્તાઓને લશ્કરી બળથી હઠાવી દેતી હોય છે. ચૌલુક્યોએ સત્તા-વિસ્તાર કરતી વખતે નેલ્લોરની આસપાસ રહેતી નિષાદ બોયા નામની લડાયક જાતિના નેતાઓને પહેલાં તો પોતાના વહીવટી માળખામાં સમાવી લઈને તેમના પ્રદેશને પોતાના પ્રદેશમાં ભેળવી દેવાનો પ્રયત્ન કર્યો હતો; પરંતુ જ્યારે નિષાદ બોયાઓએ દક્ષિણ તરફ વિસ્તરણ કરવા મથતી આ ચૌલુક્ય-સત્તાને પડકારવાનું ચાલુ રાખ્યું, ત્યારે પાડુંરંગાની નેતાગીરી નીચે એક મોટું લશ્કર નિષાદ બોયાઓને હરાવવા માટે તથા તેમના કિલ્લાઓને જમીનદોસ્ત કરવા માટે મોકલવામાં આવ્યું હતું. તે જ રીતે વરંગલના કાકતીય રાજા રુદ્રદેવે કોટા સરદારોને શરણાગતિ સ્વીકારવાની ફરજ પાડી હતી. સામંતશાહી પદ્ધતિમાં સત્તાના વિકેન્દ્રીકરણને કારણે વેરવિખેર થયેલી રાજસત્તાઓને એકસાથે બાંધી રાખવાનો ઉપાય પણ શોધવામાં આવ્યો હતો – અને તે હતો, સામંતોને તેમની સેવા અને રાજ્યતંત્રમાં તેમના મહત્ત્વને અનુલક્ષીને **નાયક, સામંત, સામંતાધિપતિ** (કે **મહાસામંત**), **માંડલિક, મહામંડલેશ્વર** જેવા ચડતા ઊતરતા હોદ્દાઓ એનાયત કરવા તે. કાકતીય રાજ ગણપતિદેવે

રેડ્ડી જાતિના રેચેરેલા રુદ્રને તેણે કટોકટીના સમયે કરેલી મદદની કદરરૂપે છત્ર, ચામર અને સિંહાસન વગેરે જેવા રાજસત્તા-દર્શક ચિહ્નો સાથે **માંડલિક**નો દરજ્જો આપ્યો હતો. એક જ સામંત કુટુંબમાં સામંતશાહી હોદ્દાઓ પેઢીએ-પેઢીએ જુદા જુદા હોય તેવું પણ બનતું. કાકતીયોના કાયસ્થ સરદારો પોતે યોદ્ધાઓ હતા અને તેમને પરંપરાથી **સાહિની** (ઘોડેસવાર દળના નિયામક)નો હોદ્દો આપવામાં આવ્યો હતો; પરંતુ રાજા ગણપતિદેવે આ હોદ્દામાં બઢતી આપીને તેમને મહામંડલેશ્વર બનાવ્યા હતા, એટલું જ નહિ પરંતુ ગાંગેય સાહિનીના સમયથી તેમને નાલગોંડાથી કડાપ્પા સુધીના વિશાળ પ્રદેશના સૂબા પણ બનાવ્યા હતા. રાજા ગણપતિદેવે ગાંગેય સાહિનીને આ બઢતી તેણે કેટલીય લડાઈઓમાં કરેલી મદદના બદલામાં આપી હતી. આમ આ સમયે અસ્થિર રાજકીય પરિસ્થિતિને કારણે તથા બદલાતા જતા પ્રદેશ-વિસ્તારોને કારણે, સામંતશાહી હોદ્દાઓમાં પણ ચડ-ઊતર થયા કરતી. આ પ્રકારના સામંતશાહી (ચડતા-ઊતરતા ક્રમવાળા) હોદ્દાઓ વહીવટી કર્મચારીઓને પણ આપવામાં આવતા, તે હકીકત નોંધપાત્ર છે.

અહીં એ પણ નોંધવું જોઈએ કે, આ પ્રકારની છૂટીછવાઈ સત્તાઓને એકીસાથે સાંકળી રાખવાની વ્યવસ્થા હંમેશાં સફળ થતી (અર્થાત્, બધા એક જ સંગઠિત રીતે કેન્દ્ર સાથે બંધાઈ રહે) તેવું પણ ન હતું. અને બીજું, સામંતોનું કેન્દ્રીય-સત્તા સાથે સંગઠન હોય કે વિઘટન, પરંતુ ભૂમિ સાથે સંકળાયેલા સામંતશાહી વિશેષાધિકારો તો બધી પરિસ્થિતિમાં સમાન જ રહેતા. સ્થાનિક જમીનદારો કે સરદારો જ્યારે તેઓ પોતાના સ્વામી પાસેથી વહીવટી અને નાણાકીય સત્તાઓ પ્રાપ્ત કરે અને બદલામાં નિયત થયેલી રકમ ચૂકવવાની તથા સમજૂતી પ્રમાણેની ફરજો વફાદારીપૂર્વક બજાવે, ત્યારે તેઓ રાજસત્તાઓનાં સંગઠનો તરીકેનો ભાગ ભજવતા અને તે જ જમીનદારો અને સરદારો જ્યારે ખેડૂતો કે કારીગરો ઉપર (તેમના કલ્યાણ વિશે પોતાનો સ્વામી ગમે તેટલો સચિંત હોય, તોપણ) જોહુકમી ચલાવે, ત્યારે તેઓ વિવિધ રાજસત્તાઓના સંગઠક નહીં, પરંતુ વિઘટક પરિબળો તરીકે કાર્ય કરતા. મોટે ભાગે તો તેઓ પોતપોતાના જાગીર-પ્રદેશમાં એક સ્વાયત્ત-સત્તા તરીકે જ શાસન કરતા (જોકે આ સ્વાયત્તતાની માત્રા પ્રદેશે પ્રદેશે ઓછી-વત્તી હોઈ શકતી હતી). પરિણામે જો તેમનો સ્વામી (કેન્દ્રીય સત્તા) નિર્બળ બને તો તેઓ સંપૂર્ણ સ્વતંત્ર બની જતા અને આવા સંજોગોમાં તેઓ સ્વામીને ટેકો આપતા, તો પણ પોતાની શરતે આપતા. એમાં પણ જો કેન્દ્રમાં ગાદી માટે વારસાવિગ્રહ થાય તો સામંતોની સ્થિતિ હોય તેના કરતાં પણ વધારે મજબૂત બનતી; તેઓ એક યા બીજા ઉમેદવારનો પક્ષ લઈને ગાદી ઉપર પોતાનો ઉમેદવાર પણ મૂકી શકતા (અલબત્ત, જો સામા પક્ષનો ઉમેદવાર ગાદી ઉપર આવે તો તેમની સ્થિતિ કફોડી પણ બનતી). આવા સંજોગોમાં તેઓ પોતાના મૂળ સ્વામીને પદભ્રષ્ટ કરાવીને તેની સાથેનો જૂનો 'હિસાબ' ચૂકતે પણ કરી શકતા અને નવા ગાદીપતિ પાસેથી મનમાન્યા લાભો પડાવી શકતા. રાષ્ટ્રકૂટ રાજા ધ્રુવ, અમોઘવર્ષ પહેલો અને અમોઘવર્ષ બીજો આ રીતે જ પોતાના સામંતોની મદદથી ગાદીએ આવ્યા હતા.

## 11.7 નોકરશાહી માળખું (The Bureaucratic Structure)

પૂર્વ મધ્યકાલીન દખ્ખણની રાજકીય પરિસ્થિતિ ઉપર અન્ય કોઈ સંબંધો કરતાં સ્વામી અને સામંતોનાં સંબંધોનું વધારે પ્રાબલ્ય હતું, તેથી તેમાં નોકરશાહીનો ભાગ સ્વાભાવિક રીતે જ ગૌણ અને મર્યાદિત હતો. રાષ્ટ્રકૂટોના ભૂમિ-અનુદાન લેખોમાં મુખ્યત્વે રાજાની સહી તથા દાનપત્ર ઘડનારા લહિયાનું નામ અને દાન-ગ્રહણ કરનારને દાન વિશે માહિતી આપનારા અધિકારીનું જ નામ જોવા મળે છે. તેમાં રાજ્યના પ્રધાનો કે સચિવોનાં નામ બિલકુલ આવતાં નથી, જે નવાઈ પમાડે તેવું છે. વળી, રાજ્યના પાટનગરમાં રોજબરોજની વહીવટી કામગીરી થતી હોય તેવી પણ કોઈ માહિતી મળતી નથી. તેને કારણે રાજ્યના પાટનગરમાં પણ મુખ્ય સચિવાલય જેવું હશે કે કેમ, તે વિશે નક્કી કહી શકાતું નથી. જોકે રાજાને વહીવટમાં મદદ કરવા માટે પાટનગરમાં અમાત્ય કે મંત્રીઓ જેવા ઉચ્ચ કક્ષાના હોદ્દેદારો હતા, પરંતુ રાજ્યમાં મંત્રીમંડળ જેવું કશું હોય તે તેનું કદ, બંધારણ, રાજ્યમાં તેનું સ્થાન વગેરે વિશે સંતોષકારક રીતે કશું કહી શકાય તેમ નથી. એટલું ખરું કે, રાષ્ટ્રકૂટોનાં પાટનગરમાં તથા પ્રાંતીય રાજધાનીઓમાં મહેસૂલને લગતાં દફતરો, ખાસ કરીને જમીનની માલિકીને લગતા દસ્તાવેજો, તથા ભૂમિ-અનુદાનના તામ્રપત્રોના લખાણના મૂળ મુસદ્દાઓ વગેરે જળવાઈ રહ્યા છે.

ઉપલબ્ધ આધારસાધનો ઉપરથી પ્રાંતના સૂબા (જેને રાષ્ટ્રપતિ કહેતા)ને તેના હાથ નીચેના

અધિકારીઓ ઉપર ઘણી સત્તા આપવામાં આવી હોય તેમ લાગે છે. અમુક જગ્યાએ રાજકુમારોને જ પ્રાંતીય સૂબા તરીકે નીમવામાં આવતા. પાછળના ચૌલુક્યોના વહીવટી તંત્રમાં અમુક પ્રાંતોનો વહીવટ રાજકુમારો અને રાણીઓને હસ્તક હોવાનું જણાય છે, જે પ્રાંતો કદાચ તેમને અંગત જાગીર તરીકે આપવામાં આવ્યા હોય તેમ પણ બને. કેટલાક પ્રાંતોમાં સૂબાઓને તેમણે બજાવેલી વિશિષ્ટ પ્રકારની લશ્કરી સેવાઓને કારણે કદરદાની તરીકે નીમવામાં આવ્યા હોય તેમ લાગે છે. જ્યારે 10 કે 12 ગામડાંઓનો વહીવટ કરનારા નાના અધિકારીઓને તો ઘણી વાર સૂબો પોતાનાં સગાંઓમાંથી જ પસંદ કરીને નીમી દેતો.

રાષ્ટ્રકૂટોના વહીવટીતંત્રમાં સૂબા (રાષ્ટ્રપતિ)ને વહીવટમાં મદદ કરવા માટે 'રાષ્ટ્રમહત્તરો' અને વિષય (પ્રાંતના પેટા વિભાગ)ના વડા વિષયપતિને મદદ કરવા માટે વિષયમહત્તરો જેવા અધિકારીઓને નીમવામાં આવતા. પરંતુ તેમની સત્તા, ફરજો, નિમણૂક કે પસંદગીની રીત, તેમની પોતાના વડા સાથે નિયમિત બેઠક (સલાહ-ચર્ચા માટે) મળતી કે કેમ, વગેરે વિશે ખાસ માહિતી મળતી નથી. ગ્રામકક્ષાએ ગ્રામના પ્રતિષ્ઠિત લોકોની બનેલી ગ્રામસમિતિ હતી, જેના હાથમાં સારા પ્રમાણમાં વહીવટી સત્તા હોય તેમ લાગે છે. ગામડામાં રાજ્યના મહેસૂલી અધિકારીઓને મદદ કરવાનું કાર્ય મુખી અને વિષયમાં ત્યાના જન-સમાજના વડા કરતા. તેમને તેમની આ સેવા બદલ ગામમાં જ વંશપરંપરાના ભોગવટા સાથે મહેસૂલ-મુક્ત જમીન આપવામાં આવતી.

રાષ્ટ્રકૂટોનાં વહીવટી તંત્રમાં પ્રાંતોના સૂબાઓ તથા વિષયોના વિષયપતિઓ સામંતશાહી હોદ્દો ધરાવતા. તેઓ કદાચ તે પ્રદેશના એક સમયના નાના અને સ્વતંત્ર રાજાઓના વંશજો હોઈ શકે છે. તેમને જીત્યા પછી સામ્રાજ્યના વહીવટી માળખામાં તેમને સમાવી લેવાના હેતુસર તેમને તેમના જ પ્રદેશોમાં સૂબા કે વિષયપતિ તરીકે નીમવામાં આવ્યા હોય તથા તે સાથે તેમને તેમના અગાઉના રાજપદ-દર્શક ખિતાબો ચાલુ રાખવા દેવામાં આવ્યા હોય તેમ બની શકે.

## 11.8 રાજ્યનો આર્થિક આધાર : આવકનાં સાધનો (Economic Bases of the State : Sources of Income)

જમીન મહેસૂલ અને ખેતીવાડી ઉપરના અન્ય કરવેરા, એ રાજ્યની આવકનું મુખ્ય સાધન હતું. ખેડૂતો પાસેથી મહેસૂલ ઉપરાંત ઉપકૃતિ નામનો વધારાનો કર ઉઘરાવાતો. આ કર માત્ર ખેડૂતો પાસેથી જ નહીં, પરંતુ ગ્રામજનો અને શહેરીજનો પાસેથી પણ ઉઘરાવવામાં આવતો. રાજ્ય તરફથી પ્રજાજનોનાં કલ્યાણ માટેનાં જે કોઈ કાર્ય કરવામાં આવતાં તેના બદલારૂપે આ કર ઉઘરાવવામાં આવતો.

જમીન મહેસૂલ તથા અન્ય કરો પાકમાં અને રોકડમાં, એમ બંને રીતે સ્વીકારવામાં આવતા, પરંતુ પ્રમાણમાં રોકડ નાણાંની અછતને કારણે લોકો મોટે ભાગે પાકમાં જ મહેસૂલ અને અન્ય કરો ચૂકવતા. કાકતીય રાજ્યમાં જમીનમહેસૂલ કાર્તિક તથા વૈશાખમાં (એ રીતે બે હપતે) ઉઘરાવાતું, કારણ તે સમયે ખેડૂતો પાસે રવિ અને ખરીફ પાક તૈયાર થઈ જતો. રાષ્ટ્રકૂટોના રાજ્યમાં ભાદ્રપદ, કાર્તિક અને માઘ એમ ત્રણ હપતે મહેસૂલ ઉઘરાવાતું.

મહેસૂલની આકારણી જમીનની ફળદ્રુપતા મુજબ કરવામાં આવતી અને તે હેતુ માટે જમીનને સૂકી, ભેજવાળી અને બાગાયાત એમ ત્રણ પ્રકારમાં વહેંચવામાં આવતી. જમીન મહેસૂલ ઉપરાંત ચરિયાણ જમીન અને જંગલોમાંથી પણ રાજ્યને આવક થતી. એ બંને રાજ્યની માલિકીના ગણાતાં. તે જ રીતે ખાણો, દટાયેલા ખજાના, કુદરતી તળાવ, કૂવા વગેરે પણ રાજ્યની માલિકીનાં ગણાતાં, રાજ્ય તેમાંથી પણ આવક મેળવતું.

આ ઉપરાંત માલના આયાત તથા નિકાસ ઉપરથી જકાતો તથા વેપાર અને ઉદ્યોગ ઉપરના જુદા જુદા કરો એ પણ રાજ્યની આવકનાં અગત્યનાં સાધનો હતાં. વેપારીઓ બજારમાં માલ લાવે તેના ઉપર તથા બજારમાં માલ વેચે તેના ઉપર પણ જકાત લાગતી, જે **'સનકમુ'** (કે સુંક) કહેવાતી. કાકતીય વહીવટી તંત્રમાં વેપારીઓના માલ ઉપરની જકાત પેટે વેપારીઓના જુદા જુદા 'મહાજનો' પાસેથી જ નિશ્ચિત રકમ લઈ લેવાતી, જે પછી 'મહાજનો' પોતે ઘડેલા ધારા-ધોરણ અનુસાર પોતાના વેપારીઓ પાસેથી ઉઘરાવી લેતા. વળી, રાજ્યને સામંતો પાસેથી નિયમિત ખંડણી (નક્કી કરેલી રકમ)ની પણ સારી આવક થતી. જો સામંતો તરફથી ખંડણીની રકમ બાકી રહે તો ક્યારેક રાજા પોતે જ તે ઉઘરાવવા નીકળતો. એક રાષ્ટ્રકૂટ-અભિલેખમાં રાજા ગોવિંદ ત્રીજાએ આ રીતે સામંતો પાસેથી બાકી રહેલી ખંડણીની રકમ વસૂલ કરવા માટે

રાજ્યના દક્ષિણ ભાગમાં પ્રવાસ કર્યાનો ઉલ્લેખ છે. સામંતને નિયમિત ખંડણી ઉપરાંત રાજાના જન્મદિન અથવા તો રાજાને ત્યાં પુત્રપ્રાપ્તિના પ્રસંગે, કે રાજકુટુંબમાં પણ લગ્ન જેવા શુભ પ્રસંગો હોય ત્યારે અને પોતે રાજાના દરબારમાં જ્યારે હાજરી આપે ત્યારે પણ, રાજાના ચરણે ભેટ ધરવી પડતી. રાજાને આવી ભેટોની આવક પણ સારી થતી.

તત્કાલીન આધારસાધનોમાંથી આપણને રાજ્યની આવક અંગે ઠીક ઠીક પ્રમાણમાં માહિતી મળે છે, પરંતુ રાજ્યના ખર્ચ વિશેનું ચિત્ર સ્પષ્ટ મળતું નથી. રાજ્યમાં સિંચાઈ માટેનું કે જાહેર કલ્યાણનાં અન્ય કાર્યો માટેનું કોઈ ખાસ ખાતું હોય કે કોઈ ખાસ અધિકારીને આવાં કાર્યોનો સીધો હવાલો સોંપાયો હોય તેવા કોઈ જ ઉલ્લેખો મળતા નથી. આનો અર્થ એ થયો કે, રાજ્ય જનતાના હિત માટે સિંચાઈ કે અન્ય જાહેર કલ્યાણનાં કાર્યો કરવાની પોતાની સીધી જવાબદારી હોય તેમ માનતું ન હતું. આમ છતાં કેટલાક હોયસલ તથા કાકતીય રાજાઓ સિંચાઈમાં અંગત રસ લેતા અને તેમણે પોતાનાં રાજ્યોમાં અનેક પ્રકારનાં સિંચાઈનાં કાર્યો કરાવ્યાં હતાં. વળી, આ સમયે સમાજમાં **પૂર્તધર્મ** (સાર્વજનિક હિતના બાંધકામ કરાવવાં તે)નું ઘણું મહત્ત્વ હતું અને વાવ, કૂવા, તળાવ, ધર્મશાળા, અન્નક્ષેત્ર વગેરે બંધાવવા તે પુણ્યનું કાર્ય ગણાતું. આથી માત્ર રાજા જ નહીં, પરંતુ તેના સરદારો, સામંતો, મંત્રીઓ, ધાર્મિક સંતો અને સંસ્થાઓ, વેપારીઓ, મહાજનો અને શ્રીમંતો પણ, પૂર્તધર્મને અનુસરીને આવાં જાહેર-કલ્યાણનાં કાર્યો કરાવતા.

રાજ્ય પોતાના કર્મચારીઓને રોકડ નાણામાં પગાર ચૂકવતું હોય તેવું બહુ લાગતું નથી. કારણ, આ સમયે દખ્ખણમાં મોટા ભાગના કર્મચારીઓને પગાર પેટે જમીન-જાગીર આપવાની પ્રથા વધારે પ્રચલિત થતી માલૂમ પડે છે. લશ્કરમાં પણ રાજ્ય તરફથી સીધી ભરતી કરાયેલા સૈનિકોનું પ્રમાણ ઘણું ઓછું હતું. મોટા ભાગનું લશ્કર પ્રાંતીય સૂબાઓ અને સામંતો પાસેથી ઉધરાવાયેલા સૈનિકોનું બનેલું હતું, તેથી રાજ્ય લશ્કર ઉપર સીધી રીતે બહુ ખર્ચ કરતું ન હતું, તેમ કહી શકાય.

## 11.9 દખ્ખણના રાજ્યતંત્રમાં રાજકીય અસ્થિરતા (Political Instability in the Deccan Polity)

પૂર્વ મધ્યકાલીન રાજ્યતંત્રની સાથે કાયમ અસ્થિરતા વણાયેલી રહી હોય તેમ લાગે છે. રાજ્યોની સીમાઓમાં વારંવાર થતા રહેતા ફેરફારો જ આનો સૌથી મોટો પુરાવો છે. પરંતુ માત્ર રાજ્યની સીમાઓમાં જ નહીં, ખુદ રાજ્યના કેન્દ્રીય ભાગ (રાજા અને તેના રાજસિંહાસન)માં પણ સ્થિરતા ન રહેતી. રાજ્ય ઉપર કોઈ પણ શક્તિશાળી રાજાનું આક્રમણ ચાલુ રાજસત્તાને હઠાવીને તેની જગ્યાએ નવો રાજા અને નવા રાજકીય સંબંધોની સ્થાપનામાં પરિણમતું. વળી, રાજાના પોતાના સામંતો સાથેના સંબંધો પણ રાજ્યમાં અસ્થિરતા લાવી શકતા. સામંતોની વફાદારી બદલાતી રહેતી અને તેને પરિણામે રાજ્યમાં અસ્થિરતા સર્જાતી. જેમ જેમ રાજ્ય તરફથી સરદારોને, કર્મચારીઓને તથા લશ્કરી સેનાપતિને પણ, ભૂમિ-અનુદાનો, મહેસૂલ-મુક્ત જમીનો અને ગામડાંઓ આપવાની પ્રથા વધતી ગઈ તેમ તેમ રાજ્યનો મહેસૂલી આવક ઉપરનો અંકુશ ઢીલો પડતો ગયો. સામંતો અને જાગીરદારોની વફાદારીમાં જરા સરખો પણ ફેરફાર રાજાના રાજ્યતંત્ર ઉપરના અંકુશને ઢીલો કરી, રાજ્યમાં અસ્થિરતા સર્જી શકતો અને તેમાં જો બ્રાહ્ય-આક્રમણની પરિસ્થિતિ ઊભી થાય, તો તો લાંબા સમયથી ચાલ્યા આવતા રાજવંશનું પણ તાત્કાલિક પતન થઈ શકતું. રાષ્ટ્રકૂટ જેવા અત્યંત બળવાન સામ્રાજ્યની બાબતમાં આવું જ થયું હતું. ઈ.સ. ૭67માં કૃષ્ણ ત્રીજાના શાસનકાળ દરમ્યાન રાષ્ટ્રકૂટો નર્મદાની દક્ષિણે આવેલા લગભગ બધા જ પ્રદેશોના સ્વામી હતા; પરંતુ માત્ર છ વર્ષ પછી, ઈ.સ. ૭73માં, ગોવિંદ ત્રીજાના ભત્રીજા કર્કને તેના જ ચૌલુક્ય-સામંત તૈલે ઉથલાવી નાખતાં શક્તિશાળી રાષ્ટ્રકૂટ-સામ્રાજ્ય જોતજોતામાં નામશેષ બની ગયું.

**'તમારી પ્રગતિ ચકાસો' - 3**

1. નીચેનાંમાંથી કયાં વિધાનો સાચાં (✔ નિશાની કરો) અને કયાં ખોટાં (✘ નિશાની કરો) છે ?
   (1) સત્તાની વિવિધ સ્તરે વહેંચણી એ માત્ર દખ્ખણની જ વિશિષ્ટ ઘટના છે.
   (2) સામંતશાહી હોદ્દાની પ્રથા એ વિવિધ સ્તરોએ વહેંચાયેલી સત્તાઓનાં એકીકરણનો અગત્યનો ઉપાય હતો.
   (3) પૂર્વ મધ્યકાલીન દખ્ખણના રાજ્યતંત્રમાં બધી જ સામંતશાહી સત્તાઓ થોડે વત્તે અંશે આંતરિક સ્વાયત્તતા ભોગવતી.

2. નીચેના વિભાગ **'અ'**માં અગત્યના રાજવંશોના તથા **'બ'**માં તેમના સામંતોનાં નામ આપેલાં છે. **અ** અને **બ** વિભાગોના મેળ મેળવો.

| **અ** | | **બ** | |
|---|---|---|---|
| (1) | રાષ્ટ્રકૂટો | (i) | મોરાટા અને આરાલુના હૈહયો |
| (2) | કાકતીયો | (ii) | વેલાનાડુઓ |
| (3) | વેંગીના ચૌલુક્યો | (iii) | કોંકણના શીલહારો |
| (4) | સેવુના | (iv) | કોટા સરદારો |

3. વિવિધ રાજસત્તાઓના રાજ્યમાં સંગઠન વિશે દસેક પંક્તિઓ લખો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................


4. રાજ્યની આવકનાં મુખ્ય સાધનોની યાદી બનાવો.

(i) ..........................................

(ii) ..........................................

(iii) ..........................................

(iv) ..........................................




**નકશો - ૩ : સેવના રાજ્યની સરહદો**

## 11.10 સારાંશ

આ એકમમાં આપવામાં આવેલો મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ અને ઉત્તર કર્ણાટકના પૂર્વમધ્યકાલીન રાજ્યતંત્રનો અહેવાલ એ દર્શાવે છે કે,

– અહીંના જે સ્થાનિક સરદારોને મૌર્ય-રાજ્યતંત્રમાં સમાવી લેવામાં આવ્યા હતા તેમના વંશજો પૂર્વમધ્યકાળમાં સ્વતંત્ર રાજ્યસત્તાના સ્થાપકો બન્યા અને તેમણે દખ્ખણમાં રાજાશાહી અંગેના ખ્યાલો તથા રાજાશાહી રાજ્યતંત્રને દાખલ કર્યાં.
– આ નવા રાજવંશોનો ઉદ્ભવ એ સતત ચાલુ રહેતી પ્રક્રિયા હતી, અર્થાત્ અહીં નવા નવા રાજવંશોની સ્થાપના થયા જ કરતી હતી.
– જુદાં જુદાં સામાજિક-જૂથો (મોટા ભાગનાં બિનક્ષત્રિયો) ઊભાં થતાં ગયાં અને તેઓ ચાલુ રાજવંશોને પોતાનામાં સમાવતાં જઈને મહાસત્તામાં વિકાસ પામતાં ગયાં. પરંતુ તેમણે સુસંગઠિત કરેલા રાજવંશોએ, પોતે મહાસત્તાનાં અંગો હોવાં છતાં, પોતાની સત્તા અને સ્વાયત્તતા જાળવી રાખી.
– રાજ્યતંત્રમાં સામંતશાહી વ્યવસ્થા આવતાં અન્ય કોઈ સંબંધો કરતાં સ્વામી-દાસના સંબંધો વધારે આગળ પડતા બન્યા.
– આ નવા રાજવંશો સામાજિક માન્યતા મેળવવા માટે પોતે પૌરાણિક દૈવી, વીર મહાપુરુષોના વંશજો તથા ક્ષત્રિયો છે તેવો દાવો કરતા, તે સાથે તેઓ બ્રાહ્મણો અને ધાર્મિક સંસ્થાઓને ભૂમિ-અનુદાનો આપી તે બધાં પોતાને સામાજિક ગૌરવ અપાવવામાં મદદરૂપ થાય તેવા પ્રયત્નો કરતા.
– જમીન મહેસૂલ એ રાજ્યની આવકનું મુખ્ય સાધન હતું. તે ઉપરાંત રાજ્ય વ્યાપાર અને વિનિમયનાં ક્ષેત્રોમાં પ્રવેશ કરીને પોતાની આવક વધારવાના પ્રયત્નો કરતું.

## 11.11 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો' - 1**

1. (i) ✘ (ii) ✔ (iii) ✔
2. જુઓ પેટા વિભાગ 11.1.
3. જુઓ, પેટા વિભાગ 11.2.

**'તમારી પ્રગતિ ચકાસો' - 2**

1. જુઓ, પેટા વિભાગ 11.3
2. (i) બ ; (ii) ડ

**'તમારી પ્રગતિ ચકાસો' - 3**

1. (i) ✘ (ii) ✔ (iii) ✔
2. (1)–(iii), 2–(iv), 3–(ii), 4–(i).
3. જુઓ પેટા વિભાગ 11.6.
4. જુઓ, પેટા વિભાગ 11.8.

## 11.12 ચાવીરૂપ શબ્દો (Key Words)

**દંડ :** બળ

**કણિક :** ગામડાં અને શહેરના નિવાસીઓ ઉપર રાજ્ય તરફથી તેમને જે સેવા આપવામાં આવે તેના બદલામાં લેવાતો કર

**પંચમહાશબ્દ :** સામંતશાહી વિશેષાધિકાર


**પરમ ભાગવત :** વિષ્ણુનો ભક્ત

**રાષ્ટ્રમહત્તર :** પ્રાંતનો અધિકારી

**સાહિનિ :** ઘોડેસવાર દળનો વડો

**સનુકમુ (સુંક) :** આયાત-નિકાસ જકાત

**ઉપકૃતિ :** જુઓ કણિક




નકશો - 4 : દખ્ખણ અને દક્ષિણ ભારત ઈ.સ. 700–1000

# એકમ 12 દક્ષિણ ભારત (South India)

## રૂપરેખા


12.0 પ્રસ્તાવના
12.1 પ્રદેશની ઓળખ
12.2 રાજકીય સત્તાઓનો ઉદ્દ્ભવ
12.3 દક્ષિણ ભારતીય રાજ્યતંત્ર વિશેનાં વિવિધ દષ્ટિબિન્દુઓ
12.4 પેટા-પ્રાદેશિક રાજ્યતંત્રો
12.5 કૃષિ-વ્યવસ્થા અને રાજ્યતંત્ર
    12.5.1 નાડુ
    12.5.2 બ્રહ્મદેય
    12.5.3 વલાનાડુ
    12.5.4 મંદિર-સંસ્થા
    12.5.5 નગરમ્-બજારકેન્દ્ર
12.6 કરવેરા
12.7 નોકરશાહી
12.8 લશ્કરીતંત્ર
12.9 અંકુશ-વ્યવસ્થા
12.10 દક્ષિણ ભારતીય રાજ્યતંત્રના વિચારસરણીય આધારો
12.11 સારાંશ
12.12 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો
12.13 ચાવીરૂપ શબ્દો
    કેટલાંક ઉપયોગી પુસ્તકો


## 12.0 પ્રસ્તાવના

પૂર્વ મધ્યકાલીન રાજ્યતંત્રની પ્રાદેશિક વિવિધતાઓને લગતું આ છેલ્લું એકમ છે. એમાં દક્ષિણ ભારતીય રાજ્યતંત્રનું નિરૂપણ કરવામાં આવ્યું છે. દક્ષિણ ભારત એટલે ભારતીય દ્વિપકલ્પનો 13° ઉત્તર અક્ષાંશથી નીચેનો સમગ્ર પ્રદેશ. આ એકમમાંનું દક્ષિણ ભારતીય રાજ્યતંત્રનું અવલોકન ઈ.સ. 6ઠ્ઠી સદીમાં **પલ્લવો**ના ઉદ્દ્ગમથી શરૂ થઈને સમગ્ર તામિલ પ્રદેશને પોતાના વિશિષ્ટ પ્રકારનાં રાજકીય-સાંસ્કૃતિક લક્ષણોથી આવરી લેનારા **ચોલો** ( 9મી સદીથી 13મી સદી સુધી)ની સાથે સમાપ્ત થાય છે. આ એકમમાં રાજ્યતંત્રની મુખ્ય બાબતોનું સર્વેક્ષણ કર્યા પછી વહીવટીતંત્રના વિવિધ સ્તરોને નિશ્ચિત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. તે સાથે તેમાં રાજ્યના સામાજિક તથા આર્થિક આધારો ઉપર પણ યોગ્ય ભાર મૂકવામાં આવ્યો છે. વળી, રાજ્યની આવકનાં સાધનો અને તેમને અંકુશિત કરતાં પરિબળોનું પણ આલેખન કરવામાં આવ્યું છે. છેલ્લે, દક્ષિણ ભારતીય રાજ્યતંત્રના વિચારસરણીય આધારો વિશે પણ નિર્દેશ કરવામાં આવ્યો છે.

## 12.1 પ્રદેશની ઓળખ (Identity of the Region)

'દક્ષિણ ભારત' એટલે અત્યારે તામિલનાડુ તરીકે ઓળખાતો પ્રદેશ. પરંતુ અહીં તેને અત્યારે છે તેવો માત્ર તામિલ-ભાષી પ્રદેશ જ નહીં, પરંતુ 7મીથી 13મી સદી સુધીમાં ઉદ્દ્ભવ પામેલા અને એક સમયે દક્ષિણ કર્ણાટક, દક્ષિણ આંધ્ર અને દક્ષિણ કેરલ સુધી વિસ્તરેલા, એક વિશાળ તમિલ પ્રદેશ તરીકે લેવાનો છે. નદીઓના આધાર ઉપર આ પ્રદેશના બે મોટા વિભાગો એક ગર્ભભાગ સમાન મેદાની પ્રદેશ અને બીજો વાયવ્ય બાજુએ પૂર્વ ઘાટને અડકતો પ્રદેશ પાડી શકાય. એક સમયે આ વિભાગો ચોલ-શાસન નીચે **મંડલમ્** તરીકે ઓળખાતા અને તે દરેકને પોતપોતાની વિશિષ્ટ રાજકીય-સાંસ્કૃતિક લાક્ષણિકતાઓ હતી. પૂર્વ મધ્યકાલમાં આ સમગ્ર પ્રદેશની ભૌગોલિક સ્થિતિએ અહીંના પ્રાદેશિક રાજ્યતંત્રના વિકાસ ઉપર સારી એવી અસર કરી હતી.

## 12.2 રાજકીય સત્તાઓનો ઉદ્ભવ (Emergence of Political Powers)

અનુગુપ્ત સમયના ભારતીય ઇતિહાસે નાની-મોટી ઘણી પ્રાદેશિક રાજસત્તાઓનો ઉદ્ભવ થયેલો નિહાળ્યો છે. કેટલાક પ્રદેશો (જેમ કે, ઓરિસ્સા અને તામિલનાડુમાં મોટાં રાજ્યો સ્થપાયાં અને તેમણે પોતાની આગવી સંસ્કૃતિ પણ વિકસાવી. બાકીનાં અમુક રાજ્યો નાનાં હતાં અને તેઓમાંનાં મોટા ભાગનાં બે કે વધારે મહાસત્તાઓનાં રાજ્યોની સીમાઓની વચ્ચે આવેલાં હતાં. આને કારણે તેઓ બે મહાસત્તાઓ વચ્ચે સામાન્ય રીતે 'બફર' (રેલવેના બે ડબાઓ વચ્ચે સીધી અથડામણ નિવારવા માટે આઘાત ઝીલી લેવા સ્પ્રિંગવાળી ગોઠવણ કરવામાં આવે છે તેને 'બફર' કહે છે.) તરીકેનું કાર્ય કરતા. ઉદાહરણ તરીકે, દક્ષિણ ભારતમાં કાંચીપુરમ્‌ના પલ્લવો અને તામિલનાડુમાં મદુરાના પાંડ્યો. તે બે મહાસત્તાઓની વચ્ચે પશ્ચિમી-ગંગો, કદંબો, બાણો અને તેમનાં જેવાં અન્ય કેટલાંક નાનાં રાજ્યો આવેલાં હતાં. તેમની મહાસત્તાઓ પ્રત્યેની વફાદારી બદલાતી રહેતી, અને ક્યારેક તેઓ સ્વતંત્રતાનો સ્વાદ પણ ચાખી લેતા. અહીંની બધી પ્રાદેશિક સત્તાઓમાં સૌથી શક્તિશાળી રાજસત્તા ચોલોની હતી. (૭મીથી 13મી સદી દરમ્યાન.) તેમણે કાવેરી-ખીણપ્રદેશમાંથી નાની શરૂઆત કરીને એક સમયે સમગ્ર તામિલનાડુ પ્રદેશ ઉપર પોતાનું પ્રભુત્વ સ્થાપી દીધું હતું તથા પોતાની વિશિષ્ટ કહી શકાય તેવી સંસ્કૃતિ ઊભી કરી હતી.

## 12.3 દક્ષિણ ભારતીય રાજ્યતંત્ર વિશેનાં વિવિધ દૃષ્ટિબિન્દુઓ (Various View Points on the South Indian Polity)

તામિલ-પ્રદેશના રાજ્યતંત્રના સ્વરૂપ વિશે મુખ્યત્વે ત્રણ પ્રકારનાં દૃષ્ટિબિન્દુઓ ધરાવવામાં આવે છે. દક્ષિણ ભારતીય રાજ્યતંત્ર અને ખાસ કરીને તામિલ-રાજ્યતંત્ર વિશે મોટા ભાગના ગ્રંથો પરંપરાગત અને ચીલાચાલુ દૃષ્ટિબિન્દુ ધરાવતા હોય છે. તેઓ મુખ્યત્વે તેના વહીવટીતંત્ર અને ઇતિહાસ ઉપર ભાર આપે છે અને બહુ તો રાજાશાહી, બ્રહ્મદેય ગ્રામો તથા તેમની સભાઓ, અને મંદિરો વગેરેની સંરચના અને કાર્યોનો અભ્યાસ કરે છે. પરંતુ તેમના પૃથક્કરણમાં સામાજિક-આર્થિક સંસ્થાઓ, રાજ્યતંત્ર સાથેના તેમના સંબંધો વગેરેને કોઈ સ્થાન હોતું નથી. ટૂંકમાં, તેઓ રાજ્યતંત્રનો અભ્યાસ તેને તેના સમાજ અને અર્થતંત્રથી અલગ રાખીને કરે છે. તેઓ સામ્રાજ્યવાદી-રાજમાં કેન્દ્રવર્તી, સર્વસત્તાધીશ, નિરંકુશ રાજાશાહી: શક્તિશાળી નોકરશાહી: વગેરે ખ્યાલોથી અને મધ્યકાલીન રાજ્યો પણ આધુનિક રાજ્યનાં મૂળભૂત લક્ષણો ધરાવતાં હતાં તેવી માન્યતાથી દોરવાયેલાં હોય છે.

આની સામે એક નવું દૃષ્ટિબિન્દુ એ છે કે, મધ્યકાલીન દક્ષિણ ભારતીય રાજ્યતંત્રને સામાજિક તથા આર્થિક પરિપ્રેક્ષ્યમાં પણ નિહાળવું જોઈએ. આવું દૃષ્ટિબિન્દુ ધરાવનારાઓને મતે સામાજિક સંરચના, આર્થિક સંગઠન અને રાજકીય તંત્ર - એ ત્રણેય પરસ્પર સંકળાયેલાં હોય છે. તેઓ રાજ્યતંત્રના ઉદ્ભવમાં વિકાસ અને પરિવર્તનની પ્રક્રિયા ઉપર ભાર મૂકે છે તથા તેમાં બ્રહ્મદેય ગ્રામો અને મંદિરો જેવી સંસ્થાઓએ ભજવેલા ભાગની પણ છણાવટ કરે છે. તેમના આવા અભિગમને પરિણામે મધ્યકાલીન દક્ષિણ ભારતીય રાજ્યને કેન્દ્રવર્તી-રાજ્ય તરીકે ઓળખાવવાના પરંપરાગત ખ્યાલ સામે મોટો પડકાર ખડો થાય છે અને 'કેન્દ્રવર્તી-રાજ્ય'ની જગ્યાએ 'વિભાજિત-રાજ્ય'નો ખ્યાલ ઊભો થાય છે.

આ બે તદ્દન વિરોધી (એક છેડે સુસંગઠિત 'કેન્દ્રીય રાજ્ય' અને બીજે છેડે 'વિભાજિત રાજ્ય') દૃષ્ટિબિન્દુઓ વચ્ચેનો તફાવત મુખ્યત્વે સ્થાનિક સંસ્થાઓનું સ્વરૂપ, તેમને મળેલી સ્વાયત્તતાનું પ્રમાણ, તેમની ઉપર કેન્દ્ર સરકાર (કે રાજા)ના સીધા અંકુશનું સ્વરૂપ અને પ્રમાણ વગેરે મુદ્દાઓ ઉપર આધારિત થયેલો છે. પ્રથમ દૃષ્ટિબિન્દુ રાજ્યમાં સ્થાનિક સંસ્થાઓ હોવા છતાં બધા જ પ્રદેશો અને બધી જ સંસ્થાઓ ઉપર કેન્દ્ર સરકારનો સંપૂર્ણ અને અસરકારક અંકુશ હોવાનું માને છે; ત્યારે બીજું દૃષ્ટિબિન્દુ સ્થાનિક સંસ્થાઓને વધુમાં વધુ પ્રમાણમાં સ્વાયત્તતા હતી અને કેન્દ્ર સરકાર (કે રાજા)ને રાજધાનીના આજુબાજુના પ્રદેશ સિવાય રાજ્યમાં માત્ર નામનું જ સાર્વભૌમત્વ હતું તેમ માને છે.



પરંતુ હાલમાં ચોલ-રાજ્યના અભિલેખોના ઝીણવટભર્યા અભ્યાસને પરિણામે ઉપરના બે વિરોધી

છેડાઓનાં દષ્ટિબિન્દુઓ કરતાં જુદું જ, પરંતુ વધારે સ્વસ્થ, દષ્ટિબિન્દુ ઊપસવા પામ્યું છે. ચોલ-રાજ્યનાં અભિલેખોમાંથી એવો નિષ્કર્ષ તારવવામાં આવ્યો છે કે, ચોલ-રાજ્યના કેન્દ્રવર્તી શાસનતંત્રનો વિકાસ શરૂઆતના સ્વતંત્ર અને કૃષિ-સભાઓ દ્વારા શાસિત એવા કૃષિ-વિસ્તારોમાંથી થયો છે. ચોલ-રાજ્યે આ સ્વતંત્ર, સ્વાયત્ત કૃષિ-વિસ્તારોને પોતાના ચડિયાતા લશ્કરી બળ દ્વારા, તેમ જ વિવિધ સંસ્થાઓ દ્વારા અને ચડિયાતી વહીવટી વ્યવસ્થા દ્વારા પોતાના રાજ્યતંત્રમાં ભેળવી દીધા અને એમ 11મી સદી સુધીમાં સમગ્ર તામિલ-પ્રદેશમાં શક્તિ-શાળી કેન્દ્રવર્તી ચોલ-રાજ્યતંત્ર સ્થાપાઈ ગયું.

## 12.4 પેટા-પ્રાદેશિક રાજ્યતંત્રો (Sub-Regional Polities)

કાંચીના પલ્લવો અને મદુરાના પાંડ્યોના શાસન દરમ્યાન (ઈ.સ. 6ઠ્ઠીથી 9મી સદી) તામિલ-પ્રદેશમાં પલ્લવોના તાબા નીચે પાલર-ચૈયર ખીણપ્રદેશમાં અને પાંડ્યોના તાબા નીચે વૈગઈ-તામ્રપર્ણી ખીણપ્રદેશમાં, એમ બે પેટા પ્રદેશોમાં રાજ્યતંત્રોની સ્થાપના થઈ હતી. સ્વાભાવિક રીતે જ, આ રાજવંશોનાં રાજતંત્રોમાં તેમના સ્વામીઓના રાજ્યતંત્રોની અસર આવે જ. મૂળમાં પલ્લવોનાં રાજ્યતંત્ર ઉપર પણ તેમના એક વખતના સ્વામી સાતવાહનો (આંધ્ર પ્રદેશ)ની અસર હતી. (જુઓ, એકમ 11.2). સાતવાહનોના અસ્ત પછી પલ્લવોની સ્વતંત્ર રાજસત્તા સ્થપાઈ ત્યારે દક્ષિણમાં બ્રાહ્મણવાદી સામાજિક-રાજકીય વ્યવસ્થા અને ભૂમિ-દાન-પ્રધાન અર્થતંત્ર સ્થાપિત થવાની શરૂઆત થઈ હતી. પરિણામે જેમ જેમ પલ્લવ રાજ્યતંત્ર દક્ષિણમાં અને આંધ્ર-વિસ્તારમાં વિકાસ પામતું ગયું, તેમ તેમ તેણે, ખાસ કરીને તામિલ-પ્રદેશના ઉત્તર ભાગમાં, ગુપ્ત-કાલીન તથા અનુગુપ્તકાલીન સંસ્કૃત-તત્ત્વો દાખલ કર્યાં. આમ છતાં આ ઉત્તર તામિલનાડુ-પ્રદેશ (જે ટોંડાઈ-નાડુ તરીકે ઓળખાતો)નું રાજ્યતંત્ર ઉત્તરભારતના બ્રાહ્મણવાદી રાજ્યતંત્ર કરતાં સહેજ જુદું હતું. આ તફાવત આ પ્રદેશની ખાસ પ્રકારની કૃષિ-વ્યવસ્થાને કારણે આવ્યો હતો. અહીંની કૃષિ-વ્યવસ્થામાં સં મ-યુગ તરીકે (ઈ.સ. 1થી 3જી સદી) ઓળખાતા પ્રાચીન ઐતિહાસિક સમયથી કૃષિ- સંસ્થાઓનું વર્ચસ્વ રહ્યું હતું. પરિણામે, પલ્લવ-રાજ્યતંત્ર બ્રાહ્મણવાદી 'ધર્મશાસ્ત્રો'એ નિર્દેશેલા નમૂના પ્રમાણે રચાયેલું હોવા છતાં, તેના ઉત્તર ભારતીય-રાજાશાહી-સ્વરૂપમાં તામિલ પ્રદેશની વિશિષ્ટ પરિસ્થિતિઓને અનુરૂપ ફેરફારો અવશ્ય થયા હતા. તેમ છતાં પલ્લવો તામિલ પ્રદેશમાં બ્રાહ્મણવાદી-રાજાશાહી, બ્રહ્મદેય ગામો, દેવળ-સંસ્થા વગેરે તત્ત્વો દ્વારા પ્રાદેશિક-સંગઠનનાં નવાં સ્વરૂપો દાખલ કરવામાં આવે તો સફળ થયા જ. આ હકીકત તેમનાં તામ્રપત્રો (જે સંસ્કૃત અને તામિલ, એમ બંને ભાષાઓમાં લખાયેલાં છે)માં અને તેમણે પુરસ્કૃત કરેલા પૌરાણિક ધર્મ અને મંદિરોમાં સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે. આ ઉપરાંત પલ્લવોએ પણ, આ સમયના અન્ય રાજવંશોની જેમ, પોતાના રાજવંશને વિષ્ણુ અને અન્ય પૌરાણિક મહાપુરુષોમાંથી ઊતરી આવેલો દર્શાવીને સામાજિક માન્યતા તથા ગૌરવ પ્રાપ્ત કર્યાં હતાં. મદુરાના પાંડ્યોએ પણ આ જ પ્રકારનું રાજાશાહી-તંત્ર સ્થાપ્યું હતું અને તેઓ પણ પોતાના રાજવંશને શિવ (મહાદેવ)માંથી ઊતરી આવેલો ગણાવીને, પોતાને ચંદ્રવંશી તરીકે અને ઋષિ અગત્સ્યને પોતાના આદ્યગુરુ તરીકે ગણાવતા હતા.

પલ્લવો અને પાંડ્યો વચ્ચે તામિલ પ્રદેશના હાર્દ જેવા અત્યંત ફળદ્રુપ કાવેરી-ખીણના પ્રદેશ માટે સંઘર્ષો થયા કરતા. તેમણે પણ બ્રહ્મદેય ગ્રામો અને મંદિરોને કરાયેલાં ભૂમિ-અનુદાનો દ્વારા કૃષિ-વિકાસને તથા નાડુ કે કુર્રમના નામે ઓળખાતા (જુઓ એકમ 1.1 અને 1.2) કૃષિ- એકમોને મુખ્ય રાજ્યતંત્રમાં સંમિલિત કરવાની પ્રક્રિયાને ઉત્તેજન આપ્યું હતું.

### 'તમારી પ્રગતિ ચકાસો' - 1

1. દક્ષિણ-ભારતીય રાજ્યતંત્રનો અભ્યાસ કરવા માટે કયાં મુખ્ય ત્રણ દષ્ટિબિન્દુઓ છે ?

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

2. ઉત્તર તામિલનાડુના કૃષિ-સમાજનાં વિશિષ્ટ લક્ષણો કયાં છે ?

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

## 12.5 કૃષિ-વ્યવસ્થા અને રાજ્યતંત્ર (The Agrarian Order and Polity)

કૃષિ-વ્યવસ્થા અને રાજ્યતંત્ર વચ્ચેના સંબંધોને સમજવા માટે પહેલાં આ અંગેનાં જુદાં જુદાં પાસાંઓનો અભ્યાસ કરવો જરૂરી છે. એ માટે સૌથી પહેલાં આપણે નાડુથી શરૂઆત કરીશું.

### 12.5.1 નાડુ (The Nadu)

નાડુ એક પ્રકારનો કૃષિ-સમાજ હતો અને તે પલ્લવોની પણ પહેલાંના સમયથી અસ્તિત્વ ધરાવતો હતો. આ સમાજના ખેડૂત-સભ્યો એકબીજા સાથે લોહીના સંબંધે સંકળાયેલા હતા. તેની સઘળી ઉત્પાદન-પ્રક્રિયા ઉપર બધા જ ખેડૂત (વેલાલા) કુટુંબોના વડાઓની બનેલી નત્તર (નાડુ) નામની સભાનો અંકુશ હતો. મૂળમાં તો એક કુટુંબની જરૂરિયાતો પૂરી પડી રહે તેવાં નાનાં નાનાં ખેતરોના માલિક-કુટુંબોએ આર્થિક તથા સામાજિક કારણોસર એકઠાં થઈને આ કૃષિ-સમાજ(નાડુ)ની રચના કરેલી. હવે, મધ્ય યુગમાં પલ્લવો, પાંડ્યો અને ચોલોનાં શાસનો દરમ્યાન રાજાઓ તરફથી બ્રાહ્મણો અને મંદિરોને કરવામાં આવેલાં ભૂમિદાનો દ્વારા જુદા જુદા નાડુઓને એક વિશાળ તથા વ્યવસ્થિત કૃષિ-સંસ્થામાં સંગઠિત કરવાની પ્રક્રિયા શરૂ થઈ, જેમાંથી પ્રથમ પ્રાદેશિક તામિલ-રાજ્યતંત્રનો ઉદ્ભવ થયો. આ કૃષિ-સંસ્થામાં સિંચાઈ-કાર્યો કરવા ઉપર અને બ્રાહ્મણોની સભા દ્વારા તેના સંચાલન ઉપર વિશેષ ભાર મૂકવામાં આવતો. પરિણામે અગાઉના માત્ર જરૂર પૂરતું ઉત્પાદન કરતા નાડુઓ વધારાનું ઉત્પાદન કરતાં અર્થતંત્રોમાં ફેરવાઈ ગયા (જુઓ, એકમ 2.2.2). 'બ્રહ્મદેય' ગ્રામો તથા જમીનો, અને મંદિરોએ કૃષિ-સંગઠનમાં મદદ કરવાની સાથે સાથે આવકનાં સાધનોની હેરફેરના અને પુનર્વહેંચણીના સાધન તરીકે કાર્ય કરીને રાજકીય ભૂમિકા પણ અદા કરવા માંડી.

વળી, 'બ્રહ્મદેય' ગામો અને મંદિરો દ્વારા થયેલા કૃષિ-વિસ્તાર તથા કૃષિ-સંગઠનને કારણે તથા નવાં સિંચાઈ-કાર્યોને લીધે, નાડુના આંતરિક માળખામાં પણ પરિવર્તન આવ્યું. ભૂમિ-અધિકારો અને ભોગવટાઓ વધારે ગૂંચવણભર્યા બન્યા, ભૂમિ-સંબધો વિવિધ-સ્તરીય બન્યા તથા નેત્તરના બંધારણમાં પણ ફેરફારો થયા. તેના સામાજિક-માળખામાં અગાઉ જે આધાર હતો તે 'લોહીના સંબંધ'ની જગ્યા બ્રાહ્મણવાદી જ્ઞાતિઓ અને જ્ઞાતિ-દરજ્જાઓએ લીધી.

નાડુનો વિકાસ લોહીના સંબંધે સંકળાયેલા ખેત-એકમ તરીકે થયો હતો, તેમ છતાં તેમાં ખેત-ઉત્પાદન ઉપર વિવિધ પ્રકારના સામૂહિક-અંકુશો પ્રચલિત હતા. આ બાબત **કાની-અધિકારો** (અર્થાત્, જેનો દાન કે વેચાણ દ્વારા ફેરબદલો થઈ શકે તેવી જમીન ઉપરનો વંશપરંપરાગત

અધિકાર)માં જોઈ શકાય છે. નાડુમાં જમીન ઉપરના આવા અનેક પ્રકારના અધિકારો અસ્તિત્વ ધરાવતા હતા અને તેને 'બ્રહ્મદેય' તથા 'બિનબ્રહ્મદેય' વસાહતોએ તથા કુટુંબોએ નક્કી કરેલા અને સ્વીકારેલાં ધારાધોરણોની મર્યાદામાં રહીને ભોગવી શકાતા.

અગાઉના પરંપરાગત દૃષ્ટિબિન્દુવાળા અભ્યાસ-ગ્રંથોમાં નાડુ ઉપર કે તેના મહત્ત્વ ઉપર બહુ ધ્યાન આપવામાં આવ્યું નથી. વાસ્તવમાં, નાડુ ઘણીબધી સ્વાયત્તતા ભોગવતા અને તેથી જ મધ્યકાલીન દક્ષિણ ભારતીય રાજ્યોને કેટલાક વિદ્વાનો 'વિભાજિત' (લગભગ સ્વાયત્ત એવા નાડુઓમાં વહેંચાયેલા) અને 'કૃષિ-રાજ્યો' તરીકે ઓળખાવવાનું પસંદ કરે છે. તેમ છતાં નાડુઓનો અભ્યાસ તેને 'બ્રહ્મદેય', 'મંદિર-સંસ્થા' વગેરેથી અલગ તારવીને નહીં, પરંતુ તેમને સાથે રાખીને થવો જોઈએ. નાડુનો ખેતસંસ્થાના પાયાના એકમ તરીકે સ્વીકાર થવાને લીધે, ગ્રામ સમુદાય અપરિવર્તનશીલ જ હોય તે પુરાણી માન્યતા નિરર્થક બની જાય છે. હવે વિદ્વાનો વચ્ચે નાડુને કેટલી સ્વાયત્તતા હતી તથા તેની નત્તર સંસ્થા કેટલે અંશે સ્થિર હતી વગેરે વિષયો ચર્ચાના મુદ્દાઓ બન્યા છે. તે સાથે 'વિભાજિત રાજ્ય'નો ખ્યાલ અને તેની યોગ્યતા પણ વિદ્વાનોની ચર્ચાના વિષયો બન્યા છે.

## 11.5.2 બ્રહ્મદેય (The Bramadeya)

બ્રાહ્મણોને ભૂમિ-દાન આપવાની પ્રથા તો પરાપૂર્વથી ચાલી આવી છે ; પરંતુ માત્ર છઠ્ઠી સદીના અંત સમયથી તામિલ-પ્રદેશમાં ભૂમિદાને સંસ્થાગત સ્વરૂપ પ્રાપ્ત કર્યું ગણાય. બ્રાહ્મણોને ભૂમિ-દાન ગાદી ઉપરના રાજવંશ દ્વારા કરવામાં આવતાં અને તે મોટે ભાગે ઉજ્જડ અને બિનખેડવાણ રહેલી જમીનમાં અથવા તો નાડુ કે કોટ્ટયમ જેવી ચાલુ વસાહતોમાં બે કે વધારે વસાહતોને ભેગી કરીને, કરવામાં આવતાં. ભૂમિદાન લેનારા બ્રાહ્મણોએ ધીમે ધીમે સિંચાઈની તથા ઉત્પાદનના સ્રોતો અને સાધનોની યોગ્ય વ્યવસ્થા કરીને નવી સુધારેલી કૃષિ-પદ્ધતિઓ દાખલ કરી. પલ્લવો અને પાંડ્યોનાં રાજ્યોમાં જળ-સિંચાઈના વ્યવસ્થા બ્રાહ્મણોની 'સભા' દ્વારા જ કરવામાં આવતી. 10મી સદીથી, ખાસ કરીને ચોલોના શાસન દરમ્યાન, મોટા ભાગની 'બ્રહ્મદેય' વસાહતો સ્વતંત્ર એકમો (તેમને તાન-કુરુ કહેતા) જેવી બની ગઈ હતી. તેને કારણે તેમના આર્થિક તેમ જ વહીવટી અને રાજકીય મહત્ત્વમાં વધારો થયો હતો. સમકાલીન ગ્રંથોમાં તેમને ઘણી વખત "રાજસત્તાને ગતિશીલ બનાવનારા" તથા "રાજકીય ગતિવિધિઓના ક્ષેત્રને વિસ્તારનારા" તરીકે ગણવામાં આવ્યા છે.

સમય જતાં, બિનબ્રહ્મદેય વસાહતોની સભા ઉરની તુલનામાં 'બ્રહ્મદેય'ની બ્રાહ્મણ'સભા'નું મહત્ત્વ ઘણું વધ્યું હતું. ઉત્તરામેરુર (ચિંગલપુટ જિલ્લા) અને મનુર (તિરુનેલવેલી)ની બ્રહ્મસભાઓ આનાં જ્વલંત ઉદાહરણો છે. ઘણી વખત આ 'બ્રહ્મદેય' વસાહતો (તાન-કુટ્ટ)ની 'સભા'ને અન્ય કૃષિ-ઉત્પાદન કેન્દ્રો તથા ઉદ્યોગ-કેન્દ્રોનું નિરીક્ષણ કરવાનું કાર્ય પણ સોંપવામાં આવતું. તે ઉપરાંત આવી વસાહતોના કેન્દ્રમાં આવેલી મંદિર-વસાહત પણ તેના નિરીક્ષણ (બ્રાહ્મણ 'સભા')ના નિરીક્ષણ અને અંકુશ નીચે રહેતી. 'બ્રહ્મસભા' આ બધાં કાર્યો વરિયમ્‌ના નામે ઓળખાતી જુદી જુદી સમિતિઓ દ્વારા કરતી.

## 12.5.3 વલાનાડુ (Valanadu)

11મી સદીમાં, ચોલોના શાસનકાળ દરમ્યાન, જમીન-મોજણીનું તથા મહેસૂલની આકારણીનું કાર્ય નિયમિતપણે હાથ ધરવામાં આવતું. આ કામગીરી દરમ્યાન જ અમુક સંખ્યાના નાડુઓને ભેગા કરીને, નવા અને વધારે મોટા મહેસૂલી એકમો રચવાની પ્રક્રિયા શરૂ થઈ; તે જ રીતે અમુક નાડુના પેટા-વિભાગ પાડીને તેમાંથી વલાનાડુની રચના કરવામાં આવી. સામાન્ય રીતે વલાનાડુની રચના સિંચાઈની સગવડતાને ધ્યાનમાં રાખીને કરવામાં આવતી. તેને કારણે વલાનાડુની સરહદો આપોઆપ નદીનાળાં કે તળાવો જેવાં પાણીનાં સ્રોતોની સરહદોની સાથે મળી જતી. એક રીતે જોઈએ તો, વલાનાડુ એ પ્રાકૃતિક (કુદરતી) નહીં, પરંતુ કૃત્રિમ એકમો હતા, અને રાજસત્તા દ્વારા તેમની રચના ખાસ રાજકીય-આર્થિક હેતુઓસર કરવામાં આવી હતી, તેમ કહી શકાય. તેથી જ દરેક વલાનાડુને તેની રચના કરનારા રાજવીના નામ ઉપરથી નામ આપવામાં આવતું. તેની વ્યવસ્થા મુખ્યત્વે રાજ્યના મહેસૂલી વિભાગ (જે પુરવુ-વરી-તિનાઈકેલ્લમ કહેવાતો)ના હાથમાં રહેતી અને આ વિભાગમાં જ તેની મહેસૂલને લગતી સઘળી માહિતી સાચવી રાખવામાં આવતી. આ મહેસૂલી વિભાગ ચોલોના વહીવટી તંત્રનો સૌથી વધારે કાર્યદક્ષ વિભાગ હતો.

## 12.5.4 મંદિર-સંસ્થા (The Temple)

નવમી સદીથી મંદિરો સંસ્થાના રૂપમાં ફેરવાવાની શરૂઆત થઈ અને તેમ થતાં તે રાજસત્તા વધારવાનાં મહત્ત્વનાં સાધનો બન્યાં. ચોલોના શાસન દરમ્યાન તેમના કાર્યમાં તથા રાજકીય મહત્ત્વમાં પણ, સારો એવો વધારો થયો. તાંજાવુરના તથા ગાંગેયકોંડા ચોલપુરમ્નાં રાજ્યાશ્રિત મંદિરો આની સાક્ષી પૂરે છે. ચોલ-સમયમાં મંદિરોને રાજાઓ તરફથી મળતાં ભૂમિદાનો અને અન્ય રોકડ રકમો, જરઝવેરાત અને વિવિધ પ્રકારની ચીજ-વસ્તુઓના પુષ્કળ દાનોને કારણે; તથા તેમાં થાપણ તરીકે મૂકવામાં આવતા સોનાના વિપુલ જથ્થાને કારણે અને માતબર વેપારી સંસ્થાઓ (શ્રેણીઓ) તરફથી તથા વ્યક્તિગત વેપારીઓ તરફથી પણ તેને મળતી અનેક દુર્લભ અને કીમતી ચીજ-વસ્તુઓને કારણે; મંદિરો (ખાસ કરીને મોટાં મંદિરો)ની આર્થિક સમૃદ્ધિમાં ઘણો વધારો થયો હતો. સામાજિક દષ્ટિએ, મંદિરો ધાર્મિક વિધિઓ દ્વારા જુદી જુદી જાતિઓ અને વ્યવસાયિક જૂથોને વર્ણાશ્રમ-વ્યવસ્થામાં સમાવવાનું અતિ મહત્ત્વનું કાર્ય કરતાં. મંદિરોનો વહીવટ સભા, ઉર તથા નગરમ્ના હાથમાં રહેતો. આર્થિક સાધનોની પુનર્વ્યવસ્થાના કાર્યમાં મંદિરો 'બ્રહ્મદેય' વસાહતો કરતાં પણ વધારે અસરકારક નીવડ્યાં. તે જ રીતે મંદિરોનો વહીવટ તથા તેમનાં આર્થિક સંસાધનો નાડુની સીમાઓને ઓળંગી જતાં હોવાને કારણે 11મી સદીમાં ચોલ શાસકો તેમના દ્વારા રાજસત્તાનું કેન્દ્રીકરણ વધારે સારી રીતે સાધી શક્યા હતા. વળી, આ મંદિરો દ્વારા જ રાજસત્તા સ્થાનિક બાબતોમાં માથું મારી શકતી, કારણ, રાજ્યનાં અધિકારીઓ મંદિરને મળતાં 'દાનો' તથા મંદિરના ખર્ચ વગેરેની હિસાબી-તપાસ કરી શકતા અને જરૂર લાગે તો ખર્ચની વિગતોમાં પણ ફેરફાર કરી શકતા. ટૂંકમાં, મંદિર-સંસ્થા એ જાણે કે રાજસત્તાની પ્રતીક સમાન બની ગઈ હતી.

## 12.5.5 નગરમ્-બજારકેન્દ્ર (Nagaram : The Market Centre)

નગરમ્ એ વહીવટી તંત્રનું બીજું મહત્ત્વનું કેન્દ્ર હતું. ૭મી સદી સુધીમાં તેનો ઉદ્ભવ અને વિકાસ એક બજાર-કેન્દ્ર તરીકે જ થયો હતો અને વેપારીઓની સભા (નગરત્તર)ના હાથમાં જ તેનો વહીવટ હતો. પરંતુ કૃષિ-સમાજના વિકાસની સાથે જેમ જેમ તેની જરૂરિયાતો પણ વધતી ગઈ, તેમ તેમ લગભગ બધા જ નાડુઓમાં (ખેડૂતોની તથા 'બ્રહ્મદેય' અને અન્ય વસાહતોની વિનિમય-જરૂરિયાતોને પહોંચી વળવા માટે) આવાં નગરમ્ સ્થપાવાં લાગ્યાં. એક રીતે જોઈએ તો, નગરમ્ અને નાડુ પરસ્પર સહાયક પરિબળો જેવાં હતાં. નગરમ્ના મોટા ભાગના સભ્યો પાછા પોતે ખેડૂતો હતા, અને નગરમ્ દ્વારા તેઓ પોતાનાં ફાજલ કૃષિ-ઉત્પાદનોને વેપારના ક્ષેત્રમાં લાવતા. બીજી બાજુએ 'બ્રહ્મદેય'ની જેમ નગરમ્ પણ વિશિષ્ટ હોદ્દો ધરાવતું હતું અને નાડુ સાથેના સંબંધોમાં તે સારા પ્રમાણમાં સ્વાયત્તતા ભોગવતું હતું. ઘણી વખત નગરમ્ની રચના સમકાલીન રાજા કે રાજકુટુંબના કોઈ સભ્ય દ્વારા કરવામાં આવતી અને તેથી નગરમ્ના વહીવટકર્તાઓ મહેસૂલી (કરવેરા) બાબતમાં સીધા રાજા સાથે જ વાટાઘાટો કરતા તથા મહેસૂલની રકમ વગેરે નક્કી કરતા. તેઓ મંદિરના વહીવટમાં પણ ભાગ લેતા. આમ એક દષ્ટિએ બ્રહ્મદેય અને નગરમ્ બંને નાડુને કેન્દ્રીય રાજકીય પદ્ધતિના ક્ષેત્રમાં લાવવા માટે કારણભૂત બન્યા હતા અને તેમ કરીને તેઓ રાજસત્તાના કેન્દ્રીકરણની પ્રક્રિયામાં સહાયભૂત બન્યા હતા, તેમ જરૂર કહી શકાય.

૭માથી 12મી સદીઓ દરમ્યાન દક્ષિણમાં નગરમ્ એક સાંકળ જેવી વ્યવસ્થા ઊભી થઈ હતી. કાંચીપુરમ્ અને તાંજાવુર જેવાં રાજધાનીનાં શહેરો રાજસત્તાનાં કેન્દ્રો હોવાની સાથે આર્થિક પ્રવૃત્તિઓનાં પણ કેન્દ્રો બન્યાં હતાં. તેઓ માનગરમ્, અર્થાત્ મહા (કે મહાન) નગરમ્ કહેવાતાં. 10મી સદી સુધીમાં દક્ષિણ ભારત, શ્રીલંકા, અગ્નિએશિયા અને ચીન વચ્ચેના દક્ષિણ-એશિયાઈ વ્યાપારનું પુનરુત્થાન થવાને કારણે નગરમ્ની આ સંકલિત-વ્યવસ્થા આંતરપ્રાદેશિક-વ્યવસ્થામાં વિકાસ પામી. ચોલ રાજાઓએ આ વિકસતા એશિયાઈ-વ્યાપારને પોતાની શ્રીલંકા અને શ્રીવિજય (સુમાત્રા) ઉપરની નૌકા ચડાઈઓ દ્વારા તથા ચીનમાં વેપારી-પ્રતિનિધિ મંડળો મોકલવાની પ્રવૃત્તિ દ્વારા વધારે વેગ આપ્યો. આ ઉપરાંત તેમણે પોતાનાં વેપારી-મંડળો (શ્રેણીઓ)ને વ્યાપારી-શહેરો વસાવવાના તથા ત્યાં તેમને રક્ષણ આપવાનું વચન આપતા ખતપત્રો એનાયત કરીને તેમને વ્યાપારનો વિકાસ કરવાનું પ્રોત્સાહન આપ્યું. તેમનાં ગોદામોનો તથા **એરિવીરપટ્ટન** તરીકે ઓળખાતાં તેમનાં વિનિમય-કેન્દ્રોનો એક બાજુ નગરમ્ની સાથે, તથા બીજી બાજુ **મણિગ્રામમ્** જેવી નાની સ્થાનિક વેપારી-સંસ્થાઓ અને **અંજુવન્નમ્** જેવી વિદેશી-સંસ્થાઓ સાથે વેપારી-સંબંધ સ્થાપાયેલો હતો. તેઓ વિદેશોમાંથી આયાત થયેલી મોજશોખની અને સૌંદર્ય-પ્રસાધનોની

ચીજવસ્તુઓનો, તથા દક્ષિણ ભારતીય કાપડનો વેપાર કરતા. તેના બદલામાં તેઓ **ચિત્તિરમેલી પેરિયાનાડુ** પાસેથી કૃષિ-ઉત્પાદનો પ્રાપ્ત કરતા. 'ચિત્તિરમેલી' એ ચારેય વર્ણોના ખેડૂતોની બનેલી સંસ્થા હતી. તેનો ઉદ્ભવ તામિલ-પ્રદેશમાં થયો હતો અને 12મી સદીમાં તેની પ્રવૃત્તિઓ દક્ષિણ-કર્ણાટક તથા દક્ષિણ-આંધ્ર પ્રદેશ સુધી વિસ્તરી હતી.

**ડતમારી પ્રગતિ ચકાસો' - 2**

1. નાડુનું આંતરિક માળખું શા માટે અને કયા પ્રકારે બદલાયું ?

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

2. 'બ્રહ્મદેય'નું મહત્ત્વ કઈ રીતે વધ્યું ?

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

3. રાજ્યતંત્રમાં મંદિર-સંસ્થાએ અગત્યનું સ્થાન કઈ રીતે પ્રાપ્ત કર્યું ?

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

4. નગરમ્ કઈ રીતે આગળ પડતું બન્યું ?

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 12.6 કરવેરા (Taxation)

જોકે દક્ષિણ ભારતનાં રાજ્યો આપણે જોયું તેમ 'વિભાજિત રાજ્ય'ના ખ્યાલને બંધબેસતાં આવતાં હતાં અને તેવા રાજ્યમાં વ્યવસ્થિત કર-પદ્ધતિ ઊભી થઈ શકે નહીં, તેમ છતાં ચોલોના અભિલેખો ઉપરથી અહીં નિયમિત કર-વ્યવસ્થા ઊભી કરવામાં આવી હોય તેમ લાગે છે. રાજ્યમાં મુખ્ય કર જમીન-મહેસૂલ (જે **કદમ્મઈ** કહેવાતો)નો હતો અને તેનું ધોરણ બધા જ પ્રદેશો માટે એકસરખું હતું. તેવું જ જમીનને લગતા અન્ય નાના કરવેરાની બાબતમાં પણ હતું. રાજ્યના સ્થાનિક પ્રદેશોમાંથી ઉઘરાવેલા જમીન-મહેસૂલનો સંગ્રહ કરવાની તથા તેને સરકારી મુખ્ય મથકે લઈ જવાની વ્યવસ્થા વલાનાડુ, નાડુ તથા ઉર દ્વારા કરવામાં આવતી. અભિલેખોમાં કેન્દ્રીય અને સ્થાનિક બંને સ્તરે લેવાતા કરવેરાનાં નામો મળે છે. ખેતી સિવાયનાં અન્ય ક્ષેત્રોમાં કરવેરામાં સમયે સમયે વધારો કરવામાં આવતો જોવા મળે છે. કર ઉઘરાવવામાં સ્થાનિક અધિકારીઓનો વધારે ને વધારે પ્રમાણમાં ઉપયોગ થતો. તેઓ સ્થાનિક રિવાજ પ્રમાણે કર ઉઘરાવતા; આને કારણે કેન્દ્ર સરકારની કર ઉઘરાવવાની સમસ્યા ઘણી ઓછી થઈ જતી હશે તેમ લાગે છે. આ ઉપરાંત રાજ્ય વ્યાપાર-વાણિજ્યની પ્રવૃત્તિઓમાં તથા તેના વિકાસમાં રસ લેતું હોવાને કારણે એ ક્ષેત્રમાંથી પણ તેને સારી આવક થતી. રાજ્ય તરફથી બંદરોના વિકાસ ઉપર પણ પૂરતું ધ્યાન આપવામાં આવતું અને રાજ્યના અધિકારીઓ (કે રાજ્યે નિયુક્ત કરેલા પ્રતિનિધિઓ) બંદરો ઉપર કાળજીપૂર્વક જકાત વસૂલ કરતા. તેમ છતાં, વ્યાપાર-વાણિજ્યને ઉત્તેજન આપવા માટે રાજ્ય તરફથી અમુક ચીજવસ્તુઓ ઉપર લેવાતી જકાતોમાં છૂટછાટ મૂકવામાં આવતી અથવા તો તેને જકાતમાંથી સદંતર મુક્તિ આપવામાં આવતી.

## 12.7 નોકરશાહી (Bureaucracy)

વિદ્વાનો ચોલ-રાજ્યને સંપૂર્ણ કેન્દ્રવર્તી નોકરશાહીતંત્રવાળું રાજ્ય ગણે છે. જોકે, 'વિભાજિત રાજ્ય'ના ખ્યાલ સાથે આ બંધબેસતું થતું નથી (કારણ, 'વિભાજિત રાજ્ય'માં કેન્દ્ર સરકાર નિર્બળ અને તેનું નોકરશાહી-માળખું અવ્યવસ્થિત હોય છે), પરંતુ અભિલેખોમાંથી પ્રાપ્ત થતી માહિતી ઉપરથી અહીં કેન્દ્રીય તેમ જ સ્થાનિક-બંને સ્તરે અધિકારીઓનું વ્યવસ્થિત તંત્ર હોય તેમ લાગે છે. રાજ્યના મુખ્ય કર્મચારીઓના નામની આગળ લગાડાતો 'અધિકારી' શબ્દ તથા **મુવેન્ડાવેલન**નો હોદ્દો એ સૂચવે છે કે, ઓછામાં ઓછું મહેસૂલી વિભાગમાં તો અધિકારીઓનું ચડતા-ઊતરતા હોદ્દાઓવાળું વ્યવસ્થિત નોકરશાહી-માળખું હશે જ. વળી, લશ્કરી અને સનદી અધિકારીઓના ઊંચા તથા નીચા હોદ્દાઓ દર્શાવવા માટે **પેરુન્દરમ્** (ઊંચો હોદ્દો) અને **સિરુતરમ્** (નીચો હોદ્દો) જેવા શબ્દોનો ઉપયોગ થયેલો છે તે પણ અહીં વ્યવસ્થિત નોકરશાહી તંત્ર હોવાની સાક્ષી પૂરે છે. આ ઉપરાંત અભિલેખોમાં ઉદનકુટ્ટમ (રાજાની કચેરીમાં કામ કરતા અધિકારીઓ) તથા વિદૈયાલ (રાજ્યમાં ફરતા રહેતા અધિકારીઓ) જેવાં નામો મળે છે, જે પણ વ્યવસ્થિત નોકરશાહી-તંત્રનું સૂચન કરે છે. વળી, કેન્દ્ર સરકાર સ્થાનિક તંત્રો ઉપર **મંડલમુદલી, નાડુવગઈ** તથા મધ્યસ્થ જેવા અધિકારીઓ દ્વારા દેખરેખ રાખતી, તેવા પણ ઉલ્લેખો મળે છે. આ અધિકારીઓ વાસ્તવમાં કેન્દ્રીય વહીવટી તંત્ર અને સ્થાનિક તંત્રોને સાંકળતી કડીનું કાર્ય કરતા હતા, તેમ લાગે છે.

## 12.8 લશ્કરી તંત્ર (Military Organisation)

ચોલ-લેખોમાં 'નિયમિત લશ્કર' (અર્થાત્ રાજ્ય દ્વારા નક્કી કરાયેલાં ધારાધોરણો મુજબ ભરતી કરવામાં આવેલા સૈનિકોનું બનેલું લશ્કર) વિશે બહુ આધારભૂત ઉલ્લેખો મળતા નથી. જોકે પરંપરાગત માન્યતા એ છે કે, રાજ્ય પાસે તેનું પોતાનું લશ્કર હતું જ. પરંતુ દક્ષિણનાં રાજ્યો 'વિભાજિત' હતાં તેમ માનનારા વિદ્વાનો આ ખ્યાલને સ્વીકારતા નથી, કારણ, 'વિભાજિત રાજ્ય'ના સિદ્ધાંત પ્રમાણે રાજ્યનું લશ્કર કેન્દ્ર સરકાર દ્વારા ભરતી કરાયેલું શાહી લશ્કર નહીં, પરંતુ ખેડૂતોની, જ્ઞાતિ-જાતિઓની અને વ્યાપારી શ્રેણીઓની ટૂકડીઓનું બનેલું મિશ્ર લશ્કર હોય છે. તેમ છતાં, અભિલેખોમાં લશ્કરના વડાને તથા વ્યૂહાત્મક સ્થળોએ નંખાયેલી લશ્કરી

છાવણીઓને પણ અનુદાનમાં અપાયાં હોવાના ઉલ્લેખો છે, જે રાજ્ય પાસે તેનું શાહી લશ્કર હોવાનું સૂચન કરે છે. તે ઉપરાંત રાજ્યનાં દફતરોમાં લશ્કરી ટુકડીઓની જમણી તથા ડાબી પાંખો હોવાના ઉલ્લેખો મળે છે. વલઈક્કર તરીકે ઓળખાતી જમણી પાંખમાં ઊંચા-નીચા હોદ્દાઓના અધિકારીઓ હોવાના પણ ઉલ્લેખો મળે છે. જોકે રાજ્યના 'શાહી' લશ્કરને જરૂર પડયે સ્થાનિક જાતિઓના સરદારો તરફથી પણ લશ્કરી ટુકડીઓની મદદ મળી રહેતી હશે તેમ લાગે છે.



## 12.9 અંકુશ-વ્યવસ્થા (Structure of Control)

ચોલ-શાસનતંત્રે વહીવટી-અંકુશ માટે **'મંડલમ્ પદ્ધતિ'** અપનાવી હતી. રાજ્યના જુદા જુદા પ્રદેશોને મંડલમ્ કહેતા અને તે રાજ્યના રાજકીય સાંસ્કૃતિક એકમો જેવા હતા. દરેક મંડલમ્‌ને તેના રચનાર રાજાના નામ ઉપરથી નામ આપવામાં આવતું. વહીવટી-અંકુશની આ પદ્ધતિ ચોલરાજવી રાજરાજ 1લા (ઈ.સ. ૯85-1014)એ શરૂ કરી હતી. મહેસૂલી-મોજણી અને વલાનાડુ-પદ્ધતિ પણ તેણે જ શરૂ કરી હતી. ઉદાહરણ તરીકે, ટોંડઈમંડલમ્‌માં કોટ્ટમ્ જેવા જૂના ખેતવિસ્તારોને જેમના તેમ રહેવા દેવામાં આવ્યા, પરંતુ તેની સાથે નવા તાન-કુટુ દાખલ કરવામાં આવ્યા. ચોલમંડલમ્‌માં તથા પાસેના નદુવીલ-નાડુ કે ઉત્તરમાંના 'મંડલમ્'માં જૂની ઠકરાતોની જગ્યાએ વલાનાડુ દાખલ કરવામાં આવ્યા. તે જ રીતે વ્યૂહાત્મક સ્થળોએ તથા પડોશનાં કર્ણાટક સાથેના વ્યાપારી માર્ગો ઉપર લશ્કરી ટુકડીઓ મૂકવામાં આવી. પેટા-પ્રદેશો ઉપર શાસન કરવા માટે ચોલ-રાજકુમારોને તથા મંડલ-મુદલી (મંડલમ્‌નો વડો અધિકારી)ઓને નીમવામાં આવ્યા.

આ ઉપરાંત ચોલ-રાજ્યમાં વચલા (કેન્દ્ર અને સ્થાનિક સત્તાઓની વચ્ચેના) સ્તરે સામંતશાહી જાગીરદારોને તથા નાના સરદારોને રાખવામાં આવ્યા હતા. રાજ્ય તરફથી આવા જાગીરદારોને તથા સરદારોને લશ્કરી સેવાના કે વ્યાપારી સગવડતાના બદલામાં ઓછા-વધતા અંશે સ્વાયત્તતા આપીને તેમની સાથે શાસન વિશેની વ્યવસ્થા કરવામાં આવતી. સ્થાનિક અંકુશ માટે અમુક સરદારોને પહેલાં જીતી, તેમને ફરી વખત તેમના જ પ્રદેશોમાં પાછા મૂકવામાં આવતા; જ્યારે બીજા કેટલાકને નવા હોદ્દાઓ આપી રાજ્યની મુલકી કે લશ્કરી સેવામાં સમાવી લેવામાં આવતા.

## 12.10 દક્ષિણ ભારતીય રાજ્યતંત્રના વિચારસરણીય આધારો (Idelogical Bases of South Indian Polity)

પલ્લવો અને પાંડ્યોના સમયમાં દૈવી રાજવંશની, અર્થાત્ પૌરાણિક વીરપુરુષોમાંથી અને સૂર્ય કે ચંદ્રવંશમાંથી ઊતરી આવેલા રાજવંશની કથાઓએ રાજ્યતંત્રને મહત્ત્વનું વૈચારિક પરિબળ પૂરું પાડ્યું હતું. તે ઉપરાંત રાજાઓને મળેલો 'ક્ષત્રિય'નો હોદ્દો, બ્રાહ્મણોને તેમના દ્વારા છૂટે હાથે કરાયેલાં દાનો, પૌરાણિક ધર્મ અને ધાર્મિક ખ્યાલો વગેરે પણ રાજાશાહીના ટેકામાં અગત્યના વૈચારિક આધારો પૂરા પાડતા હતા.

ચોલ રાજાઓ તો પોતાને દૈવી રાજવંશ ઉપરાંત પ્રાચીન સમયના પ્રસિદ્ધ 'સંગમ' - ચોલના વારસદારો ગણાવતા હતા. તેમણે પોતાના સાર્વભૌમત્વને કાનૂની આધાર અપાવવા માટે પોતાના આ પરાક્રમી પૂર્વજોની ખાસ કરીને મંદિર-બાંધકામની પ્રવૃત્તિનો સહારો લીધો હતો. તે ઉપરાંત તેમણે વૈષ્ણવ અને શૈવપંથી તામિલ-સંતોએ પ્રબોધેલી 'ભક્તિ'ની વિચારસરણીને, મંદિરો બંધાવીને તથા મંદિરોમાં મૂર્તિપૂજા, ધાર્મિક વિધિઓ અને ક્રિયાકાંડો વગેરેને ઉત્તેજન આપીને, સવિશેષ લોકપ્રિય બનાવી હતી. મંદિરોમાં થતી ધાર્મિક વિધિઓ રાજદરબારની રાજકીય વિધિઓને ઘણી મળતી આવતી હતી અને તે રીતે તે રાજસત્તાને વધારે દૃઢ બનાવવાનું સાધન બનતી હતી. (આ ખ્યાલના વિવરણ માટે એકમ 4.2 પણ જુઓ)

**'તમારી પ્રગતિ ચકાસો' - 3**

1. ચોલ-રાજ્યમાં સુવ્યવસ્થિત નોકરશાહી તંત્ર હતું ? થોડાક અધિકારીઓનાં નામ આપો.

.........................................................................

.........................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

2. ચોલ શાસકો અને વહીવટી અંકુશ માટે કઈ પદ્ધતિ અપનાવી હતી ?

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

## 12.11 સારાંશ

આ એકમમાં નીચેના મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી :

- દક્ષિણ ભારતનો ક્ષેત્ર-વિસ્તાર (જે અત્યારના તામિલનાડુ, કેરળ અને દક્ષિણ કર્ણાટક તથા દક્ષિણ આંધ્ર પ્રદેશને આવરી લેતો હતો.)
- આ પ્રદેશોમાં 8મીથી 13મી સદીઓ દરમ્યાન રાજ્યતંત્રનું સ્વરૂપ.
- 'કેન્દ્રીય રાજ્ય' અને 'વિભાજિત રાજ્ય'ના ખ્યાલો તથા તે ખ્યાલો કેટલે અંશે ટકી શકે તેવા છે તેની ચર્ચા-ચકાસણી.
- કૃષિ તથા વ્યાપારી-સંકુલોનો વિકાસ તથા તેમનો વહીવટી અને નાણાકીય સત્તાઓનાં કેન્દ્રોના વિકાસ ઉપર પડેલો પ્રભાવ.
- સંસાધનોની ગતિશીલતાનું સ્વરૂપ અને તેમને અંકુશમાં રાખવા માટેનું તંત્ર.
- અને છેલ્લે, નવી ઉદ્ભવેલી રાજસત્તાને વૈચારિક આધાર પૂરો પાડવામાં મુખ્ય સામાજિક, આર્થિક તથા ધાર્મિક પરિબળોની ભૂમિકા.

## 12.12 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### 'તમારી પ્રગતિ ચકાસો' - 1

1. આ દષ્ટિબિન્દુઓમાં (i) ચીલાચાલુ કે પ્રણાલિકાગત દષ્ટિબિન્દુ, (ii) નવું દષ્ટિબિન્દુ, જે રાજ્યતંત્રને સામાજિક-આર્થિક પરિપ્રેક્ષ્યમાં નિહાળવા ઉપર ભાર મૂકે છે અને (iii) રાજ્યતંત્રના વિકાસને કેન્દ્રીકરણની દષ્ટિથી તપાસવાનું દષ્ટિબિન્દુ, એ ત્રણેયનો સમાવેશ થાય છે. (જુઓ, એકમ 12.3)
2. કૃષિ-સંગઠનો અને તેમનો પ્રભાવ - આ બે વિશિષ્ટ લક્ષણો હતાં. (જુઓ, એકમ 12.4)

### 'તમારી પ્રગતિ ચકાસો' - 2

1. 'બ્રહ્મદેય' અને મંદિર-સંસ્થા દ્વારા નાડુનું માળખું બદલાયું-નવાં સિંચાઈ-કાર્યોનો પણ તેમાં ફાળો-ભૂમિ-અધિકારો વિશેષ સંકુલ બન્યા - ભૂમિ-સંબંધો બહુ-સ્તરીય બન્યા (જુઓ, એકમ 12.5.1)

2. બ્રહ્મદેય સ્વતંત્ર એકમ બનતાં તેમનું આર્થિક તથા વહીવટી મહત્ત્વ વધ્યું (જુઓ, એકમ 12.5.2)
3. મહત્ત્વનાં ભૂમિ-દાનોને કારણે તથા વિવિધ પ્રકારનાં અન્ય કીમતી દાનોને કારણે, મંદિરોની આર્થિક સધ્ધરતા વધી - તેમના દ્વારા ચોલ-શાસકો સ્થાનિક બાબતોમાં માથું મારી શકતા-મંદિર એ રીતે રાજસત્તાનું પ્રતીક બન્યું (જુઓ, એકમ 12.5.4)
4. નગરમ્ બજાર-કેન્દ્ર તરીકે વિકાસ પામ્યાં - સમય જતાં આંતર-પ્રાદેશિક તથા દક્ષિણ-એશિયાઈ વ્યાપારનો વિકાસ થતાં નગરમ્નું મહત્ત્વ વધ્યું. (જુઓ, એકમ 12.5.5)

**'તમારી પ્રગતિ ચકાસો' - 3**

1. ચોલ શાસકોના શાસન નીચે ચડતા-ઊતરતા ક્રમવાળું નોકરશાહીતંત્ર હતું (જુઓ, એકમ 12.7)
2. ચોલ શાસકોએ મંડલમ્ નામના વહીવટી એકમો વિકસાવ્યા; ત્યાં શાસનકર્તા તરીકે રાજકુમારોને મૂક્યા - તે ઉપરાંત સ્થાનિક જાતિઓના સરદારોને પણ તેમના જ પ્રદેશોમાં શાસકો તરીકે નીમ્યા. (જુઓ, એકમ 12.9)

## 12.13 ચાવીરૂપ શબ્દો (Key Words)

**ચિત્તિરમેલી :** ચારેય વર્ણોના ખેડૂતોનું બનેલું કૃષિ-સંગઠન

**એરીવિરપત્તન :** ગોદામ અને ચીજવસ્તુઓનું વિતરણ-કેન્દ્ર

**કદમ્મઈ :** મુખ્ય જમીન-મહેસૂલ કર

**કોટ્ટમ :** ચરિયાણ તથા કૃષિ-વિસ્તાર

**મધ્યસ્થ :** સ્થાનિક અધિકારી તે જમીનને તથા અન્ય અનુદાનોને લગતી રાજ્યની આજ્ઞાઓ તથા હુકમનું તટસ્થ રીતે પાલન કરાવતો.

**મંડલમુદલી :** મંડલમ્નો વડો અધિકારી

**મંડલમ્ :** રાજ્યના પ્રાદેશિક એકમ માટે વપરાતો શબ્દ

**નાડુ :** ખેડૂતોની સભા અથવા સંસ્થા

**નાડુવકઈ :** નાડુની વ્યવસ્થા કરનાર અધિકારી

**પેરુન્દરમ્ :** અધિકારીઓનો ઊંચો હોદ્દો.

**પુરવુ-વરી-તિનઈક્કલમ્ :** મહેસૂલી દફતરો અંગેનું ખાતું

**સભા :** 'બ્રહ્મદેય' ગ્રામની બ્રાહ્મણ-સભા

**સિરુતરમ્ :** અધિકારીઓનો નીચો હોદ્દો

**તાન-કુરુ :** સ્વતંત્ર એકમ

**ઉર :** બીનબ્રહ્મદેય વસાહત અને તેની સભા

**વલાનાડુ :** ચોલ-શાસકોએ રચેલો કૃત્રિમ મહેસૂલી એકમ

**વિદૈયીલ અધિકારી :** દેશમાં ફરતા રહેતા અધિકારી

## કેટલાંક ઉપયોગી પુસ્તકો


Burton Stein : *Peasant State and Society in Medieval South India*, Delhi, 1980.

C. Minaxi : *Administration and Social Life under the Pallavas*, Madras, 1977.

D. N. Jha (Ed.) : *Federal Social Formation in Early India*, Delhi, 1987.

K. A. Nilakantha Shastri : *The Cholas*, Madras, 1975.

K. A. Nilakantha Shastri : *History of South India*, Delhi, 1984.

N. Karashima : *South Indian History and Society*, Delhi, 1984.

R. S. Sharma : *Indian Feudalism*, New Delhi, 1981.

Romila Thapar : *History of India, Vol. I*, New Delhi, 1993.

T. V. Mahalingam : *South Indian Polity*, Madras, 1955.

V. Subhavayala : *Political Geography of the Chola Country*, Madras, 1973.

Dr. R. C. Mazumdar (Ed.) : *Struggle for Empire Vol. V*, Bhartiya Vidya Bhavan, Bombay.

# નોંધ

નોંધ

# નોંધ